
# ભજનામૃત

(રામકબીર ભકત ભજન સંગ્રહ)



સંપાદક

શ્રી રામકબીર ભકતસમાજ

ૐ

# ભજનામૃત

(રામકબીર ભજન સંગ્રહ)

સંપાદક

## શ્રી રામકબીર ભક્તસમાજ

કબીર કહે કમાલકો, દો બાતાં શીખ લે ।
કર સાહેબકી બંદગી, ભૂખે કો કછુ દે ॥

# ..........આભાર..........

શ્રી રામકબીર ભકતસમાજ સાનએન્ટોનીઓ
ટેકસાસ કે જેમણે
આ પુસ્તક પ્રકાશિત કરવા
અંગે તેમજ વિતરણ કરવા માટેની
પરવાનગી આપવા બદલ તેઓનો
ખૂબ ખૂબ આભાર.

આ પુસ્તકનું માર્ગદર્શન આપનાર સ્યાદલાના
જયંતીભાઈ ડાહ્યાભાઈ ભકતનો પણ
આ તકે ખૂબ ખૂબ આભાર.

## અર્પણ

# ભજનામૃત

(રામકબીર ભકત ભજન સંગ્રહ)

## સ્વ. ભકત ડાહ્યાભાઈ ખુશાલભાઈ

સ્યાદલાના સ્મરણાર્થે

લિ.

ગં. સ્વ. શાંતાબેન ડાહ્યાભાઈ ભકત

તથા પરિવાર

સ્યાદલા.



સ્વ. ભકત ડાહ્યાભાઈ ખુશાલભાઈ



ગં. સ્વ. ભકત શાન્તાબેન ડાહ્યાભાઈ

**સ્વ. ખુશાલભાઈ દુર્લભભાઈ ભકત તથા સ્વ. વાલીબેન ખુશાલભાઈ ભકત**
**તથા**
**સ્વ. ભકત ડાહ્યાભાઈ ખુશાલભાઈ**
**પરિવાર**

કુ. સુરજ ચંદ્રવદન ભકત
કુ. આકાશ ચંદ્રવન ભકત
કુ. મેઘનાથ પ્રફુલભાઈ ભકત
કુ. અમીત પ્રફુલભાઈ ભકત
કુમારી હીતા પ્રફુલભાઈ ભકત

કુ. સાવન શશીકાન્ત ભકત
કુમારી પૂનમ શશીકાન્ત ભકત
કુમારી ચાંદની શશીકાન્ત ભકત
કુ. પ્રિતેશ પ્રકાશભાઈ ભકત
કુ. પાયલબેન પ્રકાશભાઈ ભકત

ગં. સ્વ. શાન્તાબેન ડાહ્યાભાઈ ભકત
શ્રી ચંદ્રવદન ડાહ્યાભાઈ ભકત
શ્રીમતી તારાબેન ચંદ્રવદન ભકત
શ્રી પ્રફુલભાઈ ડાહ્યાભાઈ ભકત
શ્રીમતી જોશનાબેન પ્રફુલભાઈ ભકત
શ્રી શશીકાન્ત ડાહ્યાભાઈ ભકત
શ્રીમતી હેમલત્તાબેન શશીકાન્ત ભકત
શ્રી પ્રકાશભાઈ ડાહ્યાભાઈ ભકત
શ્રીમતી પરિમલાબેન પ્રકાશભાઈ ભકત
સ્વ. નાથુભાઈ ખુશાલભાઈ ભકત
સ્વ. દૂધીબેન નાથુભાઈ ભકત
શ્રી પ્રભુભાઈ નાથુભાઈ ભકત
અ.સૌ. સુમિત્રાબેન પ્રભુભાઈ ભકત
શ્રી નરેન્દ્રભાઈ પ્રભુભાઈ ભકત

દક્ષાબેન ઘનજીભાઈ ભકત
ગં. સ્વ. કમળાબેન ઠાકોરલાલ ભકત
શ્રી રણછોડભાઈ ખુશાલભાઈ ભકત
અ.સૌ. લક્ષ્મીબેન રાણછોડભાઈ ભકત
સ્વ. કાંતુભાઈ રણછોડભાઈ ભકત
ગં.સ્વ. પુષ્પાબેન કાંતુભાઈ ભકત
શ્રી હિતેન્દ્રભાઈ કાંતુભાઈ ભકત
અ.સૌ. શીલાબેન હિતેન્દ્રભાઈ ભકત
આદર્શકુમાર હિતેન્દ્રભાઈ ભકત
પ્રિયંકાબેન હિતેન્દ્રભાઈ ભકત
જિજ્ઞાષાબેન ઋતુરાજ ભકત
સ્વ. રમેશભાઈ રણછોડભાઈ ભકત
ઉષાબેન રમેશભાઈ ભકત
અરુણાબેન મોહનભાઈ ભકત

સર્વેના સ્નેહભર્યા રામકબીર.

## અનુક્રમણિકા


| પદ.નં. | રાગ. | ભજનનું નામ | પાન |
|---|---|---|---|
| ૧. | મંગલાચરણ. | ઓ ઈશ્વર ભજીએ તને.................................... | ૧ |
| ૨. | કબીરજીની સાખી | સાખી.................................................... | ૨ |
| ૩. | તુલસીદાસજીની સાખી | સાખી.................................................... | ૩ |
| ૪. | ગોડી | શ્રી ગુરુને પાયે.............................................. | ૪ |
| ૫. | ગોડી | બહુત ભલો હે ભાઈ.......................................... | ૪ |
| ૬. | ગોડી | કાહેન મંગલ ગાયે.......................................... | ૪ |
| ૭. | ગોડી | ભકિત સત્ગુરુએ આની....................................... | ૫ |
| ૮. | ગોડી | ઐસે હી બની આઈ........................................... | ૫ |
| ૯. | ગોડી | ગૌચારી ઘર આવે............................................ | ૫ |
| ૧૦. | આરતી | આરતી હો દેવ શિરોમણિ..................................... | ૬ |
| ૧૧. | આરતી | આરતી કીજે નરસિંહ પ્રભુની................................. | ૬ |
| ૧૨. | આરતી | આરતી કીજે રાજા રામચંદ્ર રીઝે.............................. | ૭ |
| ૧૩. | આરતી | શ્રી પદ્મનાભ પરિબ્રહ્મ........................................ | ૭ |
| ૧૪. | બેઠકના પદો | જોને વિચારી તું જીવડા....................................... | ૮ |
| ૧૫. | બેઠકના પદો | મારું મન રમતા............................................. | ૯ |
| ૧૬. | બેઠકના પદો | જનુની જીવો રે ગોપીચંદની.................................. | ૯ |
| ૧૭. | બેઠકના પદો | ભુલ્યો મન ભમરા તું કયાં.................................... | ૧૦ |
| ૧૮. | બેઠકના પદો | આનંદ મંગલ કરું આરતી..................................... | ૧૦ |
| ૧૯. | બેઠકના પદો | મારી નાડ તમારે હાથ......................................... | ૧૦ |
| ૨૦. | બેઠકના પદો | અમને અંત સમયે લેવા...................................... | ૧૧ |
| ૨૧. | બેઠકના પદો | ભજો મન રે પંખીડા.......................................... | ૧૧ |
| ૨૨. | બેઠકના પદો | ગુરુ બિના કૌન બતાવે બાટ.................................. | ૧૨ |
| ૨૩. | બેઠકના પદો | અખીલ બ્રહ્માંડમાં એક તું.................................... | ૧૨ |
| ૨૪. | બેઠકના પદો | ઉઠ જાગ મુસાફિર............................................ | ૧૩ |
| ૨૫. | બેઠકના પદો | જુનુ તો થયું રે દેવળ......................................... | ૧૪ |
| ૨૬. | બેઠકના પદો | બોલમા બોલમા.............................................. | ૧૪ |
| ૨૭. | બેઠકના પદો | નહીં રે વિસારુ હરિ.......................................... | ૧૪ |
| ૨૮. | બેઠકના પદો | મુખડાની માયા લાગી........................................ | ૧૫ |
| ૨૯. | બેઠકના પદો | મંગલ મંદિર ખોલો.......................................... | ૧૫ |
| ૩૦. | બેઠકના પદો | જેને રામ રાખે............................................... | ૧૬ |
| ૩૧. | બેઠકના પદો | તરણા ઓથે ડુંગર રે.......................................... | ૧૬ |
| ૩૨. | બેઠકના પદો | મુરખો રળી રળી કમાણો..................................... | ૧૭ |
| ૩૩. | કલ્યાણના પદો | સંત સમાગમ કીજે રે ભાઈ.................................. | ૧૭ |
| ૩૪. | કલ્યાણના પદો | હરિકો ભજન કરે............................................. | ૧૭ |

| | | | |
|---|---|---|---|
| ૩૫. | કલ્યાણના પદો | તુમ કીર નાવ લઈ.......................................... | ૧૮ |
| ૩૬. | કલ્યાણના પદો | પગ ધોઈ નાવ પધારો...................................... | ૧૮ |
| ૩૭. | કાફી. | સાધુ કી સંગત પાઈ........................................ | ૧૮ |
| ૩૮. | કાફી | સાધુજનનો સંગ રે.......................................... | ૧૯ |
| ૩૯. | કાફી | પ્રભુજી વિશે લાગ્યો મને.................................... | ૧૯ |
| ૪૦. | કાફી | દર્દ ન જાણે કોઈ........................................... | ૧૯ |
| ૪૧. | કાફી | કોણ કરે જંજાલ............................................ | ૧૯ |
| ૪૨. | કાલેરો | વૈષ્ણવ જન તો તેને કહીએ................................. | ૨૦ |
| ૪૩. | કાલેરો | ભુતળ ભકિત પદારથ મોટું.................................. | ૨૦ |
| ૪૪. | કાલેરો | નારાયણનું નામ જ લેતા.................................... | ૨૧ |
| ૪૫. | કાલેરો | આજ વૃન્દાવન આનંદ....................................... | ૨૧ |
| ૪૬. | કાલેરો | સાંભળ રે શ્યામળિયા વ્હાલાં................................ | ૨૧ |
| ૪૭. | કાલેરો | શા માટે શ્યામળિયો વ્હાલા.................................. | ૨૨ |
| ૪૮. | કાલેરો | નુગરા જનનો સંગ.......................................... | ૨૨ |
| ૪૯. | કાલેરો | પોત પોતાનું ઘર જાણવું.................................... | ૨૩ |
| ૫૦. | કાલેરો | હું તને પૂછું મારી........................................... | ૨૩ |
| ૫૧. | કાલેરો | પ્રાણ થકી મને............................................. | ૨૩ |
| ૫૨. | કાલેરો | આજ સોનાનો સૂરજ......................................... | ૨૪ |
| ૫૩. | મારુ | આવ્યા રે આશ ભર્યા....................................... | ૨૪ |
| ૫૪. | મારુ | રૂડું રે રમતા................................................ | ૨૫ |
| ૫૫. | બિહાગ | ચલના રે મેરે ભાઈ.......................................... | ૨૫ |
| ૫૬. | બિહાગ | ઘર કર દરિયા માહી........................................ | ૨૫ |
| ૫૭. | બિહાગ | તુમ ઘર જાઓ મેરે વીર..................................... | ૨૬ |
| ૫૮. | બિહાગ | બાજત યમુના તીર.......................................... | ૨૬ |
| ૫૯. | બિહાગ | હરિને મનાવી ઘર લાવે..................................... | ૨૬ |
| ૬૦. | સોરઠ | ગિરધર પ્રીતમ પ્યારો....................................... | ૨૬ |
| ૬૧. | સોરઠ | ખેલે રાત અંધારી........................................... | ૨૭ |
| ૬૨. | સોરઠી | નહીં આવ્યા રે નહીં આવ્યા................................ | ૨૭ |
| ૬૩. | સોરઠી | દેખી દેખી શ્રી રામજી કો રૂપ............................... | ૨૮ |
| ૬૪. | સોરઠી | મને કાનજી જોયાના......................................... | ૨૮ |
| ૬૫. | કેદારાની સાખી | કેદારો જબ કીજીયે.......................................... | ૨૯ |
| ૬૬. | કેદારાની સાખી | ધન ધન રે ગોકુલિયું ગામ.................................. | ૨૯ |
| ૬૭. | કેદારાની સાખી | તમે કેમ આવ્યા............................................ | ૨૯ |
| ૬૮ | થાળના પદો | આરોગો નૃસિંહ મહાપ્રભુ.................................... | ૩૦ |
| ૬૯. | થાળના પદો | આરોગો રઘુવીર મહાપ્રભુ.................................. | ૩૦ |
| ૭૦. | થાળના પદો | ભોજન કીજીયે ભાવતા..................................... | ૩૦ |

| | | | |
|---|---|---|---|
| ૭૧. | ધનાશ્રી | હરિ તારા બાનાની પતરાખ........................................ | ૩૧ |
| ૭૨. | ધનાશ્રી | વૃંદાવનમાં રમત માંડી........................................ | ૩૧ |
| ૭૩. | સામેરી | મેલી નવ જાસો રે........................................ | ૩૨ |
| ૭૪. | સામેરી | જુવાનીને દહાડે........................................ | ૩૨ |
| ૭૫. | સામેરી | ગોકુળિયું ગામ રે........................................ | ૩૩ |
| ૭૬. | સામેરી | રૂડી ને રસાળી રે........................................ | ૩૩ |
| ૭૭. | સામેરી | દ્વારીકાના વાસી રે........................................ | ૩૩ |
| ૭૮. | સામેરી | વાતલડી કરતાં રે........................................ | ૩૪ |
| ૭૯ | પંચમ | રાતલડી રમીને રે........................................ | ૩૫ |
| ૮૦. | પંચમ | મનષા દેહનું ટાણુ રે........................................ | ૩૬ |
| ૮૧. | પંચમ | ઓધવને કેજો રે........................................ | ૩૭ |
| ૮૨. | પંચમ | દિવેલ ખુટયું રે........................................ | ૩૮ |
| ૮૩. | ચરચરી | ઘડી રે ઉપર ઘડીયારા વાગે........................................ | ૩૯ |
| ૮૪. | ચરચરી | જોબનીયાના જોરે........................................ | ૩૯ |
| ૮૫. | વિભાસ | આયો મો રે અંગના........................................ | ૪૦ |
| ૮૬. | હાલેરું | સંસારરૂપી પારણું........................................ | ૪૦ |
| ૮૭. | હાલેરું | જ્ઞાન સ્વરૂપ તું આત્મા........................................ | ૪૨ |
| 325 ✓ ૮૮. | પ્રભાત | એક ઘડી દિન ઉગ્યા........................................ | ૪૪ |
| 327 ✓ ૮૯. | પ્રભાત | પ્રાતઃ સમે કૌશલ્યા........................................ | ૪૫ |
| 340 ✓ ૯૦. | પ્રભાત | ભોળી રે ભરવાડણ........................................ | ૪૫ |
| 342 ✓ ૯૧. | પ્રભાત | જાગને જાદવા........................................ | ૪૬ |
| 343 ✓ ૯૨. | પ્રભાત | રાત રહે જાહરે........................................ | ૪૬ |
| 354 ✓ ૯૩. | પ્રભાત | રામ સભામાં અમે રમવાને........................................ | ૪૭ |
| 356 ✓ ૯૪. | પ્રભાત | અખિલ બ્રહ્માંડમાં એક તું........................................ | ૪૭ |
| ૯૫. | દેવગંધાર પ્રભાત | શાને હીંડો ભમતા........................................ | ૪૮ |
| ૯૬. | દેવગંધાર પ્રભાત | ઘેલી કીધી રઘુનાથ........................................ | ૪૮ |
| ૯૭. | દેવગંધાર પ્રભાત | સીતા કોણે હરી........................................ | ૪૯ |
| ૯૮. | દેવગંધાર પ્રભાત | ભુલી મોતીનો હાર........................................ | ૪૯ |
| ૯૯. | દેવગંધાર પ્રભાત | જમુનામેં જઈ પડયો........................................ | ૪૯ |
| ૧૦૦. | બિલાવલ | તુમજો દયાલ મોંસે બહુત........................................ | ૫૦ |
| ૧૦૧. | બિલાવલ | જેને બાનું શામળિયાનું........................................ | ૫૦ |
| ૧૦૨. | બિલાવલ | તુમ મેરી પ્રભુતા........................................ | ૫૧ |
| ૧૦૩. | નાની આશાવરી | જેને બાનુ શામળિયાનું........................................ | ૫૧ |
| 407 ✓ ૧૦૪. | નાની આશાવરી | રામરાય મનકી આશા........................................ | ૫૧ |
| 408 ✓ ૧૦૫. | નાની આશાવરી | રામરાય આદી ચાકર તેરા........................................ | ૫૧ |
| 409 ✓ ૧૦૬. | નાની આશાવરી | રાજા રામ જપો મેરે ભાઈ........................................ | ૫૨ |

| | | | |
|---|---|---|---|
| ૧૦૭. | નાની આશાવરી | કયો ચમકાવે નૈના.................................... | ૫૨ |
| 406 ✓ ૧૦૮. | નાની આશાવરી | કબીરા હરિ રંગ લાગાહો.................................... | ૫૩ |
| 419 ✓ ૧૦૯. | નાની આશાવરી | દેહડી થશે મિટ્ટી.................................... | ૫૩ |
| ૧૧૦. | સારંગ | રામકો નિત કીજે.................................... | ૫૩ |
| 421 ✓ ૧૧૧. | સારંગ | રામ ભજન વિસરી હો ગયા.................................... | ૫૪ |
| ૧૧૨. | સારંગ | મંદિર દેખ ડરે.................................... | ૫૪ |
| ૧૧૩. | સારંગ | ગોવિંદ નામ ધર્યો.................................... | ૫૪ |
| ૧૧૪. | વસંત | નહીં છાંડુ બાવા.................................... | ૫૫ |
| ૧૧૫. | વસંત | ચલ ચલ ભમરા.................................... | ૫૬ |
| ૧૧૬. | વસંત | માધુ મોહ મૃગ માર્યો.................................... | ૫૬ |
| ૧૧૭. | વસંત(નાનો) | અઘટ વસંત ઘટત.................................... | ૫૬ |
| ૧૧૮. | વસંત(નાનો) | આરતી રૂડી મારા.................................... | ૫૭ |
| ૧૧૯. | વસંત(નાનો) | આવો મારા વ્હાલા.................................... | ૫૭ |
| ૧૨૦. | વસંત(નાનો) | કહો કેમ વસીએ.................................... | ૫૮ |
| ૧૨૧. | વસંત(નાનો) | વસંત વધાવવા ચાલો.................................... | ૫૮ |
| ૧૨૨. | વસંત(નાનો) | પ્રથમ વસંતપંચમી.................................... | ૫૮ |
| ૧૨૩. | વસંત(ધનાશ્રી) | મન ખેલો વિમલ વસંત.................................... | ૫૯ |
| ૧૨૪. | ધુમાર | અવિનાશી દુલ્હા.................................... | ૫૯ |
| ૧૨૫. | ધુમાર | રઘુનાથ પધારે જાનીયે.................................... | ૬૦ |
| ૧૨૬. | રંગ રસિયો | રંગ રસિયો હોળી ખેલવા રે.................................... | ૬૨ |
| ૧૨૭. | રાયસો | રઘુવર રાજ કુમાર.................................... | ૬૬ |
| ૧૨૮. | ગરબી | નંદકુંવર કેડે પડયો.................................... | ૬૭ |
| ૧૨૯. | ગરબી | લોક રસિયા રે.................................... | ૬૭ |
| 534 ✓ ૧૩૦. | રામનવમીના પદો | નોમી કે દીન નોબત.................................... | ૬૭ |
| 535 ✓ ૧૩૧. | રામનવમીના પદો | ચૈત્ર માસ નોમી અજવાળી.................................... | ૬૮ |
| 538 ✓ ૧૩૨. | રામનવમીના પદો | આજ ચલો દશરથ ઘર.................................... | ૬૮ |
| ૧૩૩. | હિંડોળા(મલાર) | ભકિત હિંડોળેના રે.................................... | ૬૯ |
| ૧૩૪. | હિંડોળા(મલાર) | ભર્મ હિંડોળેના રે.................................... | ૬૯ |
| ૧૩૫. | હિંડોળા(મલાર) | ચર્મ હિંડોળેના રે.................................... | ૭૦ |
| ૧૩૬. | હિંડોળા(સામેરી) | હાનીહાંરે સુભગ સાવન.................................... | ૭૦ |
| ૧૩૭. | હિંડોળા(સામેરી) | હનીહાંરે સાવન સુદ ત્રીજ.................................... | ૭૦ |
| ૧૩૮. | હિંડોળા(સામેરી) | હનીહાંરે ગીરધરલાલ.................................... | ૭૧ |
| ૧૩૯. | હિંડોળા(સામેરી) | હનીહાંરે કુંજ ભુવન.................................... | ૭૧ |
| ૧૪૦. | હિંડોળા(ઋષિકેશ) | રંગ હિંડોળેના રે.................................... | ૭૨ |
| ૧૪૧. | હિંડોળા(ઋષિકેશ) | ઝુલત શ્યામ.................................... | ૭૨ |
| ૧૪૨. | હિંડોળા(મલારછપ્પે) | સરસ હિંડોળાના રે માં હી.................................... | ૭૩ |

| | | | |
|---|---|---|---|
| ૧૪૩. | હિંડોળા(મલારછપ્પે) | જગત હિંડોળે નાર.............................................. | ૭૩ |
| ૧૪૪. | હિંડોળા(કાલેરો) | પરમ ચતુર ઝુલે.............................................. | ૭૪ |
| ૧૪૫. | હિંડોળા(કાલેરો) | હિંડોળે હિચે રે.............................................. | ૭૪ |
| ૧૪૬. | હિંડોળા(કાલેરો) | જુગ જીવન જશોદાના કુંવર.............................................. | ૭૫ |
| ૧૪૭. | હિંડોળા(કાલેરો) | આજ હરિ હિંડોળે બેઠા.............................................. | ૭૫ |
| ૧૪૮. | હિંડોળા(સામેરી સજની) | સજની જઈએ રે.............................................. | ૭૬ |
| ૧૪૯. | હિંડોળા(સામેરી સજની) | સજની જુઓ નાથ નિહાળી.............................................. | ૭૬ |
| ૧૫૦. | હિંડોળા(મેવાડો) | આજનો હિંડોળે બેઠા.............................................. | ૭૭ |
| ૧૫૧. | વધાઈ(જન્મ સમાની) | દેખ હો વસુદેવ.............................................. | ૭૭ |
| ૧૫૨. | વધાઈ (જન્મ સમાની) | સોનલા કેરૂ રે.............................................. | ૭૮ |
| ૧૫૩. | વધાઈ (જન્મ સમાની) | નીરખો નંદકુમાર નેન ભરી.............................................. | ૭૮ |
| ૧૫૪. | ઢાઢીઓ(મારુ) | ઢાઢીઓ રઘુનંદનજી કો.............................................. | ૭૯ |
| ૧૫૫. | વિજયા દશમીના પદો | કોન દિશાસે આવ્યો.............................................. | ૮૦ |
| ૧૫૬. | વિજયા દશમીના પદો | કોપે ચઢયા રઘુવીર.............................................. | ૮૧ |
| ૧૫૭. | પંચ અધ્યાયનો રાસ | શ્રી ગુરુને ચરણે નમુ.............................................. | ૮૧ |
| ૧૫૮. | પંથીડા | પંથ નીહાળતી રે હાં.............................................. | ૯૧ |
| ૧૫૯. | પંથીડાં | વન વન શોધતી રે.............................................. | ૯૨ |
| ૧૬૦. | ગરબીના પદો | મારી શેરીએ આવો શામળીયા.............................................. | ૯૩ |
| ૧૬૧. | ગરબીના પદો | આજનો લ્હાવો લીજીએ રે.............................................. | ૯૩ |
| ૧૬૨. | અધ્યારૂજીના પદો | સ્વામી મારા આદિ.............................................. | ૯૪ |
| ૧૬૩. | વેદ પુરાણ | હરિ હરિ વેદ પુરાણ.............................................. | ૯૬ |
| ૧૬૪. | સોરંગીનું પદ | જી રે સરસ્વતી સ્વામી.............................................. | ૯૮ |
| ૧૬૫. | વિવાહના પદો | જી રે પગરણે.............................................. | ૧૦૦ |
| ૧૬૬. | (ધોળ) | ગંગા જમુનાના નીર.............................................. | ૧૦૧ |
| ૧૬૭. | (ધોળ) | રાધાજી રે ઘણાં હરખીયાજી.............................................. | ૧૦૧ |
| ૧૬૮. | (ધોળ) | ગોકુળમાં એક નંદજીનું.............................................. | ૧૦૨ |
| ૧૬૯. | (ધોળ) | સતગુરુજી રે લગન લઈ.............................................. | ૧૦૨ |
| ૧૭૦. | (ધોળ) | ગુરુ ચરણે કર જોડી.............................................. | ૧૦૩ |
| ૧૭૧. | (ધોળ) | પ્રભુજી વિના મારે.............................................. | ૧૦૪ |
| ૧૭૨. | (ધોળ) | હું તો હરજી જોવાને.............................................. | ૧૦૫ |
| ૧૭૩. | (ધોળ) | જી રે આરે લીલા દિનાનાથ.............................................. | ૧૦૫ |
| ૧૭૪. | (ધોળ) | તું તો રામ રટણ કર.............................................. | ૧૦૫ |
| ૧૭૫. | (ધોળ) | સતગુરુ સહાય કરો એક.............................................. | ૧૦૬ |
| ૧૭૬. | મંગલના પદો | અખંડ સાહેબજી કો નામ.............................................. | ૧૦૭ |
| ૧૭૭. | મંગલના પદો | મનષા દેહી પાઈ.............................................. | ૧૦૬ |

| | | | |
|---|---|---|---|
| ૧૭૮. | મંગલના પદો | જીવ તું કહાંસે આવ્યો | ૧૦૭ |
| ૧૭૯. | મંગલના પદો | હરિ ને ભજતા હજી | ૧૦૮ |
| ૧૮૦. | એકાદશી | જીરે એકાદશી મધૂ સુદની | ૧૦૮ |
| ૧૮૧. | એકાદાશી | રૂકમણી લખી કાગળ | ૧૦૯ |
| ૧૮૨. | જનકનો માંડવો | રાજા જનકને માંડવે | ૧૦૯ |
| ૧૮૩. | મંગલ | જીરે સખીઓ તે સરવે | ૧૧૦ |
| ૧૮૪. | ધોળ | એના વિરલા કોઈ | ૧૧૧ |
| ૧૮૫. | અંતિમ સમયના પદો | કહે ભાઈ રૂડુ તે શું કર્યું | ૧૧૨ |
| ૧૮૬. | પધરામણી | આવુ રૂડુને રસાળુ રે | ૧૧૨ |
| ૧૮૭. | પ્રભાતીયા | દશરથ રાય વાણી | ૧૧૩ |
| ૧૮૮. | પ્રભાતીયા | પ્રભાતે દાસી ઉઠયા | ૧૧૪ |
| ૧૮૯. | પ્રભાતીયા | વનફુળ અંગે ધર્યો | ૧૧૪ |
| ૧૯૦. | પ્રભાતીયા | પંચવટીમાં જઈ રહ્યા | ૧૧૫ |
| ૧૯૧. | અંતિમ સમયના પદો | નોતરું મારે નારાયણ | ૧૧૬ |
| ૧૯૨. | અંતિમ સમયના પદો | સ્વર્ગ ભુવનથી ઉતરીયા | ૧૧૬ |
| ૧૯૩. | આરતી | શ્રી રામકબીર ભગવાન | ૧૧૭ |
| ૧૯૪. | વધામણાં | નંદ ઘેર આનંદ થાય | ૧૧૭ |
| ૧૯૫. | બેઠકના પદો | સુખ દુઃખ મનમાં ન | ૧૧૮ |
| ૧૯૬. | બેઠકના પદો | આઠ કૂવા | ૧૧૯ |
| ૧૯૭. | નિત્યક્રમ | મંગલાચરણ | ૧૨૦ |
| ૧૯૮. | નિત્યક્રમ | ક્ષમાપના | ૧૨૧ |
| ૧૯૯. | નિત્યક્રમ | વંદના | ૧૨૨ |
| ૨૦૦. | વેદસાર | | ૧૨૩ |
| ૨૦૧ | અકેલી | હાંરે તમે સુણો દિનાનાથ દયાળ | ૧૨૪ |
| ૨૦૨ | મારી ગોડો | નહિ ચારુ નહિ ચારુ મોરી | ૧૨૪ |
| ૨૦૩ | બિહાગ | હરિ પે રે હાં હાં | ૧૨૫ |
| ૨૦૪ | કરમની રેખા | હાંરે તમે જુઓ રે કરમની | ૧૨૫ |
| ૨૦૫ | કૃષ્ણ જન્મનું પદ(૧) | પ્રગટે શ્રી કૃષ્ણ મોરાર | ૧૨૬ |
| ૨૦૬ | કૃષ્ણ જન્મનું પદ(૨) | આજ સખી અષ્ટમીને બુધવાર | ૧૨૭ |
| ૨૦૭ | | અખંડ સાહેબજી કો નામ | ૧૨૭ |
| ૨૦૮ | | સંત પધાર્યા સજની રે | |
| ૨૦૯ | પ્રીતમ દાસની પરચી | અરે મૂઢ તું પામર પ્રાણી | ૧૨૮ |
| ૨૧૦ | દાણલીલા | રાધા-તમે અજાણ્યા અમે જાણીએ રે | ૧૩૦ |
| ૨૧૧ | આદ | હરિ પરબ્રહ્મ તમો તો શિયલ | ૧૩૨ |
| ૨૧૨ | દશ અવતારની આરતી | જય જાદવ રાયા શ્રી માધવ રાયા | ૧૩૩ |
| ૨૧૩ | બજરંગની આરતી | જય બજરંગ બાલા પ્રભુ | ૧૩૪ |

# મંગલાચરણ

## પદ – ૧

ઓ ઈશ્વર ભજીએ તને, મોટું છે તુજ નામ,
 ગુણ તારા નિત ગાઈએ, થાયે અમારા કામ.
હેત લાવી હાસાવ તું, સદા રાખ દિલ સાફ.
 ભૂલ કદી કરીએ અમે, તો, પ્રભુ કરજે માફ.
પ્રભુજી, એટલું આપજો, કુટુંબ પોષણ થાય,
 ભૂખ્યા કોઈ સૂએ નહીં, સાધુ–સંત બધાય.
અતિથિ નવ ઝાંખો પડે, આશિષ ના દુભાય,
 જે આવે મમ આંગણે, આશિષ દેતો જાય.
સ્વભાવ એવો આપજો, સૌ ઈચ્છીએ અમ દીન.
 શત્રુ ઈચ્છે મિત્રતા ને, પડોશી ઈચ્છે પ્રીત.
વિચાર–વાણી–વર્તને, સૌનો સાચો પ્રેમ;
 સગા–સ્નેહી–મિત્રનું, ઈચ્છું કુશળ–ક્ષેમ.
જોવા આપી આંખડી, સાંભળવાને કાન,
 જીભ બનાવી બોલવા, ભલું કર્યું ભગવાન.
ઓ ઈશ્વર ! તું એક છે, સજર્યો તેં સંસાર;
 પૃથ્વી–પાણી–પર્વતો, કીધાં તેં તૈયાર.
તારા સારા શોભીતા, સૂરજ ને વળી સોમ;
 તે તો સઘળાં તેં રચ્યાં, જબરું તારું જોમ.
અમને આપ્યાં જ્ઞાનગુણ, તેનો તું દાતાર;
 બોલે પાપી પ્રાણીઓ એ તારો ઉપકાર.
કાપ કલેશ–કંકાસને, કાપ પાપ – પરિતાપ;
 કાપ કુમતિ, કરુણા કીજે, કાપ કષ્ટ, સુખ આપ.
ઓ ઈશ્વર, તમને નમું, માગું જોડી બે હાથ;
 આપો સારા ગુણ ને સુખમાં રાખો નામ.
મન–વાણી ને હાથથી, કરીએ સારાં કામ;
 એવી બુદ્ધિ દો અને, પાળો બાળ તમામ.

# કબીરજીની સાખી

## પદ–૨

જા કરન જગ ઢુંઢિયા સો તો ઘટ હિ માંહિ,
પરદા દીયા ભરમકા તાતોં સુઝે નાહિ...............૧

ભક્તિ ભેવ બહુ અંતરા જૈસે ધરિન અકાસ,
ભક્ત લીન ગુરુ ચરન મેં ભેવ જગત કી આસ........૨

કામી, ક્રોધી, લાલચી ઈનતે ભક્તિ ન હોય,
ભક્તિ કરે કોઈ સુરમા જાતિ બરન કુલ ખોય.........૩

જબ મૈં થા તબ ગુરુ નહી અબ ગુરુ હૈં હમ નાહિ,
પ્રેમ ગલિ અતિ સાંકરી તામેં દો ન સમાહિ...........૪

સુમરિન સુરત બનાઈ કે મુખ નેં કુછ ન બોલ,
બહાર કે પટ દેઈ કે અંતર કે પટ ખોલ...............૫

કબિરા માલા કાઠકી બહુત જતનકા ફેર,
માલા સ્વાંસ ઉસાસકી જામેં ગાંઠ ન મેર મેરા.........૬

મુઝમેં કુછ નહીં જો કુછ હૈ સૈ તોર,
તેરા તુઝકો સોંપતે કયા લાગત હૈ મોર...............૭

સબ ધરતી કાગદ કરું લેખિન કરું સબ વનરાય,
સાત સમુંદ કી મસિ કરું ગુરુ ગુન લિખા ન જાય......૮

યહ તન બિષ બેલરી, ગુરુ અમૃત કી ખાન,
સીસ દીયે જો ગુરુ મિલેં તો ભી સસ્તા જાન..........૯

કોટિન ચંદા ઉગવે સૂરજ કોટિ હજાર,
સતગુરુ મિલિયા બાહરે દીસત ઘોર અંધાર.........૧૦

# તુલસીદાસની સાખી

પદ – ૩

તુલસી પંછિનકે પીએ, ઘટે ન સરિતા નીર,
ધરમ કરે ધન ના ઘટે, સહાય કરે રઘુવીર.............૧

તુલસી મીઠે બચનસે, સુખ ઉપજે ચહું ઓર
યે હિ બશીકરન મંત્ર હે, તજીએ બચન કઠોર...........૨

તુલસી યહ સંસાર મેં ભાતિ ભાતિ કે લોગ,
સબસે મિલિયે પ્રેમસે નદી નાવ સંયોગ...............૩

અનીતિસે ધન હોત હૈ, વર્ષ પાંચ કે સાત,
તુલસી દ્વાદશ વર્ષમેં, જડા મૂલસે જાત................૪

આવતહી હરખત નહિ નહિં નયનનમેં સ્નેહ,
તુલસી તહાં ન જાઈએ, કંચન વરસે મેહ,..............૫

રામનામ મેં આલસી, ભોજનમેં હુશિયાર,
તુલસી એસા નરનકો, બાર બાર ધિક્કાર.............૬

સંત સમાગમ હરિકથા, તુલસી દુર્લભ હોય,
દારા, સુત અરૂ લક્ષ્મી તો, પાપી કે ભી હોય...........૭

મુખ મીઠી બાતો કરે, અંત કટારી પેટ,
તુલસી તહાં ન જાઈએ, જહાં કપટ કો હેત.............૮

તુલસી જગમેં આયકે, કર લીજે દો કામ
દેનેકું ટૂકડા ભલા, લેનેકું હરિ નામ..................૯

ઊંચે ઊંચે સબ ચલે, નીચા ચલે ન કોઈ,
તુલસી નીચા જો ચલે, ધ્રુવસે ઊંચા હોય............૧૦

સંગત કીજે સંતકી, હરે મનકી વ્યાધિ,
સંગ ન કીજે નીચકા, આઠો પહર ઉપાધી.............૧૧
માલા શ્વાસોચ્છ્વાસકી, ભગત જગત કે બીચ,
જો ફેરે સો ગુરુમુખી, ના ફેરે સો નીચ...............૧૨

# ગોડી

## પદ – ૪

શ્રી ગુરુને પાયે લાગું, પહેલા વ્હેલા શ્રી ગુરુને પાયે લાગું,
કૃપા કરો તો કૃષ્ણ સેવા કરું, બીજું હું કાંઈ ન માગું..............ટેક.
દીયો ઉપદેશ સદા સુખકારી, જો મન નિર્મલ થાય,
ત્રિવિધ તાપ મત્સર મોહ મમતા, વિકાર સઘળો જાય............૧
ગુરુ દર્શનનો મહિમા મોટો, જાણે સંત સુજાણ,
ભાવ ધરી ગુરુ સેવા કરશે, પામે પદ નિર્વાણ....................૨
વેદ, પુરાણ, ભાગવત બોલે, જેને હોયે ગુરુજીનો દઢ વિશ્વાસ,
શ્રી ગુરુ નારાયણ તેને મળશે, કહે જન વૈષ્ણવદાસ...............૩

## પદ – ૫

બહુત ભલો હૈ ભાઈ, અવસર બહુત ભલો હૈ,
મનષા દેહ દેવતાકો દુર્લભ, સૌ દેહી તેં પાઈ.............. ટેક.
તજ પાખંડ અવિદ્યા પ્રપંચ, છોડ ગુમાન બડાઈ,
માત તાત સ્વાર્થ કે લોભી, માયા જાળ બંધાઈ................૧
જબ લગ જરા નિકટ નહીં તેરે, લે ગુરુ જ્ઞાન બડાઈ,
સંત સંગત મિલી ભજો ભગવંત, સો હી સકલ સુખદાઈ.......૨
કહું પોકાર ચેત નર અંધે આ તન એળે ગુમાઈ,
કહે કબીર દેહી કાચકો કુંપો, બિનસત બેર ન લાઈ...........૩

## પદ – ૬

કાહે ન મંગલ ગાયે જશોદા મૈયા, કાહે ન મંગલ ગાયે,
પુરણ બ્રહ્મ અખંડ અવિનાશી, સો તેરી ધેનૂ ચરાવે..........ટેક.
કોટિ કોટિ બ્રહ્માંડના કર્તા, જપ તપ ધ્યાન ન આવે,
ના જાણું એ કોન પુન્યસે, તાકો ગોદ ખિલાવે................૧

બ્રહ્માદિક ઈન્દ્રાદિક શકંર, નિગમ નેતિ કરી ગાવે,
શેષ સહસ્ત્ર મુખે જપત નિરંતર, સો તાકો પાર ન પાવે............૨
સુંદર વદન કમલ દલ લોચન, ગૌધેનુ કે સંગે આવે,
આરતી કરત જશોદા મૈયા, કબીરજી દર્શન પાવે..................૩

## પદ – ૭

ભકિત સત્ગુરુ એ આની, સંતો ભાઈ ભકિત સત્ગુરુ એ આની
પાષાણ ફોડ ગંગા જલ પ્રગટે, હો ગઈ નવખંડ પાની.............ટેક.
એ પાનીમેં દોઉ પર્વત ડુબે, સાહેર સુરતી સમાની,
મચ્છી જાય સરોવર બૈઠે, બોલે અમૃત વાણી.......................૧
જહૉં મચ્છી તહૉં મચ્છા નાંહી, ગર્ભ રહ્યો બીના પાની,
નારી એક પુરુષ દોઉ જાયે. બુઝે વિરલા જ્ઞાની....................૨
નાર પુરુષ મિલી સબ યુગ ખાયો, તહૉં મેં રહું અકેલા,
કહે કબીર એ પદ હી વિચારો, સોહી ગુરુ હમ ચેલા...............૩

## પદ – ૮

ઐસે હી બની આઈ, અબ મેરે ઐસે હી બની આઈ,
કોઈ એક નિંદે, કોઈ એક વંદે, છૉંડી લોક બડાઈ...અબ મેરે.....ટેક.
કુલસે નિકસ, ભયે જબ ગુનકા, બ્હોળું કુલ ન સમાઈ,
કેસરી કોટ પડે જો લંઘન, ભૂખે ઘાસ ન ખાઈ...................૧
ભવસાગર તરને કે કારણ, નામ કી નાવ બનાઈ,
રામ કહ્યા સો પાર ઉતર ગયે, ડૂબી લોક બડાઈ.................૨
પડ ગઈ છાપ ભકત ભયે નિર્ભય; ઉર અંતર લપટાઈ,
દાસ કબીર ડગે નહીં કબ હું, સાચી અચલ સગાઈ.............૩

## પદ – ૯

ગૌચારી ઘેર આવે શ્યામળિયો વ્હાલો ગૌચારી ઘેર આવે,
પીઢારો પરવર્યો મોહન, મધુરશી મુરલી બજાવે શ્યામળિયો......ટેક.

ગળે ગુંજામણીનો હાર મનોહર, મોર મુગટ શિર શોહે,
શ્યામ તણી સુંદરતા જોઈને, વ્રજનારીના મન મોહે શ્યામળિયો..........૧
અગર ચંદનના સેર દેવડાવું, મોતીના ચોક પુરાવું,
નરસૈંઈના સ્વામી મારે મંદિરે પધારો, શેરીએ ફૂલડાં વેરાવું, શ્યામળિયો...૨

# આરતી

## પદ – ૧૦

આરતી હો, દેવ શિરોમણિ તેરી, અવિગત વિગત જુગત નહીં જાણું,
કયોં પહોંચે બુધ મેરી, આરતી હો દેવ શિરોમણિ તેરી.................ટેક
નિરાકાર નિર્લેપ નિરંજન, ગુણ અતીત તુમ દેવા,
જ્ઞાન ધ્યાન સે રહે ન્યારા, કિસબિધ કીજે સેવા..... આરતી............૧
નિગમ નેતિ બ્રહ્માદિક ખોજે, શેષ પાર નહીં પાવે,
શંકર ધ્યાન ધરે નીશીબારસ, સો ભી અગમ બતાવે..... આરતી.........૨
સબ ગાયે અનુમાન આપણે, તમ ગતિ લખીએ ન જાયે,
કહે કબીર કૃપા કરી જન પર, જયોં હૈ ત્યોં સમજાયે..... આરતી........૩

## પદ – ૧૧

આરતી કીજે નરસિંહ પ્રભુકી, દેવ વિમલ જશ ગાવે..............ટેક.
પહલી આરતી પ્રહલાદ ઉગારે, હિરણકશીપુ નખ ઉદર બિડારે......૧
દુસરી આરતી વામન સેવા, બલિ કે દ્વારે પધારે હો દેવા.............૨
તીસરી આરતી બ્રહ્મા સધારે, સહસ્ત્ર બાહુ કે કારજ સારે............૩
ચોથી આરતી અસુર સંહારે, ભકત વિભીષણ લંકા સધારે...........૪
પાંચમી આરતી કંસ પછાડે, ગોપી ગ્વાલ સખાપતિ પાલે...........૫
તુલસી કે પત્ર કંઠ મણિ હીરા, હરખી નીરખી ગાવે દાસ કબીરા.....૬

## પદ – ૧૨

આરતી કીજે રાજા રામચંદ્ર રીઝે, ભકિત કરો તો જમકો જવાબ દીજે.....ટેક.
પહલી આરતી પુષ્પ કી માલા, કાલિ નાગ નાથી લાયે કૃષ્ણ ગોવાળા.....૧
દુસરી આરતી દેવકીનંદન, ભકત ઉદ્ધારણ કંસ નિકંદન..................૨
તીસરી આરતી ત્રિભુવન મોહે, રત્નસિંહાસન રઘુવર રામજીકો શોહે......૩
ચોથી આરતી ચૌંદિશ પૂજા, દેવ દેવ નિરંજન ઔર ન દૂજા.............૪
પાંચમી આરતી રામજીકો ભાવે, રામજીકો હરિ જશ નામદેવજી ગાવે.....૫

## પદ – ૧૩

શ્રી પદ્મનાભ પરિબ્રહ્મ પુરુષોત્તમ પેઢે નહિ રે,
હરિ અવિગત ગોવિંદ સંતજી રે સહાય કરો શ્રી પતિ ઘણી રે,
હરિ ચત્રુભુજ શ્યામલ વર્ણ, સારંગઘર સોહામણો રે,
હરિ રૂંઅડલો વૈકુંઠ નાથજી રે, દુષ્કીત હરણ દામોદર રે,
હરિ નિરંજન નિરાકાર નિષ્કલંક પુરુષે અરાધીયે રે,
ઘન ગાયે દ્વારીકા નાથજી રે, શ્યામલ વર્ણ સોહામણો રે,
હરિ સેવ્યો સમર્થ સાર, પાર એનો કોઈ નવ઼ લહે રે,
હરિ સોહે છે અવિનાશ વ્હાલો, વાસ આપે વૈંકુઠ ઘણી રે,
હરિ માઘવ મુકુંદ મોરાર, મહાદેવ સોહામણો રે,
હરિ ભકિત મુકિત દાતા, લ્યો રે, નારાયણ છે નિર્મલો રે,
સદા સારંગઘર શું વિચાર પાર લૈ કાનૈયો આત્મા રે,
આવી વેગે મળ્યો વિશ્વાસ, તારોની, ત્રિભોવન ટળવળે રે,
જીવ તો મોહ્યા છે કુલમાં, કલિકાલે જીવ જંપીઓ રે,
એતો હરિ વિના ન લહે શ્વાસ શ્વાસ સદા સારંગઘર રે,
સદા વૈષ્ણવ મન રહે ઉલ્લાસ, આનંદ અંગે ઉલટયો રે,
ભલે આવ્યા પરિબ્રહ્મ રાય, વ્હાલો વૈષ્ણવજન માંહી પરવર્યો રે,
હરિનો વર્ત્યો જય જયકાર, સાર બોલોની હવે સાચા ઘણીનો રે,

હરિનો આવ્યો જ્યારે મન વિશ્વાસ, ત્યારે પાસ છુટયા ચાર
ખાણના રે,
હરિ ઘેર ઘેર વૈકુંઠ વાસ, દાસ તુમહારો વિનવે રે,
ભલે આવ્યા પરિબ્રહ્મરાય, સમર્થ ધણી સંતે સેવ્યો રે.

## દોહરો

આદી અનાદી એક તું, સ્થાવર જંગમ તારું નામ,
તું અમર ને તારું નામ, સકલ વૈષ્ણવને પ્રણામ.

## બેઠકના પદો

### પદ – ૧૪

જો ને વિચારી તું જીવડા, શા સુખમેં, મોહી રહ્યોજી...........ટેક.
આવ્યો ત્યારે તું એકલો. જાતાં એકલો જાવુંજી,
વચમેં સંબંધ શા કામના, માયા જાળમેં બંધાયોજી,.......જોને....૧
મારું મારું શું કરી રહ્યો, નહિ મળે તારું તનજી,
જૂઠા રે પુત્ર ને પ્રેમદા, જૂઠો ભવનો ભંડારજી,......... જોને....૨
ધન રે મળ્યાને ધર્મ એ જ છે, જે કાંઈ હાથે વપરાયજી,
અંત સમે સહુ મેલી જાશે, પલ મેં થાશે પરાયોજી...... જોને...૩
જમરે જોરાવર લઈ જશે, મેલશે ચોર્યાશીમેં ઠેલીજી,
દારુણ દુઃખ જન્મ મરણનું, ત્યાં કોણ તારો બેલીજી..... જોને...૪
સાચું સગપણ હરિગુરુ સંતનું, જીવને જાલમેંથી કાઢેજી,
સુખ રે આપીને દુઃખ દૂર કરે, પરિબ્રહ્મને ભેટાવેજી..... જોને..૫
માની શકે તો માનજે, લેવો મનષાનો લ્હાવોજી,
દાસ કબીર સાચું કહે, ફરી નહીં મળે આવો દાવજી..... જોને..૬

## પદ – ૧૫

મારું મન માન્યું રમતા રામ શું, ભજીલોની સરજનહારજી........ટેક.
અર્ધ ઉર્ધ્વને ચોતરે, ત્યાં છે સંતનો મુકામજી,
ચતુર ચતુર નર સોદા કરે, ત્યાં નહીં મૂરખનું કામજી મારું.........૧
ચંદા સૂરજ દોઉ સમવર્યા, તખ્ત ત્રિવેણીને ઘાટજી,
અંતર અજવાળાં હોઈ રહ્યાં, વિઘ્ન વ્યાપે ના અંગજી મારું.........૨
ક્ષર અક્ષરની ઉપરે, હંસ પહોંચ્યા ત્યાં જાયજી,
કર્મ ભરમ વ્યાપે નહીં, સુખમેં રહ્યો સમાયજી મારું...............૩
અરસપરસ એમ હોઈ રહ્યાં, બાજે અનહદ તૂરજી,
દાસ કબીર નિર્ભય ભયા લાગી અલખ શું લેહજી મારું...........૪

## પદ – ૧૬

જનુની જીવો રે ગોપીચંદની, પેરનો પુત્રને પ્રેર્યો વૈરાગજી,
ઉપદેશ આપ્યો એણી પેરનો, લાગ્યો સંસારીકો આગજી.........ટેક.
ધન્ય ધન્ય માતા ધ્રુવ તણી, કહ્યાં કઠણ વચનજી,
રાજસાજ સુખ પરહરી, વેગે ચાલ્યા વનજી....................૧
ઊઠી ન શકે રે ઉંટિયો, બહુ બોલાવ્યો બાજંદજી,
તેને દેખી ત્રાસ ઉપન્યો, લીધી ફકીરી છોડયો ફંડજી.............૨
ભલો રે ત્યાગ ભરથરી તણો, તજી સોળસેં નારજી,
મંદિર ઝરૂખા મેલી કરી, આસન કીધેલાં બહારજી..............૩
એ વૈરાગ્યવન્તને જાઉં વારણે, બીજા ગયાં રે અનેકજી,
ભલા રે ભૂંડા અવની ઉપરે, ગણતાં ના આવે છેકજી...........૪
કયાં ગયું કુલ રાવણ તણું, સગરસુત સાઠ હજારજી,
ન રહ્યું નાણું રાજા નંદનું, સર્વે સુપન વેવારજી................૫
છત્રપતિ ચાલી ગયા, રાજ મૂકી રાજનજી,
દેવ દાનવ મુનિ માનવી, સર્વે જાણો સુપનજી.................૬
સમજી મૂકો તો સારું ઘણું, જરૂર મુકાવે જમજી,
નિષ્કુળાનંદ કહે નહિ મટે, સાચું કહું સમખાયજી.............૭

## પદ – ૧૭

ભુલ્યો મન ભમરા તું કયાં ભમ્યો, ભમ્યો દિવસને રાતજી,
માયાનો બાંધ્યો પ્રાણીઓ, સમજ્યી નહિ શુદ્ધ વાતજી.......ટેક.
કુંભ કાચો ને કાયા જાવરૂં, જોઈને કરો રે જતનજી,
વણસંતા વાર લાગે નહિ, રાખે રૂડું રતનજી................૧
કોના છોરૂં, કોના વાછરૂં કોના મા ને બાપજી,
અંત કાલે જાવું એકલો, સાથે પુન્ય પાપજી................૨
જે ઘેર નોબત વાજતી, રૂડા છત્રીશ રાગજી,
ખંડેર થઈ ખાલી પડયાં, કાળા ઉડે રે કાગજી...............૩
જીવની આશા ડુંગર જેવડી, મરણ પગલાંને હેઠજી,
મોટા મોટા ચાલી ગયા, લાખો લખપતિ શેઠજી............૪
ઉલટી નદી પૂર ઉતરી, જાવું પેલે પારજી,
આગળ નીર મળે નહીં, જે જોઈએ તે લેજો સાથજી.........૫
સત્કર્મ સત્ વસ્તુ આરજો, ઈશ્વર સ્મરણ સાથજી,
કબીર જુહારીને નીસર્યા, લેખું સાહેબને હાથજી............૬

## પદ – ૧૮

આનંદ મંગલ કરું આરતી, હરિ ગુરુ સંતની સેવા,
પ્રેમ ધરીને મારે મંદિર પધરાવું, સુંદર સુખડા લેવા.............ટેક.
કોટિ તીર્થ સંતન કે ચરણે, ગંગા જમના રેવા,
ત્રિભોવન તારણ જગત ઉદ્ધારણ, મૂર્તિ અકલ અભેવા............૧
રત્નકો ભવન બાહર ભીતર, આનંદ રૂપી એવા,
કહે પ્રીતમ ઓળખ અનુસારા, હરિજન તે હરિ જેવા.............૨

## પદ – ૧૯

મારી નાડ તમારે હાથે હરિ સંભાળજો રે,
મુજને પોતાનો જાણીને, પ્રભુપદ પાળજો રે.......મારી.

પથ્યા પથ્ય નથી સમજાતું, દુ:ખ સદૈવ રહે ઉભરાતું,
મને હશે શું થાતું, નાથ નિહાળજો રે........................મારી.
અનાદિ વૈદ્ય આપ છો સાચા, કોઈ ઉપાય વિષે નહિ કાચા,
દિવસ રહ્યા છે ટાંચા વેળા વાળજો રે........................મારી.
વિશ્વેશ્વર શું હજી વિસારો, બાજી હાથ છતાં કાં હારો,
મહા મુંઝારો મારો, નટવર ટાળજો રે........................મારી
કેશવ હરિ મારું શું થાશે, ઘાણ વળ્યો શું ઘઢ ઘેરાશે,
લાજ તમારી જાશે ભૂઘર ભાળજો રે........................મારી.

પદ – ૨૦

અમને અંત સમયે હરિ લેવા વેલા આવજો રે,
શ્રીમદ્ સતગુરુ નામ પ્યારું, પ્રાણ જતાં પણ થાય ન ન્યારું,
મનહર મંગળ મૂર્તિનાથ બતાવજો રે........................અમને
વિકટ સમય સાચવજો વહાલા કહું કોટિ કરી કાલાવાલા,
આવી દીનદયાળ દયા દર્શાવિજો રે........................અમને.
વસમી અંતસમયની વેળા વહારે ઘાજો વિઠ્ઠલ વહેલા,
પ્રણત પાસળનું પહેલાં પણ પરખાવજો રે........................અમને.
મરકટ જેવું મન અમારું તત્ત્વ તોડે તાન તમારું.
અંતરનું અંધારું સદ્ય, સમાવજો રે........................અમને.
દેજો દર્શન જનમનહારી, પરમકૃપાળુ વિરૂદ તિહારી,
રત્નમય બલિહારી બાપ બચાવજો રે........................અમને.

પદ – ૨૧

ભજો મન રે પંખીડા, મત પડ પાંજરે, સંસાર માયાજાળ છે,
એક દિવસમાં ત્રણ જ ફેરા, સદાય જંપે કાળ રે,
અણચેત્યો તને લઈ જશે, પછી કોણ છોડાવન હાર રે.........ભજો...ટેક.
અન્ય દેવકી પૂજા કીધી, નહિ ઓળખ્યા આતમરામ રે,
ભૂતની પેરે ભમતો ફરે છે, એનો એળે ગયો અવતાર રે..............૧

જ્યારે સરોવર ભર્યા હતા, ત્યારે પ્રથમ ન બાંધી પાળ રે,
નીર સઘળું જ્યારે વહીં ગયાં, પછી હાથ ઘસે શું થાય રે............૨
માતા તારી સદા રૂવે, બેની રૂવે દસ માસ રે,
સ્ત્રી રૂવે તેર દહાડા, ઔર ઢુંઢે ઘરવાસ રે........................૩
શેરી લગી સર્વે સુંદરી, ઝાંપા લગી મા બાપ રે,
તીર્થ લગી સગાં બંધુઓ, હંસ તું એકલો જાય રે...................૪
હાડ બળે જેમ લાકડું રે, કેશ બળે જેમ ઘાસ રે,
કંચન સરખી તારી કાયા બળે, કાંઈ ન આવે તારી સાથ રે.........૫
મારું મારું પ્રાણી મિથ્યા થશે, જૂઠો આ જગત વહેવાર રે,
દાસ રણછોડ પ્રભુ હરિને ભજી લો, પલમેં ઉતારે ભવપાર રે.......૬

## પદ – ૨૨

ગુરુ બિના કૌન બતાવે બાટ ? બડા વિકટ યમઘાટ.........ટેક.
ભ્રાંતિ કી પહાડી નદિયાં બિચમોં, અહંકારકી લાટ...........૧
કામ ક્રોધ દો પર્વત ગઢે, લોભ ચોર સંઘાત..................૨
મદ મત્સરકા મેહ બરસત, માયા, પવન બહે દાટ...........૩
કહત કબીર સુનો ભાઈ સાધો, ક્યોં તરના યહ ઘાટ.........૪

## પદ – ૨૩

અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ,
જૂજવે રૂપે અનંત ભાસે,
દેહમાં દેવ તું તેજમાં તત્ત્વ તું,
શૂન્યમાં શબ્દ થઈ વેદ વાસે................૧
પવત તું, પાણી તું, ભૂમિ તું ભૂધરા,
વૃક્ષ થઈ ફૂલી રહ્યો આકાશે,
વિવિધ રચના કરી અનેક રસ લેવાને,
શિવ થકી જીવ થયો એ જ આશે...........૨

વેદ તો એમ વદે શ્રૃતિ સ્મૃતિ સાખ દે,
કનક કુન્ડલ વિષે ભેદ ન હોય,
ઘાટ ઘડયા પછી નામરૂપ જૂજવા,
અંતે તો હેમનું હેમ હોયે..................૩
વૃક્ષમાં બીજ તું, બીજમાં વૃક્ષ તું,
જોયું પટંતરો એ જ પાસે,
ભણે નરસૈંયો એ મન તણી શોધના,
પ્રીત કરું પ્રેમથી પ્રગટ થાશે..............૪

પદ – ૨૪

ઉઠ જાગ મુસાફિર ભોર ભયી,
અબ રૈન કહાઁ જો સોવત હૈ...........ટેક.
જો સોવત હૈ સો ખોવત હૈ,
જો જાગત હૈ સો પાવત હૈ.............૧
ટૂંક નીંદસે આઁખિયાઁ ખોલ જરા,
ઓ ગાફિલ, રબસે ધ્યાન લગા.
યહ પ્રીત કરનકી રીત નહિ,
રબ જાગત હૈ તૂ સોવત હૈ.............૨
એ જાન ભુગત કરની અપની,
ઓ પાપી, પાપસેં ચૈન કહાઁ ?
જબ પાપકી ગઠરી સીસ ધરી,
ફિર સીસ પકડ કયોં રોવત હૈ ?........૩
જો કાલ કરે સો આજ કરલે,
જો આજ કરે સો અબ કરલે,
જબ ચિડિયન ખેતી ચુગ ડાલી,
ફિર પછતાએ કયા હોવત હૈ ?.........૪

## પદ – ૨૫

જૂનું તો થયું રે દેવળ જૂનું તો થયું,
મારો હંસલો નાનો ને દેવળ જુનું તો થયું.........ટેક.
આ રે કાયા રે હંસા, ડોલવાને લાગી રે,
પડી ગયા દાંત, માંયલી રેખું તો રહ્યું..........મારો.
તારે ને મારે હંસ, પ્રીત્યું બંધાણી રે,
ઉડી ગયો હંસ, પિંજર પડી રે રહ્યું............મારો.
બાઈ મીરાં કહે છે પ્રભુ, ગિરિધરના ગુણ,
પ્રેમનો પ્યાલો તમને પાઉં ને પીવું.............મારો.

## પદ – ૨૬

બોલ મા બોલ મા બોલ મા રે,
રાધા–કૃષ્ણ વિના બીજું બોલ મા........ટેક.
સાકર શેલડીનો સ્વાદ તજીને,
કડવો તે લીમડો ઘોળ મા રે...............૧
ચાંદા સૂરજનું તેજ તજીને,
આગિયા સંગાતે પ્રીત જોડ મા રે............૨
હીરા માણેકને ઝવેર તજીને,
કથીર સંગાતે મણિ તોલ મા રે..............૩
મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર,
શરીર આપ્યું સમતોલમાં રે................૪

## પદ – ૨૭

નહિ રે વિસારું હરિ, અંતરમાંથી નહિ રે વિસારું હરી.........ટેક.
જલ જમુનાના પાણી રે જાતાં, શિર પર મટુકી ધરી........અંતર.
આવતાં ને જાતાં મારગ વચ્ચે, અમૂલખ વસ્તુ જડી.........અંતર.
આવતાં ને જાતાં વૃન્દા તે વનમાં, ચરણ તમારે પડી........અંતર.
પીળા પીતાંબર જરકશી જામા, કેસર આડ કરી...........અંતર.

મોર મુકટ ને કાને કુંડલ, મુખ પર મોરલી ધરી................અંતર.
બાઈમીરાં કહે પ્રભુ ગિરિધર નાગરના ગુણ, વિઠ્ઠલ વરને વરી...અંતર.

## પદ – ૨૮

મુખડાની માયા લાગી રે, મોહન, પ્યારા,
મુખડાની માયા લાગી રે.................ટેક.
મુખડું મેં જોયું તારું સર્વ જગ થયું ખારું,
મન મારું રહ્યું ન્યારું રે.................મોહન.
સંસારીનું સુખ એવું, ઝાંઝવાના નીર જેવું,
તેને તુચ્છ કરી ફરીએ રે................મોહન.
સંસારીનું સુખ કાચું, પરણીને રંડાવું પાછું,
તેને ઘેર શીદ જઈએ રે................મોહન.
પરણું તો પ્રીતમ પ્યારો, અખંડ સૌભાગ્ય મારો,
રાંડવાનો ભય ટળ્યો રે................મોહન.
મીરાંબાઈ બલિહારી, આશા મને એક તારી,
હવે હું તો બડભાગી રે................મોહન.

## પદ – ૨૯

મંગલ મંદિર ખોલો,
દયામય ! મંગલ મંદિર ખોલો......ટેક.
જીવન વન અતિ વેગે વટાવ્યું,
દ્વાર ઊભો શિશુ ભોળો,
તિમિર ગયું ને જયોતિ પ્રકાશ્યો,
શિશુને ઉરમાં લો લો..............૧
નામ મધુર તમ રટયો નિરંતર,
શિશુ સહ પ્રેમે બોલો,
દિવ્ય તૃષાતુર આવ્યો બાલક,
પ્રેમ અમીરસ ઢોળો...............૨

## પદ – ૩૦

જેને રામ રાખે રે, તેને કુણ મારી શકે,
અવર નહીં દેખું રે, બીજો કોઈ પ્રભુ પેખે.................ટેક.
ચાહે અમીરને ભીખ મંગાવે, ને રંકને કરે રાય,
સ્થલને સ્થાનકે જલ ચલાવે જલ સ્થાનક સ્થલ થાય,
તરણાના તો મેરૂ રે, મેરૂનું તરણું કરી દાખવે...............૧
નિભાંડાથી બળતા રાખ્યા, મંજારીના બાળ,
ટિટોડીના ઈંડા ઉગાર્યા, એવા છો રાજન રાખવાળ,
અંત વેળા આવો રે, પ્રભુ તમે તેની તકે...................૨
બાણ તાણીને ઊભો પારધિ, સીંચાણો કરે ટકાવ,
પારધિને પગે સર્પ ડંસીઓ સીંચાણો શિર નહીં ઘાવ,
બાજ પડયો હેઠે રે, પંખી ઊડી ગયાં સુખે.................૩
ગજકાતરણી લઈને બેઠાં, હરજી તો દીનદયાળ,
વધેઘટે તેનું કરે બરોબર, સૌની લે સંભાળ,
ધણી તો ધીરાનો રે, હરિ મારો હીંડે હકે...................૪

## પદ – ૩૧

તરણા ઓથે ડુંગર રે, ડુંગર કોઈ દેખે નહીં
અજાજૂથ માંહે રે, સમરથ જાણે સહી..................ટેક.
સિંહ અજામાં કરે ગર્જના, કસ્તુરી મૃગરાજન,
તલની ઓથે જેમ તેલ રહ્યું છે, કાષ્ટમાં હુતાશન,
દધિ ઓથે ઘૃત જ રે, વસ્તુ એમ છૂપી રહી...............૧
કોને કહું ને કોણ સાંભળશે અગમ ખેલ અપાર,
અગમ કેરી ગમ નહિ રે, વાણી ન પહોંચે વિસ્તાર,
એક દેશ એવો રે, બુધ્ધિ થાકી રહે તહા..................૨
મન પવનની ગતિ ન પહોંચે, છે અવિનાશી અખંડ,
રહ્યો સચરાચર ભર્યો બ્રહ્મ પુરાણ, તેણે રચ્યાં બ્રહ્માંડ,
ઠામ નહી કો ઠાલો રે, એક અણુમાત્ર કહાં................૩

સદ્‌ગુરુજી કૃપા કરી ત્યારે, આપ થયા પ્રકાશ,
શાં શાં દોડી સાધન સાધે, પોતે પોતાની પાસ,
દાસ ધીરો કહે છે રે, જયાં જોઉં ત્યાં તું હી તું હી.........૪

પદ – ૩૨

મૂરખો રળીરળી કમાણો રે, માથે મેલશે મોટો પાણો..........ટેક.
ધાઈ ધૂતીને ધન ભેળું કીધું, કોટિધ્વજ કહેવાણો,
પૂણ્યને નામે પાઈ ન વાપરી, અધવચમાં લૂટાણો રે........મૂરખો.
ભર્યા કોઠાર તારા ધર્યા રહેશે, નહિ આવે સાથે દાણો,
મસાણની રાખમાં રોળાઈ ગયા કૈંક,
કોણ રંક ને કોણ રાણો રે ..............................મૂરખો
મંદિર માળિયાં મેલી કરીને, નીચે જઈ ઠેરાણો,
ભોજો ભગત કહે મૂઆ પછી, જીવ ઘણો ઘણો પસ્તાણો રે...મૂરખો.

## કલ્યાણના પદો

પદ – ૩૩

સંત સમાગમ કીજે રે ભાઈ, સંત સમાગમ કીજે રે ભાઈ,
જાણ અજાણ ચુવે પારસકો, પલટ લોહા કંચન હો જાઈ................ટેક.
ભાત ભાત બનરાઈ જો કહીએ, ભિન્ન ભિન્ન વા કો નામ ધરાઈ,
ચંદન કે જા કો બાસ લગત હૈ, ચંદન હોત બેર ન લાઈ..................૧
નૌકા રૂપ કહીએ સત સંગત, વામે જે કોઈ બૈઠ આઈ,
ઔર ઉપાય નહિ તરવે કો, સુંદર કાઢી રામ દુહાઈ સંત..................૨

પદ – ૨૪

હરિ કો ભજન કર હો મન પ્યારે, હરિ કો ભજન કર હો મન પ્યારે,
એક રસના તુમ કર્યો અલસાને, શેષ સહસ્ત્ર સુમર નિહાળે.............ટેક
જા કે શરણ પતિત ગત પામે, ગુનકા કુબ્જા વ્યાધ ઉદ્ધારે,
અધમ તરે અધિકાર ભજનસે, હરિ સુમરણ અધ જાયે..................૧

અજામિલ સુત નામ ઉદ્ધારે, જલ ડુબત ગજગ્રાહ ઉગારે,
પરશુરામ ઐસો સમર્થ ઠાકોર, બનચર ભીલ પુતના તારે.............૨

પદ – ૩૫

તુમ ફિર નાવ લઈ આવ રે, તુમ ફિર નાવ લઈ આવ રે,
તુમકો બોલાવે રઘુનાથ ગોસાંઈ, તુમ પર કીનો ભાવ રે............ટેક
તેરી નૌકા બહુત ચલત હૈ, સરિતા પાર લગાવ રે,
દીન જાણી મોહે દયા જો કરત હૈ, મત હી ભૂલો ઐસો દાવ રે........૧
કીની રે કીરપા બહુત અતિ કરુણા, હૃદયે ધર્યો વિશ્વાસ રે,
લઘુતામેં પ્રભુ પાર કિયો હૈ, કુટુંબ સહિત કુલ તારે રે...............૨

પદ – ૩૬

પગ ધોઉં નાવ પધારો રામજી, પગ ધોઉં નાવ પધારો,
ઊડ ગઈ શલ્યા કાષ્ઠ કી ખેતી એક, તુમ હી મનમેં વિચારો........ટેક
કટી લો નીર, તીર કે નેડો, કોંસાઈ કહે ઉપાય,
વિશ્વ જીવનકે જીવિકા મોહે, મોહે રંક કાં મારો...................૧
હૈ કશું તત્ત્વ એ હી પદરજમેં, નાહિ ન દોષ તુમ્હારો,
અગ્રદાસ ઉતરાય જ દીનો, નૌકા સહિત કુલ તાર્યો...............૨

## કાફી

પદ – ૨૭

સાધુ કી સંગત પાઈ રે, જા કી સુફલ કમાઈ રે,
સાધુ કી સંગત ભકિત હરિકી, બઢત બઢત બઢ જાઈ..............ટેક
ધ્રુવ પ્રલ્હાદ અંબરીષ વિભિષણ, નારદ છે ઋષિરાઈ,
પીપા ધના, સેના, રોહીદાસ, પાંચમી મીરાંબાઈ...................૧
નરસિંહ જયદેવ ઔર સૂરદાસ સજના જાત કસાઈ,
રંકા વંકા કાલૂ કેવલ કૂબા કરમા કી ખીચડી પાઈ.................૨

દત્તાત્રેય ગુરુ ગોરખ યોગી, ગગન મંડલ મઠ છાઈ,
કહેત કબીર સુનો ભાઈ સાધુ, જયોતમેં જયોત મિલાઈ.........૩

પદ – ૩૮

સાધુજન નો સંગ રે, બાઈ મને ભાગ્ય મળ્યો હૈ..................ટેક
અડસઠ તીર્થ મારા સંતને ચરણે, કોટી કાશી ને કાટી ગંગારે........૧
દુર્જન હોય તે તો દૂર જ રહેશે, પાડે ભજનમાં ભંગ રે..............૨
નિંદા કરે તે નરકે જાશે, થાશે અંધ અપંગ રે.......................૩
બાઈ મીરા કહે પ્રભુ ગિરિધરના ગુણ, મારે તો એની સંગ રે........૪

પદ – ૩૯

પ્રભુજી વિષે લાગ્યો મને સ્નેહ રે, બીજું મને કાંઈ ન ગમે રે.........ટેક
પહેલી પૂજા અજદેવ તમારી, તે થકી રહે મારી દેહ રે................૧
હાર ને ચીર હું તો નહિ પહેરું રાણા, તુલસીની માલા મારે દેહ રે......૨
બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ, હરિચરણે ચિત્ત લેવું રે.........૩

પદ – ૪૦

દર્દ ન જાણે કોઈ રે મેરો દર્દ ન જાણે કોઈ રે,
પિયુ વિના દર્દ ન જાણે કોઈ રે, મેરો દર્દ ન જાણે કોઈ રે.......૧
ઘાયલ કી ગત ઘાયલ જાણે, વીતી ન હોય તે શું જાણે રે........૨
સુડી ઉપર સેજ અમારી, કિસબિધ રહું મેં સોઈ રે..............૩
મીરાં કહે દુ:ખ જબ હી મિટે હો. વૈદ્ય શ્યામલો હોઈ રે..........૪

પદ–૪૧

કોણ કરે જંજાલ જુગમેં જીવન થોડા, કોણ કરે જંજાલ જુગમેં જીવન થોડા
માતાપિતા એ જન્મ દિયો હૈ, કર્મ દિયો કિરતાર..........................ટેક
માટી ચુન ચુન મહલ બનાયા, અંધ કહે ઘર મેરા
નહીં ઘર તેરા નહીં ઘર મેરા જાત જંગલકા ઢેરા
કોઈ તો જાશે દશ વીસમેં કોઈ તો જાશે નાનુ બાળ........................૧

કોઈ ઉતરે રત્નાગર સાગર, તો કોઈ ઉતરે ભવપાર,
કહે કબીર સુનો ભાઈ સાધુ, જૂઠા દેહ કા ખ્યાલ..........................૨

# કાલેરો

પદ –૪૨

વૈષ્ણવ જન તો તેને કહીએ, જે પીડ પરાઈ જાણે રે,
પરદુઃખે ઉપકાર કરે તોયે, મન અભિમાન ન આણે.........ટેક
સકળ લોકમાં સહુને વંદે નિંદા ન કરે કોની રે,
વાચ કાછ મન નિશ્ચલ રાખે, ધન ધન જનની તેની રે.........૧
સમદ્રષ્ટિને તૃષ્ણા ત્યાગી, પર સ્ત્રી જેને માત રે,
જિહ્વા થકી અસત્ય ન બોલે પરધન નવ ઝાલે હાથ રે........૨
મોહ માયા વ્યાપે નહિ જેને, દઢ વૈરાગ્ય જેના મનમાં રે,
રામ નામ શું તાળી લાગી, સકળ તીર્થ તેના તનમાં રે.........૩
વણલોભી ને કપટરહિત છે, કામ ક્રોધ નિવાર્યા રે,
ભણે નરસૈંયો તેનું દર્શન કરતાં, કુલ ઈકોતેર તાર્યા રે.........૪

પદ – ૪૩

ભૂતળ ભકિત પદારથ મોટું બ્રહ્મલોકમાં નહિ રે,
પુણ્ય કરી અમરાપુરી પામ્યા, અંતે ચોરાશી માંહી રે............ટેક
હરિના જન તો મુકિત ન માગે, જન્મો જન્મ અવતાર રે,
નિત સેવા નિત કીર્તન ઓચ્છવ નીરખવા નંદકુમાર રે............૧
ભરતખંડ ભૂતળમાં જનમી, જેણે ગોવિંદના ગુણ ગાયા રે,
ધન ધન રે એનાં માતપિતાને, સફળ કરી એણે કાયા રે..........૨
ધન વૃંદાવન ધન એ લીલા, ધન એ વ્રજનાં વાસી રે,
અષ્ટ મહાસિદ્ધિ આંગણિયે રે ઊભી, મુકિત છે એમની દાસી રે...૩
એ રસનો સ્વાદ શંકર જાણે, કે જાણે શુક જોગી રે,
કંઈ એક જાણે વ્રજની રે ગોપી, ભણે નરસૈંયો ભોગી રે..........૪

## પદ – ૪૪

નારાયણનું નામ જ લેતાં, વારે તેને તજીએ રે,
મનષા વાચા કર્મણા કરીને, લક્ષ્મીવરને ભજીએ રે..........ટેક
કુળને તજીએ, કુટુંબને તજીએ, તજીએ માને બાપ રે,
ભગિની સુત દારાને તજીએ, જેમ તજે કંચુકી સાપ રે.........૧
પ્રથમ પિતા પ્રહ્લાદે તજીઆ, નવ તજીયું હરિનું નામ રે,
ભરત શત્રુઘ્ને તજી જનેતા, નવ તજીઆ શ્રી રામ રે...........૨
ૠષિપત્નીએ શ્રીહરિ કાજે, તજીઆ નિજ ભરથાર રે,
તેમાં તેનું કંઈએ ન ગયું, પામી પદારથ ચાર રે...............૩
વ્રજવનિતા વિઠ્ઠલને કાજે, સર્વ તજીને ચાલી રે,
ભણે નરસૈંયો વૃન્દાવનમાં, મોહન સાથે મહાલી રે...........૪

## પદ – ૪૫

આજ વૃન્દાવન આનંદ સાગર, શામળિયો સંગે રાસ રમે,
નટવર વેષે બંસી બજાવે, ગોપીઓ ને મન ગોવિંદ ગમે...........ટેક
સોળ કળાનો શશી શિર ઉપર, ઉડુગણ સહિત વિમાન ભમે,
નીર ગંભીર સ્થિર યમુના તટ, ત્રિવિધ તનના તાપ શમે રે..........૧
ગોપી નીસર્યા નરહરિ જોવાને, નીકળ્યા સોળે શણગાર સજી;
ટોળે ટોળાં ઉભા રહીને, નીરખત નયણા ભરી ભરી...............૨
એક એક ગોપી બીચમાં માધવ, કરગ્રહી મંડલી માંહી રમે,
તા થૈ તા થૈ તાન મિલાવે, રાગ રાગણી શમે રે શમે...............૩
હરખ્યાં સુરિનર દેવ મુનિજન, પુષ્પ વૃષ્ટિ કરી ચરણે નમે,
ભણે નરસૈંયો ધન વ્રજ નારી, જેને કાજે જોગી દેહ દમે............૪

## પદ – ૪૬

સાંભળ રે શ્યામળિયા વ્હાલા, તારે મારે ઘણી માયા રે,
જો મહેતાજી જમવા ન આવે, તત્ક્ષણ તજું મારી કાયા રે...........ટેક
કપટ નહિ કાંઈ મહેતાના મનમાં, હેતે હરિના ગુણ ગાવું રે,
વૈષ્ણવજન કેરો વેષ દેખીને, મહેતા ને મંદિર જાવું રે...............૧

વિશ્વંભર વિનંતિ મારી માનો, પ્રીત પૂર્વની રાખો રે,
અમો અબલા કો આધાર તમારો, ભકત ઉદ્ધારણ રાખો રે.........૨
નાગર સર્વે જમવા ચાલ્યા, હાથમાં ચંબુ લોટા લીધાં રે,
અંતર્યામીએ તત્ક્ષણ જાણ્યું, ન્યાતમાં ઢેડાં કીધાં રે................૩
થર થર નાગર ધ્રુજવા લાગ્યા, કહો કેમ કરીશું રે,
મહેતાજીને ન્યાત બહાર પાડતા, આપણ સર્વે પડીશું રે...........૪
માન મૂકી મનાવવા ચાલ્યા, મહેતાજી શરણે રાખો રે,
ભકિત તણો છે મોટો મહિમા, નિત નિત દર્શન આપો રે.........૫
કપટ નહિ કાંઈ ભકતના મનમાં, મહેતાજી જમવા આવ્યા રે,
માનબાઈના સ્વામી શ્યામળિયા, ન્યાતમાં ઢેડા સમાવ્યા રે........૬

## પદ – ૪૭

શા માટે શ્યામળિયો વ્હાલા, સાન કરી અમને તેડયાં રે,
વ્યાકુલ વનિતા થઈ સર્વે અંગે, વેણુ વગાડી રૂડી રે...............ટેક
આ વેળા એ અર્ધી રાતે, પરહર્યા પરિવાર રે,
શા માટે આળ ચઢાવે અમને, નિર્લજ્જ નંદકુમાર રે...............૧
બોલો વિચારી તમે નંદનાનંદન, અમો અબલા બલ થોડું રે,
નરસૈંયાના સ્વામીની સંગે રમતાં, દીન થયા કર જોડી રે...........૨

## પદ – ૪૮

નુગરા જનનો સંગ ન કરીએ, નુગરાનો સંગ છે ભારી રે,
નુગરા સંગે નરકે જઈએ, સમજો નર ને નારી રે................ટેક
નુગરા સંગે વાત કરતાં, લાખ ચોરાસી જાઈ રે,
ભૂતલ મનષા દેહ ધરીને, ફોગટ ફેરા ખાશો રે..................૧
નુગરાનું જલપાન કરતાં, કોટી કર્મ શિર ચઢશે રે,
માતતાત પડોશી મળીને, અધોગતિ દુઃખ દેશે રે................૨
નુગરા જનનો દોષ ઘણો છે, કહેતાં પાર ન આવે રે,
ભણે નરસૈંયો સુનો નારાયણ, નુગરાનાં બંધન છોડાવો રે.......૩

પદ – ૪૯

પોતે પોતાનું ઘર જાણવું જોઈએ, જાણ્યા વિના કહો કયાં જઈએ રે,
અણ ઓળખ્યે ઓશિયાળાં થઈને, પરઘેર ઊભા નવ રહીએ...............ટેક
પરણ્યો પરણ્યો પિયુ નજરે ન ભાળ્યો, સાસરિયાનું સુખ નવ દીઠ રે,
અમૃતપે અતિ લાગે મીઠું, નામ ધણીનું રૂડું રે...............................૧
કોઈ કાલનો જીવ ભૂલ્યો ભમે છે, ઠરી નહિ બેઠો ઠામ રે,
આવ્યો પ્રાણી લ્હાવો જ લેવા, ભેદુ વિના ભટકાયો રે......................૨
માર્ગ મેલી કુમાર્ગે ચાલ્યો, નહિ જડયું ગામ ને ધામ રે,
રણછોડના સ્વામી સુંદીરવર, ઘેર ઘેર ભટકાણો રે..........................૩

પદ – ૫૦

હું તને પૂછું મારી વેરણ નિદ્રા, તું છે નાર ધુતારી રે,
નથી ધુતારી હું તો નથી ઠગારી, હું છું કોમલ નારી રે...............ટેક
પ્રાણીમાત્રને વિશ્રામ આપું, દુઃખસુખ મેલું વિસારી રે,
નાટક ચેટક ભાંડ ભવાઈ, ત્યાં તો હું નવ જાઉં રે....................૧
કથા કીર્તન ઘોળ મંગલ, ત્યાં જઈ પાવન થાઉં રે,
ભલે મળ્યા મહેતા નરસૈંયાના સ્વામી, નિદ્રામાં સુખે પોઢયા રે.......૧

પદ – ૫૧

પ્રાણ થકી મને વૈષ્ણવ વ્હાલા, રાતદિવસ હૃદયે રાખ્યા રે,
જોબનથી તે વૃદ્ધત્વ સુધી, રામનામ વિસાર્યા રે....................ટેક
અંબરીષ રાજા મને અતિ વ્હાલા, દુર્વાશા એ મન ભંગ કીધા,
મેં મારું અભિમાન તજીને, ચક્ર સુદર્શન લીધું રે....................૧
ગજને માટે હું પાદે ધાયો, હરિજનને સહાય દેવા રે,
ઊંચ નીચ હું કાંઈ જ ન જાણું, મુજને ભજે મુજ જેવા રે..............૨
લક્ષ્મી અર્ધાંગના મારી, મારા સંતની દાસી રે,
અડસઠ તીર્થ મારા સંતને ચરણે, કોટિ ગંગા કોટિ કાશી રે...........૩
સંત ચાલે હું આગળ ચાલુ, સંત સુએ હું જાગું રે,
જે મારા સંતની નિંદા કરશે, તેને કુલસહિત ભાંગું રે................૪

મારો બાંધ્યો વૈષ્ણવ છોડાવે, વૈષ્ણવના બાંધ્યો મેં ન છૂટે,
એક વાર વૈષ્ણવ મને બાંધે, તો એ બંધન નવ તૂટે રે.................૫
બેસી ગાઈ ત્યાં ઊભો સાંભળું, ઊભો ગાઈ ત્યાં નાચું રે,
વૈષ્ણવથી હું ક્ષણ ના અળગો, માન નરસૈંયો સાચું રે.................૬

## પદ –પર

આજ સોનાનો સૂર્ય ઉગ્યો, વ્હાલાજી ઘેર આવ્યા રે,
કામકાજ મને કાંઈ ન સૂઝે, મોહનજી મન ભાવ્યા રે...............ટેક
આજ મારે મન આનંદ અતિઘણો, પાથરણાં પથરાવું રે,
ચૂવા ચંદન કસ્તુરીના છાંટાણિયા છંટાવું રે આજ સોનાનો...........૧
પ્રેમ આણીને પૂરું સાથિયા, તોરણ દ્વારે બંધાવું રે,
આરતી ઉતારું મારા કૃષ્ણજીવણની મોતીડે વધાવું રે.................૨
ઘુઘરી ઘમકે ને ચાલે ઠમકે, સોના અંબર શોહે રે,
કંઠે હાર, હાથે બાજુ બંધ, લટકે ત્રિભુવન મોહે રે..................૩
રૂમઝુમ રૂમઝુમ હું તો ચાલુ દૂર્જન લોકો હસે રે,
ભલે મળ્યા મહેતા નરસૈંઈના સ્વામી, નિંદનારા હાથ ઘસે રે........૪

# રાગ–મારુ

## પદ – પ૩

આવ્યા રે આશભર્યા, વ્હાલાજી અમો આવ્યા રે આશભર્યા,
વીંધાયા મન નહિ વળે પાછાં, તારી મોરલીએ પ્રાણ હર્યા..........૧
સુતને મેલી, અમો પતિને મેલ્યાં, મેલી કુલ મર્યાદા,
માત તાત વિસાર્યા મોહનજી, શ્યામ તમારે કાજ.................૨
એવાં એવાં વચન સુણી હરિ હસીઆ, આપણે રમીશું રાસ,
મોટા કુલના તમો રહેવાશી, પૂરો મારા મનડાની આશ...........૩
સુંદર રાત શરદ પૂનમની, સુંદર આસો માસ.
નરસૈંયાના સ્વામી સંગે રમતાં, રજની થઈ ષટ્ માસ............૪

પદ – ૫૪

રૂડું રમતાં વૃંદાવન, રૂડું રે રમતાં,
ક્ષીર ખાંડ ઘૃત મહીરે ભેળીને, કેવું લાગે જમતાં...વૃંદાવન .....ટેક
મોટા મુનિને ધ્યાને ન આવે, યોગી દેહ દમતા,
મુકિત થકી અવતાર ભલેરો, હરિ હરને ભજતાં.................૧
ગોપી ગોવાલાની ગોઠ મલીને, રમત રૂડી રમતાં,
નરસૈંયાના સ્વામીની સંગે દમતાં, હવે રાખ્યા ભમતાં રે.........૨

## રાગ – બિહાગ

પદ – ૫૫

ચલના રે મેરે ભાઈ, મારગ ચલના રે મેરે ભાઈ,
દિન દશ આગે દિન દશ પીછે, મત કોઈ કરો રે બડાઈ.........મારગ...ટેક
કાહુકો ઘર પાંચ કોસ પર, કાહુકો દશવીશ,
સંતનકો ઘર નિજપુરીમાં, રામનામ જુગદીશ.................મારગ...૧
આ હાટવાડે સોદે આયો, કછુ દેકે કછુ પાયો,
તોટા બ્હોળા સોહી જાણે, જેણે એ હાટ લગાયો...............મારગ...૨
તેરા શિર પર જમ છે વૈરી, અજહુ સમજ મેરે ભાઈ,
કહે કબીર સોઈ જન ઉગર્યા, જેણે સમર્યા રઘુરાઈ.............મારગ...૩

પદ – ૫૬

ઘર કર દરિયા માંહે, મચ્છી ઘર કર દરિયા માંહે,
શીલર તોરા દો દિન બાસા, અંતકાલ કહાઁ જાશી મચ્છી............ટેક
જહાઁ નહિ જાલ, જહાઁ નહીં ઢીમર, જહાઁ નહિ બંશી બજાય,
અમર લોક જહાઁ મરણ ન પાવે, ઉત્પત્તિ પ્રલય નહિ................૧
સબસે બડે સબ હી હે તેરે, સબ હૈયાં માંહી,
કહે કબીર સુનો ભાઈ સાધુ, ગ્રહો શબ્દ કી બાંય મચ્છી.............૨

પદ – ૫૭

તુમ ઘર જાઓ મેરે વીર, ભરતજી, તુમ ઘર જાઓ મેરે વીર,
રૂદન કરે કૌશલ્યા મૈયા, જઈને ઘરાવો ધીર........................ટેક
ભૂખોં કો કછુ ભોજન દીજે, નગ્ન કો પટ ચીર,
અવધપુરી કો રાજ કરોગે, ન્હાજો સરયુ નીર.........................૧
સીતા સતી અરુ જતી સંગાતે, ચલી હૈ સમુદ્રકે તીર,
તુલસીદાસ કૌશલ્યા સુતકો, મિલ મિલ વિનવે વીર...ભરતજી.........૨

પદ –૫૮

બાજત યમુના તીર મુરલી, બાજત યમુના તીર,
શબ્દ સુની ઊઠી ઘાયે વ્રજબાલા, વિસરી તનકાચીર............ટેક
ચારો ચરતાં ગૌઘેન મોહ્યાં, બછડા તજ ગાયા ક્ષીર,
સુરિજન મોહ્યાં, મુનિજન મોહ્યાં, મોહ્યાં રાય ગંભીર...........૧
વૃંદાવનમેં રાસ રચ્યો હૈ, સોળશે ગોપી ને જદુવીર,
સુનકે પ્રભુજીકી મોરલી, સ્થિર રહ્યો યમુના કે નીર.............૨

પદ – ૫૯

હરિને મનાવી ઘર લાવો રે, ઓઘવજી, પ્રભુને મનાવી ઘર લાવો,
જે હરિ કહેશે તે અમો કરીશું, જેમ તેમ કરી સમજાવો રે................ટેક
બાલપણાની પ્રીત સંભાળો એકવાર ગોકુળ આવો રે,
મીરાં કહે પ્રભુ ગિરિઘરના ગુણ, આવડું શું તલસાવો રે..................૧

## રાગ–સોરઠ

પદ – ૬૦

ગિરિઘર પ્રીતમ પ્યારો, રાણાજી મારે ગિરિઘર પ્રીતમ પ્યારો,
હૈ ઘટભીતર ઘટહું સે ન્યારો સબકો સર્જનહારો રે...રાણાજી.........ટેક
ઘના ભગત કો ક્ષેત્ર નીપજાવ્યો, નામ કો છાપ છવાઁયો,

કબીરા કે ઘર પોઠ જ લાયે, આપ ભયો વનજારો....................૧
વિષ ફેડી ને વિષયા કીધી, ભકત ચંદ્રહાસ ઉગાર્યો,
ગૌતમ નારી અહલ્યા તારી, કીર કુટુંબ સબ તાર્યો.................૩
ગજ કે કારણે પ્રભુ પાદે ધાયા, દ્રોપદીકો ચીર બઢાયો,
હિરણાકંસકો ઉદર વિડાર્યો, જન પ્રહલાદ્ ઉગાર્યો...................૪
મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ, સબ સંતનકો પ્યારો રે,
જન્મો જન્મ કી દાસી તુમ્હારી, કહો રાણા કોન વિચારો રે...........૫

પદ – ૬૧

ખેલે રાત અંધારી રે તારો જન ખેલે રાત અંધારી રે,
દસ પાંચ મિલકર વૈષ્ણવ આયે, જુઓ મન વિચારી રે...તારો...ટેક ડાલુ
ભરકર ઘઉં કો લાયે, ઉપર નાંખી થાળી રે,
આંગળ આયે હડસેલો દિનો, સાંભળ સુલક્ષણા નારી...........૧
વ્હાણું વાશે ત્યારે પગીઓ આવશે, શી ગતિ થાશે મારી રે
ઝરમર ઝરમર મેહુલો વરસ્યો, પ્રભુજીએ વાત સુધારી રે.......૨
સંતને કારણે ચોરી કીની, મરણ કી શંકા ન આણી,
ઘાટમદાસ જાતકો મેણો, આયે શરણે તુમ્હારે.........તારો...૩

## રાગ–સોરઠી

પદ – ૬૨

નહિ આવ્યા રે, નહિ આવ્યા, નાથજી નહિ આવ્યા,
મળી મથુરામેં મોહિની નાર, ગોકુળિયું કેમ ભાવે............નાથજી ...ટેક
આગળ હતા ગોવાળિયા, થયા મથુરાના રાય;
કહો ભાઈ ગોકુલમેં કેમ રહેવાયે, નિત નિત દોહવી પડે ગાય..
નાથજી...૧
મથુરામેં હરિ શાલ દુશાલા, નાના વિધના વાગા,
ગોકુળિયું મેલીને વ્હાલો નાશી ગયો, કાળી કામળિ કાજ..
નાથજી..૨

કંસરાયની દાસી કુબ્જા, ખુંધી ને વળી ખોડી;
કાળી કુબ્જા ને કાળો કહાનજી સરખે સરખી જોડી................નાથજી...૩
વૃંદાવનની કુંજ ગલિનમેં, હરિએ રમાડયો રાસ,
નરસૈંયાનો સ્વામી અમને મેલી ગયો, કરી ને ગયા નિરાશ........નાથજી...૪

### પદ – ૬૩

દેખી દેખી શ્રી રામજીકો રૂપ, જનકરાજા મોહી રહ્યા...........ટેક
રાજા પૂછે સુનો ઋષિરાય, એ દૌ બાલક કોના,
કોણ નાગરીમેં જન્મ લિયો હે, કહો જી કહાઁ કે વાસી............૧
ઋષિ બોલ્યા સુનો રાજાજી, અયોધ્યા કે વાસી,
રાજા દશરથ ઘર જન્મ લિયો હૈ, પુરણ બ્રહ્મ અવિનાશી.........૨
દેશ દેશ કે રાજા આયે, ઔર દુનિયા ભૂપાલા,
બ્રહ્મા બૈઠા ને મહાદેવ બૈઠા, ધનુષ ઉઠાયો કીન જાય............૩
જબ રઘુનાથે ધનુષ ઉઠાયો, સભા રહી મુરઝાઈ,
ગોરે ગોરે તનીયા મૃગ લોચનિયા, ઈન પર ડારી વરમાલા.....૪
ધન દશરથ ધન કૌશલ્યા મૈયા, જેણે હરિ ગોદ ખેલૈયા,
તુલસીદાસ પ્રભુ રૂપ નિહાળુ, જન્મો જન્મ યશ ગાઉં...........૫

### પદ – ૬૪

મને કાનજી જોયાના કોડ, સૈયર ચાલોની મને કાનજી જોયાના........ ટેક
દહેરે દહેરે દીવા કરું, પુજું હું શંકર દેવ,
શ્યામળિયો વર પામવા, હું કરું શંભુની સેવ..........................૧
ચંદનભરી તલાવડી રે, મોતીએ બાંધી પાળ,
કાનજી ધુએ રૂડાં ધોતિયાં રે, રાધા લાવે પાણીની હેલ.................૨
સાસુ અમારી જશોમતિ, સસરા શ્રી નંદલાલ,
કંથ કોડીલો કાનજી રે, મારું સાસરું ગોકુળ ગામ.....................૩
ગોકુળ ગામની ગોવાલણીને હીંડે મલપતી ચાલ
તેના ઉપર મોહન મોહી રહ્યો, એનું મુખડું લાલ ગુલાબ..........સૈયર
ગાઈ શીખે ને સાંભળે રે, રાણી રાધાજીનો રાસ
તે નર વૈકુંઠ પામશે રે, ગુણ ગાયે નરસૈંયો દાસ.....................૪

# કેદારાની સાખી

પદ – ૬૫

કેદારો જબ કીજીએ, મુખે જપીએ રામ,
અવર રાગ સૌ દેવતા, મારે કેદારો ભગવાન.............૧
કેદારો કુંકણ લવે, મોર લવે મલ્હાર,
તું શું લવે બાઈ શંખણી, તારે પુત્ર ન લખ્યો લલાટ........૨
કેદારો જબ કીજીએ, આધી રૈન જબ જાય,
મેં સુતી ભરનિદ્રા મેં, પિયા કોન સુખડ નર ગાય..........૩
જલધારા નયણે ઝરે, રુદન કરે તેણી વાર,
વ્રજનારી વિઠ્ઠલ વિના, પામી દુઃખ અપાર..............૪

પદ – ૬૬

ધન ધન રે ગોકુલિયું ગામ, ધન આ ધરતીને,
મારે વ્હાલે કીનો વિશ્રામ, ધન આ ધરતીને...................ટેક
ધન રે કહીએ પેલા ઝાડ કદમને, ઝાડે બેઠા ભગવાન,
ઝાઝા ઝાડવા ઝુમી રહ્યાં રે, પ્રભુજીને કરે પ્રણામ..............૧
ધન રે કહીએ પેલા નીર યમુનાને, ત્યાં બેસી હરિ ન્હાયા,
ધન રે કહીએ પેલી વાંસલડીને પ્રભુજીના મુખ પર વાગે........૨
ધન રે કહીએ પેલા મોર પીંછને, મોહન મુગટ બિરાજે,
ધન રે મહેતા નરસૈંઈની જીભલડી, હેતે હરિગુણ ગાયા...ધન...૪

પદ – ૬૭

તમે કેમ આવ્યા વ્રજનાર, મંદિર પરહરી,
પરહર્યા નાના બાળ, વ્રજની સુંદરી રે........................ટેક
મધ્ય નિશા રૂડાં મંદિર તજીને, આવ્યા છો વનમોઝાર રે,
એક એકથી દીસો અતિરૂડા, તમો છો કુલવંતી નાર...............૧
વેદ પુરાણમેં સુન્યું હશે, સ્ત્રીને ભજવા કંથ,
ધર્મ તમારો તમને કહીએ, જુઓ વિચારી ચિત્ત..................૨

મનવિમાસી ગોપી અબલાં ઊભાં, તમે શું કહો છો પ્રાણજીવન,
અમો ભજીએ વનમાળી વ્હાલો, એમ વિનવે ગોપીજન.................૩

## થાળના પદો

### પદ – ૬૮

આરોગો નૃસિંહ મહાપ્રભુ, આરોગા નૃસિંહ,
છપ્પન ભોગસે ભોજન, નાનાવિઘ કે રંગ ........................ટેક
લક્ષ્મીભોજન આપ સંભાર્યો, મનમેં ઘાર્યો ઉમંગ,
પતવાળાં નારદમુનિ લાયો, જલભર લાયે ગંગ...........મહાપ્રભુ...૧
ભાવપ્રીત કર ભોજન કીજે, તુમ મેરે પ્રાણ આઘાર,
અંતર કી ગત અંતરર્યામી, સબ બિઘ જાનહાર........... મહાપ્રભુ...૨
આરતીસાજ ઈંદ્ર લઈ આયે, દૂર કિયો પટ ચીર,
સનક સુનંદન ચમર ઢોળાવે, ગાયે દાસ કબીર........... મહાપ્રભુ...૩

### પદ – ૬૯

આરોગો રઘુવીર મહાપ્રભુ આરોગો રઘુવીર...............ટેક
પ્રફુલ્લિત હોયે પીરસે જનુની, ઢોળત શીતલ સમીર.........૧
કંચનથાળ જડિત કટોરા મિઠાઈ અરૂખીર..................૨
છપ્પનભોગ છત્રીસે ભોજન, નાનાવિઘ કે રંગ.............૩
રામ હી લક્ષ્મણ ભરત શત્રુઘ્ન, રાજીત ચારે વીર...........૪
જનકસુતા ઝારી લઈ આયે, સરયુકો નીર..................૫
ચૂવાચંદન ઔર અગર જા, અર્ચત શ્યામ શરીર.............૬
આચમન કરકે બીડાં લીજે, ગાવે દાસ કબીર..............૭

### પદ – ૭૦

ભોજન કીજે ભાવતાં, પકવાન મિઠાઈ,
પેંડા પતાસા પુરીઓ, સુખડી સુખદાઈ............૧
માલપુડા ગળી વેડમી, રૂચી આવે તો લેજો,

દાળભાત રૂડા રાયતાં ભૂલ હોય તો કહેજો
શીતલ જલ જમુનાતણા, પ્રભુ પ્રેમે પીજો..........૨
બીડું બનાવું પાનનું, લક્ષ્મીવર લેજો,
સેજ સમારુ રૂડા પુષ્પોના, પ્રભુ પોઢન કરજો,
પ્રીતમના સ્વામી શ્યામલા, નિત દર્શન દેજો........૩

## રાગ—ઘાનાશ્રી

### પદ – ૭૧

હરિતારા બાનાની પત રાખ, હરિ તારા બાનાની પત રાખ રે,
બાના રે માટે જો દુઃખ દેશો, કોણ જપે તારો જાપ રે.................ટેક
રોહીદાસની તમે પત્રાળી બીની, નવ જોઈ જાતને ભાત રે,
સેના માટે સન્મુખ રહીને, નાયી કહેવાયા નાથ રે....................૧
પ્રહ્લાદની પ્રતિજ્ઞા પાળીને, સ્તંભમાં પૂર્યો વાસ રે,
તાતી કઢા શીતલ કીઘી, સુઘન્વા ને કાજ રે.......................૨
પંચાળીના પટકુળ પૂર્યા, રાખી સભામાં લાજ રે,
સાગરમાંથી ડૂબતો રાખ્યો, રામ કહેતાં ગજરાજ રે..................૩
ઝેરના અમૃત કીઘાં તમે, આપ્યા મીરાંને હાથ રે,
મહેતાને માંડલીક મારવા આવ્યો, કેદારો લાવ્યા મઘરાત રે..........૪
ભકતોના તમે સંકટ કાપ્યાં, ત્યાંરે આવ્યો વિશ્વાસ રે,
તુલસીના સ્વામીને કહું કર જોડી, પૂરો મારા મનની આશ રે.........૫

### પદ – ૭૨

વૃંદાવનમાં રમત માંડી, ગોપી ગોવિંદ સાથ રે,
પિતામ્બરની પલવટ વાળી, સામાસામી સોહાવે રે............ટેક
ઝાંઝર ઝમકે ઘુઘરી ઘમકે, પાયે નુપુરનો ઝમકાર રે,
એક એક ગોપીને બીચ બીચ માઘવ, અપાર રે...............ટેક
મોહન મસ્તક મુગટ બિરાજે, તે જોતાં મન મોહે રે,
ગોરી શી રક્ષા ઝલકે, કાને કુંડલ શોહે રે......................૧

ખેલ રચ્યો રાધાવર રૂડો, ઉલટ અંગે ન માય રે,
ધન ધન કૃષ્ણલીલા રસ પ્રગટે, પુષ્પવૃષ્ટિ ત્યાં થાય રે........૨
અમર આશિષ દે ઉપરથી, ચરણ જાચે રે,
નાનાભાત વિલાસ જોઈને, મનમાંહી અતિ રાચે રે...........૩
સુરિનર મુનિજન વિચારે, પાર ન પામે કોઈ રે,
ઉમિયા ઈશ્વરકૃપાથી ઉભા, નરસૈંયો રંગ જુએ રે............૪

## રાગ—સામેરી

### પદ – ૭૩

મેલી નવ જાશો રે મીઠડા માવજી રે, તમને કહું છું વારંવાર રે,
અળગા નવ રહેશો રે એક અર્ધ ઘડી, હું તો વિનવું વારંવાર રે.............ટેક
ચુપ કરીને રે એમ નવ ચાલીએ, મારો થોડો થોડો જીવ થાય,
કેમ કરી રહીએ રે હરિ અમે એકલાં, સુનું મંદિર ખાવા ધાય..............૧
સગાં ને સ્નેહીઓ રે વ્હાલું મારે કોઈ નહિ રે, તમો અંતર્યામી છો નાથ,
પ્રભુ તમો વિના પ્રાણ છાંડીશું, જાણે મારી બાલપણાની વાત રે............૨
એકવાર આવો રે આણી આવી પ્રીતડી, તમે મારા આત્માના આધાર,
દાસ જેના રસીયા રે, વ્હાલા તમો વિના કેમ રહેવાય....................૩

### પદ – ૭૪

જુવાનીને દહાડે હરિને ભજયા નહિ રે, મોહ્યું પરદારા પર મન રે,
વળી કાંઈ ખોયું રે, કામની કલ્પના રે, માયા શું બાંધ્યું રે મન...............ટેક
પચ્ચીસ ને પચાસ રે, તે પ્રપંચે ગયા રે, આવ્યા સાઠ વર્ષના દિન રે,
સીત્તેર સુધી રે, કાંઈ સમજયો નહિ, હવે શું સાધવા ચાલ્યો વન રે...........૧
નયણે નહિ સૂઝે રે ગળે બહુ નાસિકા, સુકાઈ શિથિલ થયું તારું તન,
દંતને રેખુ રે મુખમાં દીસે નહિ, તો યે પાપી ઉદર માંગે અન્ન..............૨
ભાગ્યહીણો રે અવસર ઓળખ્યો નહિ, જાણે પેલો હરિના જન રે,
નરસૈંયાના સ્વામી રે સુખમાં સંભારજો, વ્હાલો મારો પૂરણ પ્રેમાનંદ રે.......૩

## પદ – ૭૫

ગોકુળિયું ગામ રે અતિ રળિયામણું રે ત્યાં મારા વ્હાલાજીનો વાસ રે,
વ્રજવનિતા રે સર્વે ટોળે મળી રે, રંગભરી રમવા રાસ રે....................ટેક
સુંદર યમુનાને કાંઠડે વ્હાલો વાયે વેણુ રસાલ,
શ્રવણે સુની સર્વે સંચરી રે, રોતાં મુકયાં નાનેરા બાલ રે....................૧
વિધવિધનાં વાજાં વાગીયાં રે, ગોપીકા ગાયે ગીત રસાલ રે,
રાસમંડલ રે વ્હાલે ત્યાં રચ્યો રે, ત્યાં નાચે મદનગોપાલ રે................૨
નિશા અજવાળી રે શરદ પૂનમની રે, સુંદર આસો માસ રે,
નરસૈંયાના સ્વામી રે મને ભેટયો રે, વ્હાલે પૂરી મનની આશ રે...........૩

## પદ – ૭૬

રૂડી ને રસાળી રે વ્હાલા તારી વાંસલડી રે, તે મારે મંદિરીયે સંભળાય,
સોના રૂપાનું રે હરિ મારું બેડલું રે ઓઢણિયે રત્ન જડાવું અમૂલ્ય..........૧
પાણીલાને કારણે બેની જોવા નીસરી, બેડલું મુકયું સરોવર પાળ,
ઓઢણી તો ભેરવી આંબાકેરી ડાળ રે, જીવ તો આકુલ વ્યાકુલ થાય........૨
કાનજી કોડીલો રે, છેડલો ગ્રહી રહ્યો રે, મેલો મેલો પાતળિયા ભગવાન,
સાસુ અમારી રે, અમો પર ખીજશે રે, નણંદ સાહેલી દેશે ગાળ............૩
એકને અંધારી હો બીજી મારી વેરણ રે, જાગ્યા ત્યારે ઝાંઝરનો ઝમકાર,
ઘણા દિવસની રે, ગુંજા સૌ ટોળે મળી રે, હવે મારે કરવો
શામળિયાનો સાથ......૪
રંગના ભીના રે, રમવા આવજો રે, વ્હાલે મારે અમને રમાડયા રાસ રે,
નરસૈંયાના સ્વામી રે, બાઈ મને ત્યાં મળ્યા રે, વ્હાલે મારે
રમાડયો રાસ રે........૫

## પદ – ૭૭

દ્વારિકાના વાસી રે, અવસરે આવજો રે,
તમો રાણી રૂકમણિકેરા કંથ રે,
દુષ્ટ દુર્યોધન રે, પાપી લાગ્યો, પીડવા રે,
ચૌદિશ નિહાળું તારો પંથ રે..........ટેક

સોડ વાળી શું સુતો શ્યામળા રે,
આળશ તજીને ઊઠો આજ રે,
લક્ષ્મીજી તલાશે રે, પ્રભુ તારા પાવમેં રે,
વ્હાલા તમો મહેર કરો મહારાજ રે........૧
ગ્રાહ મુખમેંથી રે, ગજને મુકાવ્યો,
કીધી તમે સુધન્વાની સહાય રે,
નૃસિંહ રૂપે રે, હિરણાકંસ માર્યો રે,
વ્હાલે મારે ઉગાર્યો પ્રહ્લાદ રે............૨
છપ્પન કોટિ રે, યાદવ તારા રે,
સંગે બલિભદ્ર સરખા ભ્રાત રે,
કાલિનાથ નાથ્યો રે, જરાસંઘ જીત્યો રે,
તે બલ કહાઁ ગયું મહારાજ રે.............૩
ધ્રુવને પ્રહ્લાદે રે, ગર્ભમાં તપ કીધા રે,
તેને વ્હાલે આપ્યાં અવિચલ રાજ રે,
સાત વર્ષેમેં રે, હરિએ ગોવર્ધન કર ધર્યો,
પૂર્યા વ્રજવનિતા કેરા લાડ રે............૪
વસમી વેળાએ રે, વ્હારે ચઢજો વિઠ્ઠલા રે,
ધાજો તમે છત્રપતિ મહારાજ રે,
સ્વારી કરજો રે, વ્હાલા મારા ગરૂડની રે,
નરસૈંયો વિનવે વારંવાર રે.............૫

પદ – ૭૮

વાતલડી કરતાં રે, વ્હાણું વાઈ ગયું રે,
શા શા કહું રાતલડીના રંગ રે,
મંદિરીયે જાવા રે, મન મારું થાય નહિ રે,
કેમ મૂકું શ્યામળિયાનો સંગ રે..........ટેક
રાધારત ન્યાળી રે, મોહન મહામણિ રે
સુંદર કુંજ મોઝાર રે

સજની રજની રે, રંગ ભરી ઝીલતા રે,
ત્યાં સુખનો ન લાગે પાર રે...............૧
મંદિરીયે મારે રે, મહીં વલોવતી રે,
હૈયું તો મારું હરજીને હાથ રે,
નરસૈંયાના સ્વામી સંગે રે, રંગ ભરી રમતાં રે,
મેં નવ જાણી દિન ને રાત રે...................૨

## પંચમનાં પદો

પદ – ૭૯

રાતલડી રમીને રે કયાં થાકી આવ્યા રે
બળવંત બારણું મા ઠેલ રે,
તમો પધારો રે મંદિર નારને રે,
જયાં તમે કીધી રંગની રેલ રે...........ટેક
રાતારાતા નયણા રે અતિ નિંદ્રા લાવે,
રાતી દીસે અધર બિંબની રેખ,
મોલીડાને છુટયા રે કેશ વિખરાઈ ગયાં રે,
ધર્તી ધુતારો તારો વેશ રે...............૧
પહેર્યાં પીતામ્બર કયાં પ્રભુ પલટયાં રે,
પારકી પટોળી પાછી આપ રે,
તમો ટેવાયા રે મંદિર શોકને રે,
અમ ઘરે આવજો રે કાલ...............૨
પંચમ ઓળખ્યો રે પંખીએ સ્વર પુર્યાં,
વ્હાલા મારા પ્રગટ થયો પ્રભાત રે,
નરસૈંયાનો સ્વામી રે વહાણે ઘરે આવ્યા રે,
વ્રેહ ઘણો ને થોડી રાત રે.

પદ — ૮૦

મનષા દેહનું ટાણું રે કાલે તારું મટી જશે રે,
ચોરાશીમાં ઘરશો બહુ અવતાર રે,
આ અવસર રે ફરી નહિ મળે રે,
હરિગુણ ગાજો નરને નાર રે...............ટેક
ગર્દભ થઈને રે ગલીઓમેં ભટકશે રે,
સાંજ પડે કુંભાર ન લે સંભાળ રે,
ઉકરડે ચઢીને રે ભુંકણ ભુંકશો રે,
શિર પર ઘરશે વણતોલ્યો ભાર રે..........૧
ગૌસુત થઈને રે બોજો બહુ ખેંચશે રે,
નહીં આવે પંથીડાનો પાર રે,
આંખે અંધારી રે ઘાણીમાં ઘાલશે રે,
ઉપર બેસી મુરખ દેશે આર રે..............૨
ઊંટ થઈને રે બહુ બોજો ઉઠાવશો રે,
ખાવો પડશે આકુલને કંથાર રે,
હાથીને હડસેલે રે ઘરને ભીડાવશે રે,
ઉપર અંકુશ કેરા માર રે.................૩
વાગોળ થઈને રે ઉંધે મસ્તકે ઝુલશો રે,
ખાશો ભિન્ન ભિન્ન વનફલ રે,
ડાળે પંખી માળા ઘાલશે રે,
કાયા પર પડશે રે ઘાવ.................૪
નરસૈંયો કહે છે રે રૂડી વિનંતી રે,
ઉર કોઈ ઘરજો નરને નાર રે,
થોડું કહ્યું ઘણું કરી માનજો રે,
કાયા માયા જતા ન લાગે વાર રે.........૫

પદ – ૮૧

ઓધવ કહેજો રે અમારી વિનંતી રે
અમને કહો કોનો આધાર રે,
વીરા અમારા રે હરિનું મન મિલાવજો રે,
તમે જાશો વૈકુંઠ મોઝાર રે.............ટેક
દુઃખના ડુંગર રે મારે મસ્તકે ફરે રે,
હરિ વિના મારે હૈયે શોક રે,
વ્રેહના ભડકા જો આગમેં પલટાશે રે,
બળવંત આવી ઝાલો બાય રે..........૧
વિષ પાઈને રે વ્હાલાજી શાને ગયા રે,
દુઃખ દેખાડયાં દીન દયાળ રે,
પ્રાણ અમારા રે સંગે ચાલશે રે,
દેહની કરજો સંભાળ રે...............૨
એવું સુખ સંપન્ન નહિ મળે રે,
નયણે ન ઉંઘ મારા નાથ રે,
નિદ્રા મધ્યે રે નિર્ભય થઈ રહો રે,
મારા સુંદર શ્યામની પાસે રે.........૩
વીરાને બોલાવી રે વ્રજવનિતા વળ્યાં રે,
ઓધવ આવ્યા હરિની પાસ રે,
ગોપીની વિનંતી રે હરિ પ્રતિ કહી રે,
નયણે આંસુકેરી ધાર રે.............૪
નરસૈંયાના સ્વામી રે ચતુર શિરોમણિ રે,
ગોપીઓને રાખો તમ પાસ રે,
ઓધવ કહેજો રે અમારી વિનંતી રે,
પ્રભુ પધારજો ગોપીઓની સાથ રે...૫

પદ –૮૨

દિવેલ ખુટયું રે કુસકા ખાંડતા રે,
નવ લીધું હરજીનું નામ રે,
અહીં તું આવ્યો રે કાંઈ ઉપર જવાને રે,
એ શું કર્યું તેં કામ રે................ટેક
માનવ ભવ મહામણિ જડયો રે,
ભજવાને સારંગપાણિ રે,
વહોરતને વ્હોરી રે કાચ કથીરની રે,
જાણે ચતુર સુજાણ રે...............૧
જયાં લાગી ગરથ ગાંઠ છે રે,
ત્યાં લાગી સૌ કોઈ ધરશે હેત રે,
વિપત્તિની વેળા રે બધું વિસરાયું રે,
સમજી સવેળા ચેત રે...............૨
પગતણી એડીએ રે મૂરખ મૃત્યુ છે રે,
મુખ ઉચ્ચરે, મા દોડતો રે,
રખે તું પડ કુડા કર્મમાં રે,
પરનું પુરવાને કોડ રે..............૩
હરિ હરિ બોલોને સૌ હેત કરી રે,
એટલું છે સર્વે સાથ રે;
વિદ્યવાન રૂડો રે છેલને છત્રપતિ રે,
તે ગયા ઘસતાં હાથ રે............૪
વસ્તુ દેખી કયાં વિહ્વળ થયો રે,
આગળ આવશે રે પ્રાણ,
રામકૃષ્ણ પ્રભુ રે, તું છે સાચો સગો રે;
તેને શરણે જઈને રહેજો રે.........૫

# ચરચરીના પદો

## પદ – ૮૩

ઘડી રે ઉપર ઘડિયારા વાગે, ઉંમર ઓછી થાય
આ અવસર છે હરિ ભજવાનો, કહો કેમ રહીએ સોઈ........ટેક
નાના થકી મોટેરાં કીના, માતા મંગલ ગાય,
કાલ અવસર તો કોઈએ ન દીઠા, ઓચિંતો વળી આવે........૧
જોબનિયના મોજા ફોજા, જાયે નગારાં દેતી,
અંતકાલ તો આવી મળશે, કોઈ ન શકયો ચેતી..............૨
સંસાર સઘળો કાળે ખાધો, આખર આ વર રુડો,
જમદૂત તો જોતાં રહેશે, હરિને નામે છુટો..................૩
હરિને ભજીએ ભવશું તરીએ, નરહરિવરને નમીએ,
લાજ કાજ તો લક્ષ્મીવરને, રમાડે તેમ રમીએ..............૪
હરિને ભજીએ બીજું તજીએ, માયા મોટી ખાઈ,
દેખત દેખત ડુબકા મારે, દુનિયા ડુબી મુઈ...............૫
આ અવસર છે હરિ ભજવાનો, જો જો મન વિચારી,
સર્જનહારનું સ્મરણ ભુલ્યો, જીતી બાજી હારી..............૬
કોઈએ બાળી, કાયા કોઈએ ગાળી, કોઈએ કાયાને દાટી,
પવન ભેગો પવન થાશે, મિટ્ટી ભેળી મિટ્ટી...............૭
નરસૈંયાનો સ્વામી શ્યામળિયો, વેદ પુરાણે સાચો,
જમના શિર પર પગલું દઈને, વેગે વૈકુઠ જાશો.............૮

## પદ –૮૪

જોબનિયાને જોરે તું તો, ગોવિંદ ગુણ ન ગાવે,
આજકાલ કરતાલ ઝાંઝરીઆ કાળ ઓચિંતો આવે..........ટેક
સાજ ઘટે સાધન નવ કીધાં, ધામ ધુમ મેં ફસાયો,
મંદિર મેં પાવક પ્રજળ્યો, કૂપ ખણાવવા લાગ્યો.............૧

સંસાર સઘળો તું ભમી આવ્યો, જીવ તું હજીએ ન ચેત્યો,
ઘટમેં ઘાવ પડયો ગડગડિયો મૂરખ મન પસ્તાય...............૨
શ્યામ સરોવર ઝીલવા પેઠા, વિષયા પાર ન પાવે,
બુડતો જીવડો વલખા મારે, તરવા તુમડાં વાવે.................૩
સાજે સરોવર પાર ન બાંધી, હરિ ભજી ભલો ન કહાવ્યો,
ભણે નરસૈંયો જયારે ભોમ ઘરી, ત્યારે મુખે રામ ન આવ્યો......૪

## વિભાસનાં પદો

### પદ – ૮૫

આયો મોરે અંગના રે, ભલે થકીજે ભોર ભયે,
દીપક કી જયોત ગઈ રે, ચંદ્ર થયો અસ્તેજ,
આજ કી રૈન પ્રિયા કહાં કીનો રંગના...ટેક
કપાલે કેસરવર્ણો ટિકો, મુખકા તંબોલ ફિકો,
સખીઓ ને રંગ લાગ્યો, ગોપી ખુંચી કંગના...૧
મુખથી સાચું બોલો, હૈયાનો કપટ ખોલો,
શ્રીભટ્ટ કહે પ્રભુજી કો, કહેતી હૈ ગોપાગંના...૨

## હાલેરૂં

### પદ – ૮૬

સંસાર રૂપી પારણું, સુત.........................હાલેરૂં રે,
તામેં ઝુલે બહુ જીવ, કાલા.......................હાલેરૂં રે..ટેક
લક્ષ ચોરાશી ઝુલા ઝુલ્યો, સુત..................હાલેરૂં રે,
ઓળખ્યા નહિ પિયુ, કાલા.......................હાલેરૂં રે,...૧
ભોગ તેં સર્વે ભોગવ્યા, સુત.....................હાલેરૂં રે,
તેનો ગણતાં ન આવે પાર, કાલા................હાલેરૂં રે,...૨
કામના જે જે મનતણી, સુત.....................હાલેરૂં રે,
તે સર્વે મિથ્યા જાણ, કાલા.......................હાલેરૂં રે,...૩

વિષય વિષયવત્ ત્યાગ્યા, સુત..................હાલેરૂં રે,
કૃપા કરે કિરતાર, કાલા.......................હાલેરૂં રે,...૪
તન મન ધન તે ચોર છે, સુત.....................હાલેરૂં રે,
તે કરશે જીવની હાનિ, કાલા......................હાલેરૂં રે,...૫
કામ ક્રોધ ને મોહ છે, સુત.......................હાલેરૂં રે,
એ ત્રણે નરકના દ્વાર, કાલા......................હાલેરૂં રે,...૬
ચિંતા રૂપી સર્પણી રે, સુત.......................હાલેરૂં રે,
એણે ખાયો સર્વે સંસાર, કાલા.................હાલેરૂં રે,...૭
માયા મીઠી મોહિની રે, સુત....................હાલેરૂં રે,
તે નાંખે મોહની જાળ, કાલા.....................હાલેરૂં રે,...૮
જન્મ મરણ તો તેહ તણું રે, સુત................હાલેરૂં રે,
ટળે નહિ કોઈ કાળ, કાલા.......................હાલેરૂં રે,...૯
ઉંધે મસ્તક ઝુલ્યો રે, સુત.......................હાલેરૂં રે,
તેં કર્યો ગર્ભ મેં વાસ, કાલા.....................હાલેરૂં રે,...૧૦
પાર નહિ પીડા તણી રે, સુત....................હાલેરૂં રે,
તેણે થયો જ્ઞાનનો નાશ, કાલા...................હાલેરૂં રે,...૧૧
દુર્લભ દેહી દેવને રે, સુત........................હાલેરૂં રે,
તે પામ્યો નિરધાર, કાલા.........................હાલેરૂં રે,...૧૨
ભજન કરો ભગવાનનું રે, સુત..................હાલેરૂં રે,
સમય ન આવે વારંવાર, કાલા..................હાલેરૂં રે,...૧૩
સગા સંબંધી કોઈ નહિ રે, સુત..................હાલેરૂં રે,
આ જૂઠો માયાનો ફંદ, કાલા.....................હાલેરૂં રે,...૧૪
વ્હાલ કરે ને વારે ઘણું રે, સુત...................હાલેરૂં રે,
ભજવા શ્રી મુકુંદ, કાલા..........................હાલેરૂં રે,...૧૫
સ્વાર્થે સગા સૌ થશે રે, સુત......................હાલેરૂં રે,
વણ સ્વાર્થે ત્યાગે એહ, કાલા......................હાલેરૂં રે,...૧૬
પાપ પુન્ય તો જે કર્યાં રે, સુત...................હાલેરૂં રે,
અંતે સાથે તેહ, કાલા...........................હાલેરૂં રે,...૧૭

વાસ કરો વનમાં જઈ રે, સુત..................હાલેરૂં રે,
તો પામશો પુરણ બ્રહ્મ, કાલા..................હાલેરૂં રે,...૧૮
ભક્તિએ ભીંજે ભુધરો રે, સુત..................હાલેરૂં રે,
એ જ વેદનો મર્મ કાલા.........................હાલેરૂં રે,...૧૯
ભોગ તે સર્વે રોગ છે રે, સુત...................હાલેરૂં રે,
જેણે કરી જીવની હાનિ, સુત...................હાલેરૂં રે,...૨૦
માતા મદાલશા એમ ભણે રે, સુત..............હાલેરૂં રે,
પુત્ર કહું સત્ય વાત, કાલા......................હાલેરૂં રે,...૨૧

## પદ – ૮૭

જ્ઞાન સ્વરૂપ તું આત્મા રે,.......................હાલેરૂં રે,
થયો શા માટે અજ્ઞાન, કાલા...................હાલેરૂં રે,
ત્રિગુણ માયામેં મળ્યો રે, સુત..................હાલેરૂં રે,
થયો કારજ કારણ વાત રે, કાલા...............હાલેરૂં રે,...ટેક
બ્રહ્મ ટળીને જીવ થયો રે, સુત..................હાલેરૂં રે,
તને આવ્યું દેહાભિમાન રે, કાલા...............હાલેરૂં રે,...૧
આપોઆપ નહિ ઓળખ્યો રે, સુત.............હાલેરૂં રે,
તારી ગઈ સુધ ને સાન રે, સુત..................હાલેરૂં રે,...૨
પરવર્યો પાંચે કોષમેં રે, સુત...................હાલેરૂં રે,
પ્રાણ છુટયો પવનમાં રે, કાલા..................હાલેરૂં રે,...૩
પવન પાણીમેં મળ્યો રે, સુત...................હાલેરૂં રે,
ભૂમિ મળી થયો અન્ન રે, કાલા................હાલેરૂં રે,...૪
અન્નથી રજ બીજ થયો રે, સુત................હાલેરૂં રે,
એમ આવ્યો ઉદરમાંહી રે, કાલા................હાલેરૂં રે,...૫
ઉદર પડયો દુઃખ ભોગવે રે, સુત...............હાલેરૂં રે,
ત્યારે કયાં ગયા મા–બાપ રે, કાલા.............હાલેરૂં રે,...૬
કમાઈ પડી તે આપવા રે, સુત..................હાલેરૂં રે,
એમ ભકિતનો દીનો કોલ રે, કાલા.............હાલેરૂં રે,...૭

એમ તે કાલાવાલા બહુ કર્યા રે, સુત...............હાલેરૂં રે,
ત્યારે નારદે દીધો કોલ રે, કાલા..................હાલેરૂં રે,...૮
અંગ ઉઘાડે તું જનમ્યો રે, સુત.....................હાલેરૂં રે,
અંતે જવું છે નગ્ન રે, કાલા.......................હાલેરૂં રે,...૯
પ્રીત ન જોડીશ પ્રાણીઆ રે, સુત..................હાલેરૂં રે,
તારે રહેવું એક જ રાત રે, કાલા..................હાલેરૂં રે,...૧૦
જૂઠાં તે સુતને સુંદરી રે, સુત......................હાલેરૂં રે,
તારા જુઠાં મા ને બાપ રે, કાલા..................હાલેરૂં રે,...૧૧
શું દીઠું સંસારમેં રે, સુત..........................હાલેરૂં રે,
તું તો આવ્યો વારંવાર રે, કાલા..................હાલેરૂં રે,...૧૨
પાંચ તત્ત્વનું પારણું રે, સુત......................હાલેરૂં રે,
તેમાં પોઢી સમાય રે, કાલા.......................હાલેરૂં રે,...૧૩
જન્મ મરણની ઘુમરી રે, સુત......................હાલેરૂં રે,
તેને સાન્તે તો સુખ થાય રે, કાલા................હાલેરૂં રે,...૧૪
ભોગતા થઈ ભોગ ભોગવે રે, સુત..................હાલેરૂં રે,
થયો જન્મ જન્મનો આધીન રે, કાલા..............હાલેરૂં રે,...૧૫
કર્મ કર્યા બહુ વિધના રે, સુત......................હાલેરૂં રે,
કર્મની થઈ તારી દેહ રે, કાલા......................હાલેરૂં રે,...૧૬
સગા સંબંધી કર્મના રે, સુત.......................હાલેરૂં રે,
તારા કર્મના ચૌદ લોક રે, કાલા...................હાલેરૂં રે,...૧૭
સુત ને સુંદરી બંને કર્મના રે, સુત.................હાલેરૂં રે,
કર્મ માયાનો થોક રે, કાલા........................હાલેરૂં રે,...૧૮
લક્ષ ચોરાશી રઝળ્યો તું રે, સુત...................હાલેરૂં રે,
તું બહુઘેર કહાવ્યો બાળ રે, કાલા................હાલેરૂં રે,...૧૯
પાંચે ઈન્દ્રીયને વશ થયો રે, સુત.................હાલેરૂં રે,
તારે વિપતનો શો વાંક રે, કાલા...................હાલેરૂં રે,...૨૦
જમના દૂત છે બીહામણા રે, સુત..................હાલેરૂં રે,
તને બહુવિધ દેશે માર રે, કાલા...................હાલેરૂં રે,...૨૧

કુંડ અઠ્ઠાવીશ નર્કના રે, સુત................હાલેરૂં રે,
તેમાં નાંખશે વારંવાર રે, કાલા..............હાલેરૂં રે,...૨૨
કાલા તે કામરૂદેશ છે રે, સુત................હાલેરૂં રે,
તને ક્ષણમેં નાંખશે જાળ રે, સુત.............હાલેરૂં રે,...૨૩
બળદની પેરે તને બાંધશે રે, સુત............હાલેરૂં રે,
તું વહેશે ભૂમિનો ભાર રે, કાલા............હાલેરૂં રે,...૨૪
કુલ કુટુંબનો બોજ વહેશે રે, સુત............હાલેરૂં રે,
તું તો ખર થયો મેદાન રે, કાલા.............હાલેરૂં રે,...૨૫
દેશને સર્વે તેં જીત્યા રે, સુત.................હાલેરૂં રે,
થયો કામિની કામ હેરાન રે, કાલા...........હાલેરૂં રે,...૨૬
આગળ પાણી ઊંડાં ઘણાં રે, સુત............હાલેરૂં રે,
તું ચેતી શકે તો ચેત રે, કાલા...............હાલેરૂં રે,...૨૭
જીવનમુકત ગુરુ કરો રે, સુત................હાલેરૂં રે,
તું ન જા બીજાને શરણ રે, કાલા.............હાલેરૂં રે,...૨૮
દેહ આત્માનો વિવેક છે રે, સુત.............હાલેરૂં રે,
તું છે તત્ત્વનો પાર રે, કાલા.................હાલેરૂં રે,...૨૯
જીવ ઈશ્વર એક ધામમેં રે, સુત.............હાલેરૂં રે,
તું દેહ છતે કરજે વિચાર રે, કાલા...........હાલેરૂં રે,...૩૦
ચાર દેહ વિના તું ન ઠર્યો રે, સુત............હાલેરૂં રે,
ભુંડી માયાને આવાસ રે, કાલા..............હાલેરૂં રે,...૩૧
રામકૃષ્ણ જન જાગ્યા રે, સુત................હાલેરૂં રે,
તું નાસી શકે તો નાસી જા રે, કાલા..........હાલેરૂં રે,...૩૧

## પ્રભાત તુલસીદાસનાં પદો

પદ – ૮૮

એક ઘડી દિન ઉગ્યા પેહલાં જો જિહ્વા મુખ રામ કહે,
કોટિ કલ્યાણ અભય પદ પાવે, પાપ બાપુરો કયાંહિ રહે...

એક રામનામનો મોટો મહિમા, શિવસનકાદિક ધ્યાન ધરે,
અજામેલ ગુનિકા ઘરવાસી, નારાયણને નામ તરે...............એક
કેસરી ગંધે મૃગલા નાસે, રવિ ઊગે જેમ તિમિર ટળે,
મેરૂથી મોટેરાં પ્રાયશ્ચિત, તે લઈ લક્ષ્મીવર દૂર કરે..............એક
રામનામે પ્રહ્લાદ ઉગાર્યે, જે કોઈ ભકિત ભાવે કરે;
પુરણબ્રહ્મ અખંડ અવિનાશી, ત્રિવિધ તાપ તેનાં ટળે...........એક
સંત સદાયને ભકિત અવિચળ, જેને હૃદયે રામ રહે;
તુલસીદાસ આશ રઘુવીરકી, ચરણકમલ ચિત્ત ધ્યાન રહે.......એક

## પદ – ૮૯

પ્રાતઃ સમે કૌશલ્યા રાની, અપનો પુત્ર જગાવૈ.................ટેક
નીલ અંગ પર પિત ઝિંગુલિયા, હરખી નીરખી પહિરાવૈ,
સુંદરશ્યામ કમળદળ લોચન, નીરખી પ્રથમ સુખ પાવૈ.......પ્રાતઃ
લેત દેત કહે બેદ બખાને, બ્રહ્મા ધ્યાન લગાવૈ,
સોઈ કરુણામયરામ દયાનિધિ, દશરથપુત્ર કહાવૈ.............પ્રાતઃ
કબહુ પલના ઘાલી ઝુલાવૈ, કબહુ ગોદ ખેલાવૈ,
કબહુ પાવન ચલન શિખાવૈ, માતુ સબૈ સુખ પાવૈ...........પ્રાતઃ
ધન્ય ધન્ય રાની કોશલ્યા, દશરથ ધન્ય કહાવે,
ધન્ય ધન્ય અયોધ્યા નગરનિવાસી, તુલસી દરસન પાવૈ......પ્રાતઃ
પ્રાતઃસમે કૌશલ્યા રાની, અપનો પુત્ર જગાવૈ.

## પદ – ૯૦

ભોળી રે ભરવાડણ, હરિને વેચવાને ચાલી રે................ટેક
ગિરિવરધારીને ઉપાડી, મટુકીમાં ઘાલી રે................ભોળી
શેરીએ શેરીએ સાદ પાડે, કોઈને લેવા મુરારિ રે,
નાથ–અનાથના ને વેચે, ચૌટા વચ્ચે આહીર નારી રે.....ભોળી.
વ્રજનારી પૂછે શું છે માંહી, મધુરી મોરલી વાગી રે,
મટુકી ઉતારીને જોતાં, મૂર્છા સૌને લાગી રે..............ભોળી.

બ્રહ્માદિક ઈંદ્રાદિક સરખા, કૌતુક ઊભા પેખે રે,
ચૌદ લોકમાં ન માય તે, મટુકીમાં બેઠેલ દેખે રે...........ભોળી.
ભકતજનોના ભાગ્યે વ્રજમાં, પ્રગટયા અંતરજામી રે,
દાસલડાને લાડ લડાવે, નરસૈંયાનો સ્વામી રે............ભોળી.

### પદ – ૯૧

જાગને જાદવા, કૃષ્ણ ગોવાળિયા, તુજ વિના ઘેનમાં કોણ જાશે ?
ત્રણસે ને સાઠ ગોવાળ ટોળે મળ્યા, વડો રે ગોવાળિયો કોણ થાશે ?
દહીં તણાં દૈથરાં, ઘી તણાં ઘેબરાં, કઢિયેલાં દૂધ તે કોણ પીશે ?
હરી તારો હાથિયો, કાળિનાગ નાથિયો, ભૂમિનો ભાર તે કોણ લેશે ?
જમુનાને તીરે, ગૌધણ ચરાવતા, મધુરીશી મોરલી કોણ વંહાશે ?
ભણે નરસૈંયો તારા ગુણ ગાઈ રીઝિયે, ડૂબતાં બાંહેડી કોણ સહાશે ?

### પદ – ૯૨

રાત રહે જાહ રે, પાછલી ખટ ઘડી, સાધુ પુરુષને સૂઈ ન રહેવું,
નિદ્રાને પરહરી, સમરવા શ્રીહરી એક તું એક તું એમ કહેવું..............રાત.
જોગિયા હોય તેણે જોગ સંભાળવા, ભોગિયા હોય તેણે ભોગ તજવા,
વેદિયા હોય તેણે વેદ વિચારવા, વૈષ્ણવ હોય તેણે કૃષ્ણ ભજવા..........રાત.
સુકવિ હોત તેણે સદ્‌ગ્રંથ બાંધવા, દાતાર હોય તેણે દાન કરવું,
પતિવ્રતા નારીએ કંથને પૂછવું, કંથ કહે તે તો ચિત્ત ધરવું...............રાત.
આપણે આપણા ધર્મ સંભાળવા, કર્મનો મર્મ લેવો વિચારી,
નરસૈંયાના સ્વામિને, સ્નેહથી સમરતાં, ફરી નવ અવતરે નરને નારી.....રાત

### પદ – ૯૨ અ

જે ગમે જગતગુરુદેવ જગદીશને, તે તણો ખરખરો ફોક કરવો,
આપણો ચિંતવ્યો અર્થ કાંઈ નવ સરે, ઊગરે એક ઉદ્વેગ ધરવો...........રાત
હું કરું હું કરું, એ જ અજ્ઞાનતા, શકટનો ભાર જયમ શ્વાન તાણે;
સૃષ્ટિ મંડાણ છે, સર્વ એણી પેર, જોગી જોગેશ્વરા કોઈક જાણે...........રાત
જો નીપજે નરથી તો કોઈ ન રહે દુઃખી, શત્રુ મારીને સૌ મિત્ર રાખે,
રાય ને રંક કોઈ દૃષ્ટે આવે નહિ, ભવન પર ભવન પર છત્ર દાખે........જે

ઋતુ લતા પત્ર ફળફૂલ આપે યથા, માનવી મૂર્ખ મન વ્યર્થ સોચે,
જેહના ભાગ્યમાં જે સમે જે લખ્યું, તેહને તે સમે તે જ પહોંચે.............જે
/ગ્રંથ ગરબડ કરી વાત ન કરી ખરી, જેહને જે ગમે તેને પૂજે,
મન વચન કર્મથી આપ માની લહે, સત્ય છે એ જ મન એમ સૂઝે.........જે
સુખ સંસારી મિથ્યા કરી માનજો, કૃષ્ણ વિના બીજું સર્વ કાચું
જુગલ કર જોડી કરી, નરસૈંયો એમ કહે, જન્મ પ્રતિ જન્મ હરિને...
જ જાચું...........જે ગમે.

## પદ – ૯૩

રામસભામાં અમે રમવાને ગ્યાતા, (૨)
પસલી ભરીને રસ પીધો, હરિનો રસ પૂરણ પાયો..........ટેક
પહેલો પિયાલો મારા સદ્‌ગુરુએ પાયો, (૨)
બીજે પ્યાલે રંગની રેલી.................હરિનો રસ.
ત્રીજો પ્યાલો મારા રોમે રોમે વ્યાપ્યો (૨)
ચોથે પ્યાલે પ્રભુજી જેવી...............હરિનો રસ.
રસ બસ થઈ હુંતો રસિયા સાથે, (૨)
વાત ન સૂઝે બીજી વાટે................હરિનો રસ.
મોટા જોગેશ્વર જેને સ્વપ્ને ન આવે, (૨)
તે મારા મંદિરિયામાં મહાલે.............હરિનો રસ.
અખંડ હેવાતણ મારા સદ્‌ગુરુએ દીધાં, (૨)
અખંડ સૌભાગી અમને કીધાં...........હરિનો રસ.
ભલે મળ્યા મહેતા નરસૈંયાના સ્વામી, (૨)
દાસી પરમ સુખ પામી...............હરિનો રસ.

## પદ – ૯૪

અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ, જૂજવે રૂપે અનંત ભાસે,
દેહમાં દેવ તું, તેજમાં તત્ત્વ તું, શૂન્યમાં શબ્દ થઈ વેદ વાસે.........ટેક

પવન તું પાણી તું, ભૂમિ તું ભૂધરા, વૃક્ષ થઈ ફૂલી રહ્યો આકાશે,
વિવિધ રચના કરી, અનેક રસ લેવાને, શિવ થકી જીવ
થયો એ જ આશે......................અખિલ.
વેદ તો એમ વદે, શ્રુતિ સ્મૃતિ શાખ દે, કનક કુંડળ વિષે ભેદ ન હોય
ઘાટ ઘડિયા પછી નામરૂપ જૂજવા, અંતે તો હેમનું હેમ હોય...........અખિલ.
વૃક્ષમાં બીજ તું, બીજમાં વૃક્ષ તું, જોઉં પટંતરો એ જ પાસે,
ભણે નરસૈંયો એ, મન તણી શોધના, પ્રીત કરું પ્રેમથી
પ્રગટ થાશે.............અખિલ.

## દેવગંધાર પ્રભાત

### પદ – ૯૫

શાને હીંડો ભમતા રે ભૂધરજી, શાને હીંડો ભમતા રે,
પ્રીત વિના પરઘેર નહિ જઈએ, અમસ્તા ને અણગમતા રે ભુધરજી.........ટેક
મન માન્યા દધી માખણ આપું, શાને નથી જમતા રે,
વૃન્દાવનની માર્ગે જાતાં, ગોપીઓને દમતા રે..............................૧
નરસૈંયાના સ્વામી સંગે રમતાં, શાને ભળ્યા ભમતાં રે,
શાને હીંડો ભમતા રે ભુધરજી, શાને હીંડો ભમતાં રે........................૨

### પદ – ૯૬

ઘેલી કીધી રઘુનાથે બાઈ મને, ઘેલી કીધી રઘુનાથે રે,
નીર જમુનાના ભરવાને જાતી, ઘડુલો ચઢાવ્યો હરિએ હાથ રે........ટેક શેરીએ
શેરીએ ફુલડાં વેરાવું, મોરલી બજાવી હરિએ હાથ રે,
તોડલે તોડલે તોરણ બંધાવું, મંગલ ગવડાવું સારી રાત રે........બાઈ મને...૧
વૃન્દાવનની કુંજ ગલિનમેં, પાલવ ગ્રહ્યો હરિએ હાથ રે,
બાઈ મીરાં કહે પ્રભુ ગિરધરના ગુણ, પ્રગટ ભયો પ્રભાત..................૨

પદ – ૯૭

સીતા કોણે હરી ભોળા લક્ષ્મણ, સીતા કોણે હરી રે,
સુની મઢૂલીમાં જુએ રઘુનંદન, શય્યા સુની પડી રે................ભોળા...ટેક
નહિ જાણું હિરણ્યા કંસ હરિ ગયો, ન જાણું ભૂમિએ ગળી રે,
વનવગડામેં રહે એક જોગી, બેઠો છે ધ્યાન ધરી રે..........................૧
જોગીને વેશે રાવણ આવ્યો, છેતરી સીતા હરી રે,
લાવો ધનુષ લક્ષ્મણ મારા હાથમાં, રાવણ મારું ફરી રે............ભોળા...૨
સુરદાસ પ્રભુ તુમ્હારે મિલનકો, લઈ ગયો હરણ કરી રે,
સીતા કોણે હરી ભોળા લક્ષ્મણ, સીતા કોણે હરી રે.......................૩

પદ – ૯૮

ભૂલી છું મોતીનો હાર જમુના ને તીર, ભૂલી છું મોતીનો હાર,
એક મોતી મારે લક્ષ કરોડનું, પરોવું સોનાને તારે રે.............ટેક
સાસુ અમારી સઘળે સંતાપે, નણંદી દેશે ગાળ રે,
જેઠ અમારા યુકિતએ રાખે, દિયર પાડે પોકાર રે..................૧
બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર, ઉતાર્યા ભવપાર રે,
ભૂલી છું મોતીનો હાર જમુનાને તીર, ભૂલી છું મોતીનો હાર........૨

પદ – ૯૯

જમુનામેં જઈ પડયો કનૈયો મારો, જમુનામેં જઈ પડયો રે,
જમુનાજીમેં ઘણું જલ શીતલ, પડતાં કાંઈ ન ડર્યો રે............ કનૈયો...ટેક
પેશી પાતાળ કાલિનાગ નાથ્યો, ફેણ પર નૃત્ય કર્યો રે.............કનૈયો...૧
પકડી મંગાવું સૌ ગ્વાલ મંડલી, પડતા કયોં ન કર ધર્યો રે.........કનૈયો...૨
નરસૈંયાના સ્વામી નાગ લાવ્યા નાથી, વ્રજમેં આનંદ ભયો રે......કનૈયો...૩

# રાગ બિલાવલ

## પદ – ૧૦૦

તુમ જો દયાલ મોંસે બહુત કરી રે.................................ટેક
સુમરણ કો નર દેહી દીની, મોં પાપીથી કશું ના સર્યો રે...............૧
ગર્ભવાસ નવમાસ ઉંધે મુખ, ત્યાં ન મેરી સુધ વિસરી રે,
જઠર અગ્નિમેં રાખ લિયો હૈ, કંચનશી મેરી દેહ કરી રે................૨
કહાઁ લગી કહું અપરાધી જનમકો, આદિઅંત મોં સે બિગડી રે,
તુલસીદાસ પતિત તુમ પાવન, આ બાનેકી લાજ પડી કે.............૩

## પદ – ૧૦૧

રામ કહો પિંજર કે સુવા..........................................ટેક
અજહુ ખબર પડત નહિ અંધે, ધંધો કરતા સકલ જગ મુઆ...........૧
ઘડી સુથાર કઠેરા કીના, અજહુ સાજ નિશ્ચલ નહિ હુઆ,
અંતકાલ, રિપુ હો તમ જયારે, હાર ચલ્યો જૈસે જુહારી જુહા..........૨
આશા નીજ પાંચ પનિહારી, ઘટત નાંહિ કર્મજલ કુઆ,
કહે કબીર જેણે હરિ રસ લીધો, વોહી કે મુખ અમૃત ચુઆ...........૩

## પદ – ૧૦૨

તુમ મેરી પ્રભુતા બહુત કરી રે.................................ટેક
મહા પતિત આયો શરણાગત, નીચ દશા લઈ ઉંચ ધરી રે............૧
જન્મ મરણ સંતાપ આપદા, તુમ પરસત મેરી સબ હરી રે,
અષ્ટસિદ્ધિ નવનિધિ મુકિત આ દેહી, કરજોડી રહી દ્વારે ખડી રે.......૨
તીન લોક ઔર ભુવન ચર્તુદશ, વેદ પુરાણે સહી પડી રે,
સુરદાસ અપને ભકતન કો, દેત પરમ સુખ ઘડી રે ઘડી...તુમ......૩

# નાની આશાવરી

## પદ – ૧૦૩

જેને બાનુ શામળિયાનું, તેને જમ શું કરશે રે
છાપા તિલક કંઠે તુળસીની માળા, જમ જોઈ પાછા ફરશે રે.................ટેક
અન્ય દેવના જે ઉપાસી, ન રહીએ તેની પાસે રે,
પોતે પડે સામાને પાડે, સાંકુડા કહેવાયે રે...જેને બાનુ.......................૧
ઊઠતા બેસતા હસતા રમતા, મુખે હરિ હરિ કહેતાં રે,
જન્મો જન્મના પ્રાસિત જાશે, જેના હરિ ચરણે ચિત્ત ઠરશે રે, જેને બાનુ.......૨
જેને પ્રભુજીનું પુરણ સ્મરણ, તે નર દુઃખિયો ન હોય રે,
અનેક પતિત ઉધાર્યા આગે, ગાયા ને વળી ગાશે રે.........................૩
જેને વર વર્યો વિઠ્ઠલજી, તેને બીજો વર કેમ ગમશે રે,
નરસૈંયાના સ્વામીની ભકિત વિના, તે લક્ષ ચોર્યાશી ફરશે રે.................૪

## પદ – ૧૦૪

રામ રાય મનકી આશા પાઉં, તાથે કાયા નગર બસાઉ.........ટેક
સોલા ખાઈ દશ દરવાજા બાવન બન્યા હૈ કીંગોરા,
ત્રણસે સાઠ વાકો શિરા લગા, કોટ બન્યા ચોફેરા...............૧
પાંચ પ્રધાન કિયે વશ અપને, પ્રજા દુઃખી ન હોય,
ચેતન પુરુષ કરે કોટવાળી, નગર ન લુંટે કોઈ.................૨
ગઢ પર રાજા રાજ કરત હૈ, નિશદિન ફિરત દુહાઈ,
કામ ક્રોધ દોઉં ગરદન મારે, ઐસી અદલ ચલાઈ...............૩
જ્ઞાન ભંડાર ભરે ભરપૂર, કછુ ખર્ચો કછુ ખાઓ,
દાસ કબીર ચઢે ગઢ ઉપર, જીત નિશાન બજાઈ...............૪

## પદ – ૧૦૫

રામ રાય આદિ ચાકર તેરા, તાસે મહિમા ઘો અમારા;
સતજુગ ત્રેતા દ્વાપર ગયા, કલિયુગ કીર્તિ તુમ્હારી;
બ્રહ્મ લોક જબ સૃષ્ટિ નીપજાઈ, તાંથે મસાગત મેરી............૧

પાંચ હથિઆર ખૂબ કરી બાંધો, કરી લે ખાંડા ખેલ;
જ્ઞાન ખડક સે નાદ ઉતારું, માન લે મજરા મેરા............૨
કાગદ મંગાવો ને દૂત તેડાવો, અક્ષર લખો રે બોતેરા;
ભાવ ભકિત જાગીરી માંગુ, ન્યાલ ભયા મન મેરા.........૩
કૃપાનાથ કૃપા કરી મોં પે, તમારી કૃપા થકી ઝુઝે;
દાસ કબીર મેં બંદા તેરા, ભકિત દાન મોહે દીજે..........૪

પદ – ૧૦૬

રાજા રામ જપો મેરે ભાઈ, જાકે ચૌદ લોક બડાઈ..............ટેક
માગી મુકિત ભકિત કયોં ન માગી, ચિન્યા નહિ રઘુરાય;
જબ ચિન્યા તબ લેવા ન દેવા, સાધન કર લે ભાઈ.............૧
જબ હરિ જાણ્યા તબ મન માન્યા, મનષા ભોગ લગાઈ;
કોટિ કોટિ તીર્થ વ્રત કીના, એક સિદ્ધિ નવ પાઈ................૨
કહેત કબીર એક સકલ સાધનમેં, જન્મો જન્મ ફરી આયા;
અબ તો સંત સંગત રૂચિ માંગુ, જેણે હરિજશ સુજશ સુનાયો.....૩

પદ – ૧૦૭

કયોં ચમકાવે નયનાં, સુંદરી કયોં ચમકાવે નયનાં,
ઘેર જાવ ધુતારી બેના.......ટેક
જિન હમ જૈસે સાજ નિવાજે સો બાંધે કાચે ધાગે;
જતન જતન કરી બહુતેરી બાંધી, પાણીમેં આગ ન લાગે.........૧
રૂપા પહેરી રૂપ દેખાવે, સોના પહેરી રીઝાવે,
જો પહેરે તુલસીની માળા, તીન ભુવન પદ પાવે................૨
સાહેબ કી ભેજી મેં ચલી આઈ, સ્વર્ગ અમારા વાસા,
વરવું હોય તો વરો કબીરજી, એક માતા દુજી માસી.............૩
કહે કબીર મેં જાત જુલાહા, સદા રહું ઉદાસી,
તીન ભુવન કી હું પટરાની, નિત્ય તુંહારી દાસી................૪

### પદ – ૧૦૮

કબીરા હરિરંગ લાગા હો, તાથે મેરા મનકા ઘોખા ભાગા હો,
કોઈ કહે હરિ જોગી જંગમ, કોઈ કહે કછુના.....................ટેક
હમ તુમ દેખો હૃદીયા ભીતર, તુમ દેખો સબ માંહી................૧
અલખ રૂપ ગુણ લખ્યો ન જાય, અંજન રાતા લોઈ,
એક વેળા મન દઢ કરી રાખો, તો નિશ્ચે દર્શન હોય...............૨
સેજ સુનમેં રૈન અમારી તત્ત્વ દેખી મન લાગા,
આપ મધ્યે આપહિ દેખા, ઈસવિધ સંશય ભાગા.................૩
કહેત કબીર એકમત પાયા, કાયા નગર મોઝારી,
તુમ સાહેબ હમ સેવક તેરા, તારન તરન મોરારી...............૪

### પદ – ૧૦૯

દેહડી થશે મિટ્ટી, મુરખ તારી બુદ્ધિ કયાં નાઠી...............ટેક
જીવ આયો તબ શું લાયો, જાશે ત્યારે નાગો,
નિર્લજ્જ તુજને લાજ નહિં, તને કોણ પહેરાવે વાગો............૧
કુડ કપટ કરી બહુ ધન સાંચ્યા, સાંચ્યા ધન કોણ ખાશે;
જીવને જયારે જમ લઈ જાશે, ત્યાં કોણ વહારે ધાશે............૨
વેઢ વીંટી બાજુબંધ બેરખા, કંઈ ન આવે તારી સાથ
ચેતનારા ચેતો માનવી, જાવું છે જમને હાથ..................૩
ઊંચા વાસ દેખી શું ફુલ્યો, શું મોહ્યો સુંદર નારી,
નરસૈંયાના સ્વામીની ભકિત વિના, તને કોણ પમાડે મુકિત....૪

## સારંગના પદો

### પદ – ૧૧૦

રામકો નિત્ય કીજે સુમરણ, રામકો નિત્ય કીજે,
નિર્મલ નિર્મલ પ્રેમ હરિરસ, સંત સંગત મિલી પીજે, સુમરણ...........૧
જૂઠી માયા મોહ વિષય રસ, મનકો ત્યાગી દીજે,
હૃદય કમલમેં નિશદિન હરિ હરિ, એહી વિલંબ ન કીજે, સુમરણ........૨

તન મન ધન સબ મનષા વાચા, રામ સમર્પણ કીજે,
કહેત કબીર ઔર નહિ માગું ચરણ કમલ દત્ત દીજે, સુમરણ............૩

પદ – ૧૧૧

રામ ભજન વિસરી હો ગયા, રામ ભજન વિસરી હો ગયા, ગર્ભવાસમેં
ગર્ભવાસમેં ભકિત કબુલી, બાહર આકે કયા કિયા.........................ટેક
મહેલમેં બૈઠી મોજ નિત કરત હૈ, સોળશે સાહેલીયાં,
પલમેં છોડ ચલ્યો ઠકુરાઈ, વેદ કોઉ ન તિહાં...............................૧
જબ તેરો પંથીપંથ ચલેગો, સંગે સાથી કો ન લિયા,
કહેત કબીર રામ ભજો પ્રાણી, તનમન હરજીકો અર્પીઆ...................૨

પદ – ૧૧૨

મંદિર દેખ ડરે સુદામાજી, મંદિર દેખ ડરે રે,
કહાં જો ગઈ મેરી તૃણકી ઝુપડિયાં, તા ઘેર મહેલ ખડે રે...
સુદામાજી................ટેક
પહેલે પ્હોરે હસ્તિ ઝૂલે, દુજે તોરંગ ખડે રે,
ત્રીજે પ્હોરે વસ્ત્ર જ ભારે, ચોથે રત્ન જડે રે...સુદામાજી................૧
જા ઘેર તાલ પખાવજ વાગે, તા ઘેર નૌબત વાજે,
જા ઘેર રાગ છત્રીસે આલાપે, તા ઘેર અભર ભરે રે...સુદામાજી.........૨
ઈત ઉત જાત ફિરત હૈ સુદામા, મનમેં સોચ કરે રે,
ધામ દેખી મન ચકિત ભયો હૈ, ડરી ડરી ડગલાં ભરે રે...સુદામાજી.....૩
મહલમેં બૈઠી નાગર બ્રાહ્મણી, પંડિત આયે ઘેર રે,
સુરદાસ પ્રભુ અપને ભકતકો, દારિદ્રય દૂર કરે રે...સુદામાજી..........૪

પદ – ૧૧૩

ગોવિંદ નામ ધર્યો કીન તેરો ગોવિંદ નામ ધર્યો રે,
દ્રુપદસુતાકી લજજા રાખી, ચીર કો દાન કર્યો...........કીન તેરો...ટેક

ચાર પદારથ દિયો હૈ સુદામા, તાંદુલ મુખમેં ધર્યો,
સાંદીપકો સુત આન દિયો હૈ, વિદ્યા પાઠ પઢયો રે............કીન તેરો...૧
લેને રે દેને તું હરિ દાતા, મોંસે, કછૂ ના સર્યો રે,
સુરકી બેર કઠણ હોઈ બૈઠી, જન્મકો અંધ કર્યો રે..............કીન તેરો...૨

## વસંત ઋતુના પદો

### પદ – ૧૧૪

નહી છાંડુ બાવા શ્રી રામનામ, મેરે ઔર પઢનસે કોન કામ...............ટેક
પ્રહ્લાદ સધારે પઢ નિશાળ, સંગ સખા લિયે બહુત બાલ,
કહાઁ પઢાવે પંડિત ઔર જાલ, મેરી પાટીમેં લિખદો
શ્રી ગોપાલ.......... નહિ છાંડુ...૧
સોંડા મુર્ગા કહ્યો હૈ જાય, પ્રહ્લાદ બંધાયો વેગે લાઈ,
રામનામ કહેનકી છાંડ બાન, અબહી છોડાવું મેરો કહ્યો હી
માન................નહિ છાંડુ...૨
કહાઁ ડરાવે પંડિત વારંવાર, જેને જલ સ્થલ ગિરિસે લિયો ઉગાર,
માર ડાર ભાવે દેહી ઝાર, રામનામ છાંડુ તો મેરે ગુરુ કી
આન...............નહિ છાંડુ...૩
કાઢી ખડ્ગ કોપ્યો રિસાયે, તેરો રાખનારો મોહે બતાય,
સ્તંભ ફોડ પ્રગટે મોરાર, હિરણયાકંસ માર્યો નખ
વિદાર.............નહિ છાંડુ...૪
આદિ પુરુષ દેવાધિદેવ, જેણે ભકત હીત ધર્યો નૃસિંહ ભેખ,
કહત કબીર તેરો ન લહું પાર, પ્રહ્લાદ ઉગાર્યો અનેક
વાર............. નહિં છાંડુ...૫

### પદ – ૧૧૫

ચલ ચલ રે ભમરા કમલ પાસ તેરી ભમરી બોલે
અતિ ઉદાસ...........ચલ...ટેક
તેં બહુત પુષ્પકો લિયો હે ભોગ, તેરે સુખ ન ભયો તન બઢયો હૈ રોગ,
મૈં જો કહું તુમ્હેં બાર બાર, મૈં સબ વન ઢૂંઢયો ડાર ડાર...............ચલ...૧
દિવસ ચાર કો સો રંગ ફૂલી, ત્યોંહી દેખી કહાઁ રહ્યો હૈ ભૂલી,
ઈન વન–સંપત્તિમેં લગેગી આગ, તબ તુમ ભમરા કહાઁ જાઓગ
ભાગ..............ચલ...૨
પુષ્પ પુરાનો ભયો હૈ સુક, તબ તુમ ભમરા કો, લગી અધિક ભૂખ,
ઉડ ન સકે પર ગયૌ હૈ તૂટ, તબ ભમરી રૂવે શિશ કૂટ................ચલ...૩
તબ ચૌદિશ જુએ મધુપરાય તબ ભમરી લે ચલી શિશ ચઢાઈ,
કહત કબીર મન કો સ્વભાવ, રામભકિત બિના જમકો દાવ..........ચલ...૪

### પદ – ૧૧૬

માધુ મોહ મૃગ માર્યો ન જાયે, મેરી બુધવાડીમેં બસ્યા હે આઈ.............ટેક
મેરી વાડીમેં નીપજે મુકતવેલ સો દેખત ચર જાયે એલ,
રહન ન પાવે ફલફૂલ પાન, મૈં સીંચ સીંચ રહું પટકી હાથ...........માધુ...૧
ધ્યાન ધનુષ સાધ્યું સંધાય, સુરત નુરત કી ગ્રહો બાંય,
જો મેં મારું તાકી તાંહે, તબ હોત વીદેહી વિલાસે જાયે................માધુ...૨
એ મૃગ મારી શકે ન કોઈ, સુરિનર મુનિવર રહ્યા રે જોઈ,
કહત કબીર જિને દિયો હૈ ટાલી જિને રામ ભજનકી કરી હે વાડ.....માધુ...૩

## નાના વસંત

### પદ – ૧૧૭

અઘટ વસંત ઘટત નહિ કબહું, અવિનાશી હૈ જયાંહી
ડાલ ન મુલ પત્ર નહિ છાંયા, ભ્રમર વિલંબ્યો તાંહી........અઘટ...ટેક

જલ બિન કૂપ ભોમ બિન વાડી, અરઘઉરઘ બિચ કયારી,
યહાં કે ફૂલ વહાં વઘાવે, સો માલની પિયુ પ્યારી............અઘટ...૧
પાંચ વૃક્ષ ઉંઘે તે સૂઘે, પાપ વાસના જાગી,
અકલ માલની સુરતિ છાબડી, નિશદિન બિનન લાગી.......અઘટ...૨
હોય સન્મુખ માલની પહેરાવે, બાસ બાસ મન ઘીર,
શૂન શિખર ગઢ લિયો હૈ મુકામ, યોં કહે દાસ કબીર........અઘટ...૩

### પદ – ૧૧૮

આરતી રૂડી રૂડી મારા વ્હાલા, રૂડો માસ વસંત,
રૂડા વનમેં કેસર ફૂલ્યો, રૂડો કમલાકાન્ત........................આરત...ટેક
રૂડા રંગે બાંજા વગાડે, તારુણી દે કરતાલ,
ચતુરાનારી ચંગ વગાડે, મોરલી મદન ગોપાલ..................આરત...૧
અતિ રૂડો વૃન્દાવન સોહે, રૂડો જમુના તીર,
અતિ રૂડી ગોપી ગ્વાલની મંડલી, રૂડો હલઘર વીર..............આરત...૨
અતિ રૂડો ગુલાલ અગર જો, રૂડો મુખનો તંબોલ,
અતિ રૂડો મહેતા નરસૈંયાનો સ્વામી, નિત નિત ઝાકમઝોળ........આરત...૩

### પદ – ૧૧૯

આવો મારા વ્હાલા અતિ રઢિયાળા, ઓપે મંદિર અમારા,
આજ સપરમો દિવસ અમારો, દર્શન થયાં તમારા............આવો...ટેક
નાવલિયાના ઘોઉં પાવલિયાં, સિંહાસન પઘરાવું,
પાથરવાને ફૂલ પિછોડી, પોઢો તો વાયુ ઢોળું..................આવો...૧
છપ્પન ભોગ છબીલાજી તમને, પ્રેમ ઘરીને પીરસું,
રૂમઝુમરૂમઝુમ હીંડું તમ આગે, તેમ તેમ રૂડી દીસું............આવો...૨
પાનતણું બીડું પાતલીઆ, તે તમને ખવડાવું,
નરસૈંયાના સ્વામી વસંત ખેલે, જોવાને ત્યાં જાવું............આવો....૩

### પદ – ૧૨૦

કહો કેમ વસીએ રે મારા વ્હાલા, ગોકુલ લૂંટ મંડાણી રે,
નંદતણો નાંઘડીયો નરહરિ, થઈ બેઠો દાણી............................ટેક
લાગ નહી એનો ભાગ નહીં, બાલક જાણી પાળ્યો
મથુરામે મંહી વેચવાનો, મારગડો ટાળ્યો રે.......................કહે...૧
એકનું ઢોળે એકનું ફોડે, એકનું ગોરસ ખાય
એક, એકનું ઢોળે વ્હાલો અટકળું બોલે, શ્યામ સમખાઈ .........કહો...૨ એક
એકને વ્હાલો ચીર પહેરાવે, એકને પહેરાવે ચોળી રે,
એક એકને વ્હાલો દધિ ખવડાવે, એકનું મેલે ઢોળી રે,........... કહો...૩
નારી મળી સૌ ભામા ભોળી, મળી સૈયરની ટોળી રે,
નરસૈંયાનો સ્વામી વૃંદાવનમેં, રમે છે હોળી રે..................કહો...૪

### પદ – ૧૨૧

વસંત વધાવવા ચાલો અવધધામ, જહાં સુખ સિંહાસન બૈઠે રામ.......ટેક
સુરિનર મુનિજન સકલ દેવતા, દેવતા વિશ્વામિત્ર બિરાજે.
બાજાં બુહત બજાવત બાજે. ઘન દામિની જયોં ગાજે...........વસંત...૧
પાની ગ્રહી પિચકારી, પ્યારી સૂધેં સેં ભર લાઈ,
પાંચ સખી મળી કલશ બનાયો, બહુત ભાંતિ બનાઈ...........વસંત...૨
મઘુર મઘુર ગાન કરત હૈ, દેત હો રન કી ગાળી,
એક સખી લઈ અબિલ ઉડાડે, ભર ભર કંચન થાળી...........વસંત...૩
ચૂવા ચંદન અગર કુમકુમ, કીચ મચ્યો અતિ ભારી
ઉડત ગુલાલ અરૂન ભયે અમ્મર, સોંધે ભીની સાડી રે.........વસંત...૪
પહેરે પંચમી બૈઠે સિંહાસન, કુતૂહલ સબ કીજે,
જન તુલસી કી એ હી વિનંતી, ભકિતદાન મોહે દીજે..........વસંત...૫

### પદ – ૧૨૨

પ્રથમ વસંત પંચ્ચમી શુભદિન, સિયા રઘુવરકો વધાવો
પહેરો વસંત સો રંગ ચુંદડી, સજી શણગાર બનાવો...........પ્રથમ...ટેક

હાટ કુંભ ઘરો મસ્તક પર, આમ મોર જબ લાવો,
પંચ થાલ ભરી મુક્તા ફલ, કંચનથાલ ભરાવો.............પ્રથમ...૧
બિન ચંગ ઉપંગ ઝાંઝરી, તાલ મૃદંગ બજાવો,
ગાવો સપ્ત સુર અકલ કીર્તિ, રાગ વસંત જમાવો...........પ્રથમ...૨
ચૂવા ચંદન ઔર અગર જો, કેસર માટ મંગાવો;
છાંટન છિરકત ભરત પરસ્પર, અબિલ ગુલાલ ઉડાવો.......પ્રથમ...૩
રઘુકુલ વધૂ સબ મિલી સુંદરી, રંગ ભૂવનમેં આવો,
ચર્ચો હો રામ જાનકી રાની, આનંદ ઉર ઉપજાવો............પ્રથમ...૪
વિવિધ વસંત આભુષણ પિયુકો, ફગુઆ બહુત મંગાવો,
અગ્રદાસ પ્રતાપ સીતાવર, રામનામ મન ભાવો.............પ્રથમ...૫

## વસંત–ઘનાશ્રીનાં પદો

### પદ – ૧૨૩

મન ખેલો વિમલ વસંત પ્યારે મિત્રશું ખોલ કમાડ કોટડી
તુ ઘટ બેઠી મહેલ એકાંત, મન ખેલો વિમલ વસંત..............મન...ટેક
સતિયા પર બત્તિયા ઘરું હો, ભોવન કરું ઉજીયાર
પિયુ મિલે સુખ પાઈએ, મેરો જીવન પ્રાણ આઘાર...............મન...૧
ગંગા જમુના કે આંતરે, ચંદ્ર સુરજ કે બીચ,
અરઘ ઉરઘ કે સાંઘમેં, તહાં અમીયાઁ અગરજા કીચ...............મન...૨
સોહી રંગ રંગે રંગ રહ્યો રે, હિલમિલ એક હી ઠામ,
કબીરા ભેટયા ભાવશું જહાં મિટયો અપનો નામ............... મન...૩

## ઘુમારનાં પદો

### પદ – ૧૨૪

અવિનાશી દુલ્હા કબ મિલે હો પ્યારે મિલહે તો જાને ન
દઉ............અવિનાશી...ટેક
જલ ઊપજી જલહી સોં નેહા રટત પિયાસ પિયાસ,
મૈં વ્રેહની ઠાડે મૃગ જોઉં, રામ તુમ્હારી આશ................અવિનાશી...૧

ખાન પાન કી સૂધ નહી હૈ, દેહ ગ્રહે કો સાર,
નિશદિન ફિરત ભુવનમેં ભૂલી, મારી હૈ અંગોઅંગ
માર............... અવિનાશી...૨
દિવસ ન ભૂખ રૈન નહિ નિદ્રા, ગૃહ આંગન ન સોહાય,
સેજડિયાઁ વેરણ ભયી મોં કો, જાગત રૈન બિહાઈ............ અવિનાશી...૩
છોડયો ગૃહ સ્નેહ જોડયો તુમસે, ભયી ચરણે લોલીન
તલફત ફિરત પ્રેમકી પ્યાસી, જૈસે જલ વિના મીત.......... અવિનાશી...૪
મૈં તો તુમ્હારી દાસી મોહન, તુમ હમારે શિરદાર,
દીન દયાલ કૃપા કરો માધવ, સહાયો સર્જનહાર............ અવિનાશી...૫
કહે હમ પ્રાણ તજતહુ મોહન, કે અપની કર લીજે,
દાસ કબીર વ્રેહ અતિ વધ્યો, હમહી કો દર્શન દીજો.......... અવિનાશી...૬

## પદ – ૧૨૫

રઘુનાથ પધારે જાનીયે હો, હો મેરે પ્યારે, જાનકી જીવન
રામ......... રઘુનાથ...ટેક
રામચંદ્ર અયોધ્યા નગરી, નિકસે વનમોઝાર,
રાવણે રૂપ ધર્યો તપશીકો હર ગયો સીતા માત................. રઘુનાથ...૧
જબ રઘુનાથે બિડલું ફિરાવ્યો, કોઈ લંકા ગઢ જાઓ,
અંજની કો પુત્ર મહા બલવંતો, બિડલુ લિયો હૈ ઉઠાઈ............ રઘુનાથ...૨
શોધ લેને કો હનુમાન પઠાયો, મુદ્રીકા લીની હાથ,
અબ કે ફાગ લંકા ગઢ ખેલો, પદમ અઢાર સાથ................ રઘુનાથ...૩
જબ રઘુનાથે સેના જોડી, કછુ વાંદર કછુ રીંછ,
અઢાર પદમ જા કી સેના મિલી હૈ, આયે હૈ સાહેર તીર.......... રઘુનાથ...૪
સાહેર તીરે ધૂમ મચી હૈ, ગિરદ ઉઠી આસમાન,
આયે ઉતર્યો તીન લોક કો નાયક, બાજત ઢોલ નિસાન.......... રઘુનાથ...૫
જબ રઘુનાથે સેના ઉતારી, સાહેર બાંધી પાજ,
તીન લોક જબ કાંપન લાગે, કંપ્યો હૈ વાસૂકી નાગ............. રઘુનાથ...૬

કહેત હી રાવણ સુનો મંદોદરી, મોતી ઝાંખા કેમ હવાં,
રામચંદ્રજીકી સેના ઉતરી, ગિરદ ભરાની હૈ ત્યાંય................રઘુનાથ...૭
કહેત મંદોદરી સુનો પિયુ રાવણ, મિલી હૈ દોઉ કર જોડ,
જા કી જાનકી તુમ હર લાયે, ડારેગે દશ શિશ તોડ...............રઘુનાથ...૮
કહેત રાવણ સુનો હે મંદોદરી, મેલું તો ઘટે મેરો માન,
સકલ દેવતા મેં વશ કીના, રહ્યો કૈં એકલો રામ.................રઘુનાથ...૯
કહેત મંદોદરી સુનો પિયુ રાવણ, સ્વપ્નું લાધ્યું હૈ મન,
કુદ કુદ વાનર ગઢ બૈઠે, આયો તુંહારો અંત...................રઘુનાથ...૧૦
કહેત રાવણ સુનો હૈ મંદોદરી, મન ઝુરાવો કયાંય,
રામ ચઢે સીતા નહિ આપુ, બહુરે જન્મ જો આય...............રઘુનાથ...૧૧
હનુમાન જા કે પાયક કહીએ, લક્ષ્મણ હૈ બલવીર
જલતી, અગ્નિમેં યોં હી ઘસત, જૈસે સાહેર નીર...............રઘુનાથ...૧૨
કુંભકર્ણ જૈસે ભૈયા હમારા, ઈંદ્રજીત બલવીર;
કંચનકોટ લંકા ગઢ મેરો, ફરતો હૈ સાહેર નીર................રઘુવીર...૧૩
શિવકે ભરોસે પિયુ તુમ મત ભૂલો, યોં હી ભય સિયારામ,
દશ શિશ છેદી શિર પર ઘરેગો, સારેગો દેવતા કો કામ........રઘુવીર...૧૪
એક ભાઈ વૈરી થઈ બેઠો દૂજા કો આયે સુખ સેન,
કુંભકર્ણ સૂતો નહી જાગે, ખોલ દેખો દોઉ નેન.................રઘુવીર...૧૫
ભરત શત્રુઘ્ન લક્ષ્મણભાઈ, સુગ્રીવ હૈ બલવંત,
સાત સાહેર જા કે ચરણે રહેત હૈ, રાવણ કિતી એક દૂર.........રઘુવીર...૧૬
નાકનમેં છારી છટકારી, કાન બજાયો ભેર,
જાગ જાગ હો બલવંતા, લિયો હૈ લંકા ગઢ ઘેર................રઘુવીર...૧૭
રાવણ માર્યો મહીરાવણ માર્યો, કિયો હૈ વિભિષણ રાય,
લઈ જાનકી ભુવન સઘારે, ક્ષેમદાસ બલ બલ જાય............રઘુવીર...૧૮

# રંગ રસિયાનું પદ

## પદ – ૧૨૬

રંગ રસિયો હોરી ખેલવા રે નંદલાલ કુંવર,
ત્યાં બોલાવે વ્રજરાજ જમુનાના તીરમેં.................નંદલાલ કુંવર...૧
સૈયર સર્વે ટોળે મળી રે નંદલાલ કુંવર,
માંહી પ્યારી રાધા સરદાર જમુનાના તીરમેં............નંદલાલ કુંવર...૨
શ્યામે સખા તેડાવ્યા રે નંદલાલ કુંવર,
કીધો રમવાને ઉમંગ જમુનાના તીરમેં, ................નંદલાલ કુંવર...૩
સામા તે સામી મોરચે નંદલાલ કુંવર,
ત્યાં તો મચ્યો અતિરંગ જમુનાના તીરમેં, .............નંદલાલ કુંવર...૪
તાલ બજાવે તારુણી રે નંદલાલ કુંવર,
ગાયે સુંદર રાગ વસંત જમુનાના તીરમેં, .............નંદલાલ કુંવર...૫
નામ તે લઈ લઈ નારીઓ રે નંદલાલ કુંવર,
ત્યાં ગોવિંદના ગુણ ગાય જમુનાના તીરમેં, ...........નંદલાલ કુંવર...૬
તાલ મૃદંગ ડફ ખંજરી રે નંદલાલ કુંવર,
ત્યાં વાગે વેણ રસાલ જમુનાના તીરમેં, ..............નંદલાલ કુંવર...૭
અબિલ ગુલાલના પોટલા રે નંદલાલ કુંવર,
ઉડે કસ્તુરી કપુર જમુનાના તીરમેં, ...................નંદલાલ કુંવર...૮
ફૂલ દડો લઈ હાથમાં રે નંદલાલ કુંવર,
ધાયા મદ ભર્યા ગોવાળ જમુનાના તીરમેં, ............નંદલાલ કુંવર...૯
એવી ધૂમ મચી બ્રહ્માંડમાં રે નંદલાલ કુંવર,
તેણે ઝાંખા થયા સુરભાણ જમુનાના તીરમેં, ..........નંદલાલ કુંવર...૧૦
કુમ કુમ કેસર ઘોળ્યા રે નંદલાલ કુંવર,
જુઓ રંગ રસિયાનો સાથ જમુનાના તીરમેં, .........નંદલાલ કુંવર...૧૧
કેસર ઘોળી રંગ ઢોળ્યો રે નંદલાલ કુંવર,
ત્યાં તો ચાલી છે રંગની રેલ જમુનાના તીરમેં, .......નંદલાલ કુંવર...૧૨

શ્યામ સખા સર્વે વશ થયા રે  નંદલાલ કુંવર,
પ્યારી રાધેના એ ખેલ જમુનાના તીરમેં, ...........નંદલાલ કુંવર...૧૩
ગોપી ગ્વાલ સૌ હરખ્યાં રે નંદલાલ કુંવર,
રંગ રોળીને કીધાં લાલ જમુનાના તીરમેં, ..........નંદલાલ કુંવર...૧૪
પિચકારીની ઝડીઓ વર્ષે રે નંદલાલ કુંવર,
જાણે અષાઢનો મેહ જમુનાના તીરમેં, ..............નંદલાલ કુંવર...૧૫
વાજીંત્ર સર્વે ખુંચવી લીધાં રે નંદલાલ કુંવર,
ખુંચવી લીધાં અબિલ ગુલાલ જમુનાના તીરમેં, ......નંદલાલ કુંવર...૧૬
એવું જોર વ્રજનારનું રે નંદલાલ કુંવર,
ગઈ ગોવાલાની ધીર જમુનાના તીરમેં, ............નંદલાલ કુંવર...૧૭
સાથી તે સર્વે નાસી ગયા રે નંદલાલ કુંવર,
ઘેરી લીધા બન્ને વીર જમુનાના તીરમેં, ............નંદલાલ કુંવર...૧૮
ચંપે તે ચોરને બાંધ્યા રે નંદલાલ કુંવર,
ગ્રહી  બાંધ્યા છે બન્ને હાથ જમુનાના તીરમેં, .......નંદલાલ કુંવર...૧૯
ફગુઓ આપો તો છોડીએ રે નંદલાલ કુંવર,
નહિ તો રાધાને લાગો પાય જમુનાના તીરમેં, .......નંદલાલ કુંવર...૨૦
વ્રજ વનિતાને વશ થયા રે  નંદલાલ કુંવર,
જુઓ કોટિ બ્રહ્માંડના નાથ જમુનાના તીરમેં, ........નંદલાલ કુંવર...૨૧
અમસ્તા કેમ છુટશો રે  નંદલાલ કુંવર,
આજ ગમતું અમારું થાય જમુનાના તીરમેં, ..........નંદલાલ કુંવર...૨૨
દાણને કાજે રોકતાં રે નંદલાલ કુંવર,
હવે હાથ ચઢયાં કયાં જાવ જમુનાના તીરમેં, .........નંદલાલ કુંવર...૨૩
જલ જમુનામેં ઝાલતાં રે નંદલાલ કુંવર,
ચોરી લીધાં અમારાં ચીર જમુનાના તીરમેં, .........નંદલાલ કુંવર...૨૪
કરગરતાં અમો કામિની રે નંદલાલ કુંવર,
અમો જલમેં ઉઘાડે અંગ જમુનાના તીરમેં, ..........નંદલાલ કુંવર...૨૫
મુગટ કુંડલ ઉતારી લીધાં રે નંદલાલ કુંવર,
ગુંથી ફૂલ ભરી વેણી જમુનાના તીરમેં, ............નંદલાલ કુંવર...૨૬

ચોળી પહેરાવી ચુંદડી રે નંદલાલ કુંવર,
કુમ કુમ કરી આડ જમુનાના તીરમેં, ................નંદલાલ કુંવર...૨૭
સેંથો પૂર્યો સિંદૂરનો રે નંદલાલ કુંવર,
કોઈ કાજલ સારે નયન જમુનાના તીરમેં, ............નંદલાલ કુંવર...૨૮
હાથના પ્હોંચા પીળીયાં રે નંદલાલ કુંવર,
ચોખા ચોડયા લલાટ જમુનાના તીરમેં, ..............નંદલાલ કુંવર...૨૯
સોળે શણગાર પહેરાવ્યોં રે નંદલાલ કુંવર,
જુઓ જુઓ કનૈયાનું રૂપ જમુનાના તીરમેં, ..........નંદલાલ કુંવર...૩૦
મુગુટ કુંડલ રાધેને ધર્યા રે નંદલાલ કુંવર,
નારી કીધી તે કૃષ્ણ સમાન જમુનાના તીરમેં, .........નંદલાલ કુંવર...૩૧
હરિ હલધર ત્યાં જોઈ રહ્યાં રે નંદલાલ કુંવર,
ત્યાં કોઈનું ન ચાલે જોર જમુનાના તીરમેં, ...........નંદલાલ કુંવર...૩૨
એવું કૌતુક કર્યું કામિનીએ રે નંદલાલ કુંવર,
પ્યારી કીધી તે નંદકિશોર જમુનાના તીરમેં, .........નંદલાલ કુંવર...૩૩
વરકન્યા પરણાવીએ રે નંદલાલ કુંવર,
સખી સૌ મળી કર્યો વિચાર જમુનાના તીરમેં, .......નંદલાલ કુંવર...૩૪
નંદ જશોદાની બેટડી રે નંદલાલ કુંવર,
વર છે ભિખુભાન કુમાર જમુનાના તીરમેં, ...........નંદલાલ કુંવર...૩૫
એવું લગ્ન ઠરાવ્યું વસંતનું રે નંદલાલ કુંવર,
એવો વનમેં કર્યો વિચાર જમુનાના તીરમેં, ..........નંદલાલ કુંવર...૩૬
મંડપમાં પધરાવ્યાં રે નંદલાલ કુંવર,
ત્યાં તો આરોપી ફૂલમાળ જમુનાના તીરમેં, .........નંદલાલ કુંવર...૩૭
છેડા ગાંઠણા ગાંઠયાં રે નંદલાલ કુંવર,
સામા સામી છાંટે અબિલ ગુલાલ જમુનાના તીરમેં, ...નંદલાલ કુંવર...૩૮
વેદ વિધિ બ્રહ્મા ભણે રે નંદલાલ કુંવર,
ત્યાં વરકન્યા જમે કંસાર જમુનાના તીરમેં, ..........નંદલાલ કુંવર...૩૯
તાલ બજાવે તારુણી રે નંદલાલ કુંવર,
ત્યાં વરકન્યા રંગ ઝકોળ જમુનાના તીરમેં, ..........નંદલાલ કુંવર...૪૦

સમો વર્તે સાવધાન રે નંદલાલ કુંવર,
ત્યાં મંગલ વર્ત્યા ચાર જમુનાના તીરમેં, ............નંદલાલ કુંવર...૪૧
એવું કૌતુક જોવાને દેવતા રે નંદલાલ કુંવર,
આવ્યા બેસી વિમાન જમુનાના તીરમેં, .............નંદલાલ કુંવર...૪૨
પુષ્પની વૃષ્ટિ તેઓ કરે રે નંદલાલ કુંવર,
ત્યાં સુરિનર કરે રે ગાન જમુનાના તીરમેં, .........નંદલાલ કુંવર...૪૩
એક સખી ત્યાંથી સંચરી રે નંદલાલ કુંવર,
ચાલી આવી નંદભુવન જમુનાના તીરમેં, ...........નંદલાલ કુંવર...૪૪
જયાં બેઠા છે જશુમતિ રે નંદલાલ કુંવર,
બાઈ જુઓને તમારો જીવન જમુનાના તીરમેં, .......નંદલાલ કુંવર...૪૫
જશોદા તમારે સંપત નાહિ રે નંદલાલ કુંવર,
વર મળ્યો કન્યા જોગ જમુનાના તીરમેં, ............નંદલાલ કુંવર...૪૬
જશોદા તમારી બેટડી રે નંદલાલ કુંવર,
અમે દીધું છે કન્યાદાન જમુનાના તીરમેં, ...........નંદલાલ કુંવર...૪૭
ત્યારે સામા આવ્યા જશુમતિ રે નંદલાલ કુંવર,
જુઓ જુઓ કુંવરના કામ જમુનાના તીરમેં, .........નંદલાલ કુંવર...૪૮
ત્યારે વિસ્મય પામ્યા જશુમતિ રે નંદલાલ કુંવર,
ત્યાં ઘણું લજ્જા પામ્યા શ્યામ જમુનાના તીરમેં, .....નંદલાલ કુંવર...૪૯
કન્યાનું રૂપ બતાવ્યું રે નંદલાલ કુંવર,
જુએ છે જશોદા માત જમુનાના તીરમેં, ............નંદલાલ કુંવર...૫૦
ફગુઓ લ્યો મન ભાવતો રે નંદલાલ કુંવર,
છોડો છોડો કુંવરનો ખ્યાલ જમુનાના તીરમેં, .......નંદલાલ કુંવર...૫૧
ફગવો આપી છોડાવ્યો રે નંદલાલ કુંવર,
ઘણો હર્ષ પામી વ્રજનાર જમુનાના તીરમેં, .........નંદલાલ કુંવર...૫૨
કાલે રમવાને આવજો રે નંદલાલ કુંવર,
કહે સૌ સુંદરીનો સાથ જમુનાના તીરમેં, ............નંદલાલ કુંવર...૫૩
વસંત લીલા જોઈ રહ્યાં રે નંદલાલ કુંવર,
ત્યાં નરસૈંયો બલ જા જમુનાના તીરમેં, ...........નંદલાલ કુંવર...૫૪

# રાયસોના પદો

## પદ – ૧૨૭

રઘુવર રાજકુમાર લાલ રંગ ભીને હો,
ભરત શત્રુઘ્ન સંગકે લક્ષ્મણ લીને હો...........રઘુવર...ટેક
જૂથ જૂથ મેલાવું કે, સીયા સંગ કીની હો,
કેસર આડ બનાઈ કે, મૃગમદ દીને હો...........રઘુવર...૧
કેસર કુમ કુમ ઘોર કે, માટ ભરાયે હો,
ઈંદ્રાદિક અંતરિક્ષથી બાજાં બજાયે હો.............રઘુવર...૨
ગાવત ગૌરી નારી કે, પિયાકો પ્યારી હો,
કંચનકે બહુ કામકે, સાયે ઢાળી હો..............રઘુવર...૩
ઘાય ભરે રઘુરાયકે, હો હોરી બોલે હો,
રત્ન જડિત રાય આંગન, ખેલત ડોલે હો.......રઘુવર...૪
પકડ જાયે શત્રુઘ્નકે, આંખ અંજાયે હો,
ફગુવા લીયો રે મંગાય, તબ છકટાયે હો........રઘુવર...૫
ઐસી ધર્મધોરીધર ધીરકે, નાહિ કાહુ ભૂપ હો,
જન શ્યામદાસ બલ જાય કે, રઘુપતિ રૂપ હો ...રઘુવર...૬

# ગરબી

## પદ – ૧૨૮

નંદ કુંવર કેડે પડયો કેમ ભરીએ, જમુનાજીકો નીર..................ટેક
હું તો ઓથાં લઈ રહી, સામો આવે, સામો આવે શ્યામ
શરીર, .......નંદકુંવર...૧
હળવા દિવસ હોળી તણા, નંદરાય, નંદજીનો લાલ...........નંદકુંવર...૨
અબિલ ગુલાલે ઘેલાં કર્યાં, વણછોડયાં ચોળીના ચીર.........નંદકુંવર...૩
તાકી મારે પિચકારી રે, આવી વાગે તનડામેં તીર............નંદકુંવર...૪
વ્હાલો જંત્ર વગાડે રે, એના મંત્રમેં ન જાય ગુણગંભીર.......નંદકુંવર...૫
વ્હાલો ભકત ભુવન તજી રહું સખ પાઉં નહિ કોઈ બીજો ધીર.નંદકુંવર...૬

પદ – ૧૨૯

લોક રસિયા રે લોક રસિયા, પેલા ગોકુળ ગામના લોક
રસિયા............લોક...ટેક
એક એકને આનંદ ગમે છે, હોરી રમવા મન વસ્યા...........લોક...૧
અબીલ ગુલાલની ફાંટ ભરી લાયે, એક એક ઉપર ઘસ્યા......લોક...૨
પકડ લિયો હૈ નંદકુવરકો, સાન બતાવી પીછે ખસ્યા.........લોક...૩
વસ્તા વિશ્વંભર સુરતે જોઈને, અરસ પરસ મનમેં વસ્યા......લોક...૪

# રામ નવમીના પદો

પદ – ૧૩૦

નોમી કે દિન નોબત બાજે, સુત કૌશલ્યાનો જાયો હો,
સાત ઘડી દિન વીત ગયો હૈ, સબ સખીઓ ને મંગલ ગાયો હો........ટેક
રાય દશરથ ગૃહે આનંદ ભયો હૈ, રઘુવંશમેં સુખ પાયો હો,
વિપ્ર બોલાયે ખોજ કરાની, અક્ષય ભંડાર લુંટાયો હો..................૧
અતિ આનંદ અવધપુર ઘરઘર, ભયો સબ મન ભાવ્યો હૈ,
શુભ નક્ષત્ર શુભ ઘડી મુહૂર્ત, મંગલ કલશ બનાયો હો.................૨
જૈ જૈ કાર કરત સુરપુરમેં, પુષ્પ વૃષ્ટિ જલ લાયો હો,
કંચન થાલ ભરે મુકતાફલ, ચંદન ચોક પુરાયો હો.....................૩
ઘન એ વંશ ભયો રઘુકુલ કો, પરમ પુરુષ જયાં આયો હો,
ફૂલે ફિરે સબ પુરવાસી, માનુનીએ રંકનિધિ પાયો હો................૪
ઘર ઘર કી સબ વધુ બોલાયે, મંગલ ગાવત આયી હો
રાય આંગન બીચ ડારી ડુલેચા, આદર કરી બેઠાયે હો...............૫
વિશ્વામિત્ર વશિષ્ઠ આર્ઈદ, સબ વિપ્ર બોલાયા હો,
જન્મ કર્મ દશરથ નૃપ કીનો, જગમેં સુજશ બઢાયો હો.................૬
પુની દશરથ જાચક બોલાયો, સાડી સાજ મંગાયો હો,
જો અમ્મર જા કે મન ભાર્યો, સો તા કો પહિનાયો હો................૭

કંપે સિંધુ કાંગરા ઘ્રુજે, લંકા આગમન આયો હો,
સબ અસુર ઘર શોચ પડયો હૈ, કોઈ રાજભૂપ આયો હો............૮
વિપ્રે નામ ધર્યો વિશ્વંભર, શુભ શ્રી રામ સુનાયો હો,
કમલા કંથ કયાં લગી વરણું, તીનલોક જસ ગાયો હો..............૯

પદ – ૧૩૧

ચૈત્ર માસ નોમી અજવાળી, જન્મ લીયો રઘુરાયે હો,
આજ ઉત્સવ અયોધ્યા નગરીમેં ભયે નિશાન વધાઈ હો............ટેક
કનક મહેલમેં રાજા બૈઠે, માંગે જોઈ વધાઈ હો,
દશરથ રાય સિંહાસન બૈઠે, ઘરકો વિપ્ર બોલાઈ હો................૧
સબ વિપ્રનકા ચરણ પખાળે, પીતામ્બર પહિનાયે હો,
કૂચી દેત ભંડાર ખોલાયે, હીરા રત્ન મંગાયે હો...................૨
દુદુંભિ તત્કાલ મંગાયે, પઢી ગુણ પુત્ર પુજાયે હો,
ઘર ઘર કી સબ વધુ બોલાયી, મંગલ ગાવત આયી હો............૩
નગરકી સબ માલન બોલાયી, બદન માલ વધાઈ હો,
વરન ચીરન કે બસન મંગાયે, સબ સખીઅન કો પહીનાઈ હો......૪
સબ સખી આશિષ દેત નગરમેં ચિરમ્ જીવો રઘુરાય હો,
જન્મકર્મ રઘુપતિ કી લીલા, તુલશીદાસ જશ ગાયો હો...........૫

પદ – ૧૩૨

આજ ચલો દશરથ ઘર જઈએ, બાજત મૃદંગ રંગ બધાઈ હો,
રઘુકુલ દીપક પ્રગટ ભયે, સબ સંતન સુખદાયી હો...............ટેક
અતિ આનંદ કૌશલ્યા મૈયા, મોતીયન ચોક પુરાવે હો,
નામ સુની રાવણ કંપ્યો, દુદુંભિ દેવ બજાવે હો....................૧
જૈ જૈ હોત અયોધ્યાપુરમેં, ઘર ઘર મંગલ ગાયે હો,
જન વલ્લભકી આશાપુરી ઓચ્છવ ભર પાયો હો.................૨

# હિંડોળાના પદ

## (રાગ – મલાર)

### પદ – ૧૩૩

ભક્તિ હિંડોળાના રે, માંહી ઝુલે આતમરામ,
પ્રેમ ભક્તિ હિંડોળના રે, સબ સંતનકો વિશ્રામ........ભક્ત...ટેક
ચાંદા સૂરજ દોઉ સ્તંભ રૂપે, બંક નાલ કી દોર,
ઝુલેરે પાંચ પ્યારીયાં રે, તહાં ઝુલત હૈ સિયામોર........ભક્ત...૧
દ્વાદશ ગમકે અંતરે રે, જહાં અમૃત કો વાસ,
જેણે એ અમૃત ચાખ્યાં રે, સો ઠાકોર હમ દાસ..........ભક્ત...૨
સ્હેજે શુન્ય કો નેહડો રે, ગગન મંડલ સિયામોર,
દોઉ કુલ હમ આગવી રે, હમ ઝુલે એહી હિંડોળે........ભક્ત...૩
અરઘ ઉરઘ કે ગંગા જમુના, મોલ કમલા ઘાટ;
ષટ્ ચક્કી ગાગરી રે, ત્રિવેણી સંગમ ઘાટ............ભક્ત...૪
નાદ બુંદકી નાવડી રે, રામ નામ ખેવનહાર,
કહે કબીર ગુણ ગાઈ લો રે, ગુરુ ગમ ઉતરે પાર........ભક્ત...૫

### પદ – ૧૩૪

ભર્મ હિંડોળેના ભર્મ હિંડોળેના, કહો કોન ઝુલન આયે,
આ રે હિંડોળે જે કોઈ ઝુલે, સતગુરુ કહ્યો સમજાય...........ટેક
પાપ પુન્ય દોઉ સ્તંભ રૂપે, મનસા રચ્યો હૈ હિંડોળો,
ઝુલત જીવ જહાન નિતનિત, કબહુ ન પાયો ઠોર..............૧
લક્ષ ચોર્યાસી જીવ ઝુલે, રવિ શશિ ભયે બિગાર,
અનંત કોટિ જુગ ઝુલ્યા રે, અજહુ ન માને હાર...............૨
ગુણી ગંધર્વ મુનિ ઝુલ્યા રે, શેષ નાગ સુમેરુ,
બ્રહ્મા વિષ્ણુ મહેશ ઝુલે, કાર્ય જ લઈ લઈ ફેર................૩
ધરણી આકાશ દોઉ ઝુલ્યા રે, પવન પાવક અરૂ નીર,
દેહ ધરી હરિ ઝુલ્યા રે, યોં કહે દાસ કબીર.................૪

### પદ – ૧૩૫

ચર્મ હિંડોળેના રે ચર્મહિંડોળેના, વા મેં ઝુલે સબ સંસાર,
શ્યામ મર્મ હિંડોળેના રે યા મેં ઝુલે વિરલા કોઈ...............ટેક
વિવેક વિચાર દોઉ ખંભ રચ્યા, રહેણી ચોકી જડાવ,
ચાર મુકિત ચાર દાંડી, ઝુલાવે નિજ ભાવ....................૧
સહજ શોભા બની સુંદર, સુરત સખી લિયે સાથ,
તૂરત નાચે તાથૈ તાથૈ, તાલી લૈ બહુ ભાત....................૨
આદિ લીલા અકલ અવિગત, નીગમ અગમ કરી ગાય,
અકથ કથા સૌ કૈસે કથીએ, બુધમેં સૂધ ન સમાય.............૩
જાણી જુગત એ ભેદી બોલે, બોલે નવલતા બેલ,
વસ્તો વિશ્વંભર પુરુષ કેરો, તે તેં કીધો તોલ.................૪

## હિંડોળા

(રાગ – સામેરી)

### પદ – ૧૩૬

હનિહાંરે સુભગ સાવન આયો, દશરથ દ્વારે, હિંડોળો સોહાયો,
હનિહારે પ્રથમ દિવસ ત્રીજ અજવાળી, રચ્યો હિંડોળો પરમ
સુખકારી.........ટેક
પરમ સુંદર સરસ શોભા, શેષ સહસ્ત્ર ન શકે કહી,
યુગલ ખંભ અનુપ સુંદર, દાંડી ચાર ઝગમગ રહી........હનિહાંરે...૧
મખબલ કે તકિયા બિરાજે, બિછુના બહુવિધ બને,
લાલ દોરી ગ્રહી ઝીલાવત, ચિત્ર કે ચંદ્રવા તને...........હનિહાંરે...૨
કનક પુષ્પ અનેક રચના, હિંડોળો હરિ મન ભાવહીં;
કહેત કૃષ્ણદાસ અવસર, શુભ સાવન આવહી...........હનિહાંરે...૩

## પદ – ૧૩૭

હનિહાંરે સાવન સુદ ત્રીજ અજવાળી,
બૈઠે હિંડોળે શ્યામ સંગ પ્યારી,
હનિહાંરે હિંડોળો નંદભુવન અતિ સોહે,
નીરખી સુરિનર મુનિમન મોહે............હનિહાંરે...ટેક
સુરિનર મુનિ કો મન મોહે, ગોપી ગુણ ગાવે સહી,
વાજીંત્ર નાનાભાત બાજે, ઝુલાવે સન્મુખ રહી.........હનિહાંરે...૧
ચંગ ઉપંગ મૃદંગ તાલ, ઝાલર ઝીની ઝીની બાજહી,
શ્રીમંડલ રણકાર સોહે, સપ્તશુર અતિ રાજહી.........હનિહાંરે...૨
તાન બંધન સરસ સોહે, મોહિત ગોકુલ નાથ હી,
કહેત કૃષ્ણદાસ ગિરધર ઝુલાવે સબ સાથ હી.........હનિહાંરે...૩

## પદ – ૧૩૮

હનિહાંરે ગિરધરલાલ સંગે ગોપી જાયે,
ઝુલે મુદિત લતા દ્રુમ છાંય હી,
હનિહાંરે પવન સુંગધ ઘટા ઘન ગાજે,
થોડી થોડી બુંદ ઉડત અતિ રાજે........હનિહાંરે...ટેક
બુંદ ઉડત મધુરી મુહૂર્ત, કોકિલા કુહૂ કુહૂ કરે,
હંસ મોર ચકોર ચાતક, પપીહા પિયુ કરે..............હનિહાંરે...૧
સકલ વન શોહામણો, પંખી શબ્દ બહુ ભાત હી,
કહેત કૃષ્ણદાસ ગિરધર, રાધામોહન ઝુલ હી..........હનિહાંરે...૨

## પદ – ૧૩૯

હનિહાંરે કુંજભવન રચ્યો હિંડોળો,
સંગે શ્રી રાધાજી સોહે જોડ,
હનિહાંરે પંચમણિકો સ્તાંભ બનાયો,
દાંડી ચાર કંચન શું લાયો.........હનિહાંરે...ટેક

શોહાયો રત્ન હિંડોળો સુંદર, મર્કટમણિ સાકટ બહુ,
ચહુ ઔર મુકતાલાલ લટકે, ભાંત કહો જુગતો........હનિહાંરે...૧
પવન મંદ સુગંઘ શીતલ, ડમરો મરૂવો જાઈ હી,
કેતકી ચંપક મોગરો, મચકંત સુગંઘ લાવ હી.........હનિહાંરે...૨
સવંતી અતિસાર બ્હેકે, લતા—નાના ભાત હીં
કહેત કૃષ્ણદાસ ગિરઘર, ઝુલાવે વ્રજ સાથ હી.........હનિહાંરે...૩

## ઋષિકેશ

### પદ – ૧૪૦

રંગ હિંડોળેના રંગ રે, રંગભૂવન નૃપ નંદરાય કે,
વિશ્વકર્માએ રચ્યો હરિ હેત, વિવિઘ બનાય કે.............ટેક
અનુપમ કનક કે દોઉ સ્તંભ પરમ સોહાવને
મરૂવા ઝગમગે નંગ જડિત અતિ મન ભાવહી..............૧
ભાવના નંગ જડિત મરૂવા, કુંજ કુંજ તહીઁ મણિ ખચે,
દાંડી રસાલ વિશાલ અદ્દભૂત, જુમખા પચરંગ રચે..........૨
પટુલી પરમ ઘન સારકી, દોરી નર્મ નિર્મૂલના,
ઋષિકેશ પ્રભુ નંદ નૃપકે, રંગ ભુવન હિંડોળેના............૩

### પદ – ૧૪૧

ઝુલત શ્યામ ઝુલત શ્યામ મન અભિરામ, મદન ગોપાલ,
રસ ઝુલાવહી કુંજ કુંજ મિલી વ્રજ બાલા..................ટેક
મઘુર ઘૂની બાજહી, મુખ ચંગ તાલ મૃદંગહી,
સબ મિલી ગાવહી, રસરંગ સરસ સુગંઘ હી...૧
રસ રંગ સરસ સુગંઘ ગાવે, પ્રેમ મગ્ન રસ ભરી,
કોકિલા સુર મઘુરી બાની, અંગોઅંગ છબી રચી રહી........૨
નીલ પીત દોઉ કુલ રાજીત, દામિની ઘન શાલા,
ઋષિકેશ પ્રભુ દસ ઝુલે, શ્યામ મદન ગોપાલ..............૩

# રાગ – મલાર છપ્પે

## પદ – ૧૪૨

સરસ હિંડોળાના માંહી ઝુલત કૌશલ્યા રાય.................ટેક
અવઘ મધ્ય હિંડોળેના જહાઁ રહ્યો કલ્પદ્રુમ છાંય,
કનક આંગન કનક મંદિર, કનક કલશ સોહાય,
રચી રે રચના વિવિઘ વિઘના, નાના વાજીંત્ર વઘાય,
દેખી રતિપતિ ભયો લજ્જિત, રહ્યો શિશ નમાય.......સરસ...૧
રત્નજડિત દોઉ સ્થંભ સુંદર, પ્રીત હાટક હીર,
જહાઁ લાલ દોરી ગ્રહી ઝુલાવે, બહેત સુગંઘ સમીર,
જાનકી તન સજી આભૂષણ, પહેરે નૌતમ ચીર,
મુગટમણિ નંદલાલ મુકતા, ઝલકે શ્યામ શરીર.........સરસ...૨
કોઈ સખી લિયે ચમર વીંઝણો, કોઈ પુષ્પ અરૂ પાન,
કોઈ રાગ મલાર ગાયે, લઈ લઈ ઊંચી તાન,
કોઈ સખી તન તોડ ડાલે, વાર હી તન પ્રાન,
પ્રેમ પુલકિત રીઝી દંપતી, દેત ચિતવ નિદાન..........સરસ...૩
પ્રેમ ધ્યાન સુજ્ઞાન લીલા, ગાવહી નરનાર,
ભકત વાંછિત વાસ હરપુર, પાવહી ફલચાર,
દક્ષિણે દશરથ સુત બિરાજે, વામે જનક કુમારી,
પ્રેમાનંદ જુગલ છબી પર, તન મન ઘન બલિહારી.....સરસ...૪

## પદ –૧૪૩

જગત હિંડોળે નારે માંહી ઝુલે હૈ સબ કોઈ............ટેક
પાપ પુન્ય સ્થંભ દોઉ, મેર માયા જાન,
મોહ મરૂવા લોભ ભ્રમર, કામકેલિ શું ઠામ,
શુભ અશુભ વિચિત્ર દાંડી, ગ્રહી હૈ દોઉ પ્રાન,
કર્મ પટુલી બૈઠેકે, કહો કોન ઝુલે આયી જગત..........૧

ઝુલે વિરંચિ મહેશ ઝુલત ઝુલે સૂરજ ઈન્દ્ર,
ગંધર્વ કિન્નર યક્ષ ઝુલે, ઝુલે સુરિનર ચંદ્ર,
ઝુલે નારદ શારદા રે, ઝુલે શેષ સુનંદ,
દશવાર આપ સગુણ હોય, ઝુલે હૈ ગોવિંદ..........જગત...૨
ક્ષણેક ઊંચે ક્ષણેક નીચે, સ્વર્ગ ભૂતલ જાય;
એહ ભમ્ર હિંડોળેના, ક્ષણેક નાહિં ઠરાય,
ઝુલત ઝુલત કલ્પ વીતે, તો યે ન છોડે આશ,
સુરદાસ ગોપાલ કૌતુક ચતુર્જુગ ચોમાસ............જગત...૩

## રાગ – કાલેરો

### પદ – ૧૪૪

પરમ ચતુર ઝુલે નાથ અમારો, રાઘાજીની સંગે રે,
વરણુ રે અંગોઅંગની શોભા, વારું કોટિ અનંગ રે............ટેક
સાવન માસ પરમ સુખકારી, ઝરમર ઝરમર વરસે મેહ,
દાદૂર મોર પપૈયા બોલે, ઊપજે અતિ સ્નેહ રે...............૧
આજ મેં અદ્‌ભૂત કોતુક દીઠું, હીચંતા હરિ હસ્યા રે,
શ્યામ સન્મુખ દ્દષ્ટિ કરીને, પ્રીછે બેઉ રસિયા રે...............૨
શ્યામ સુભગ ને રાઘા ગોરી, સોરંગ હિંડોળે ઝુલે રે,
જેમ જેમ ઘુમ્મર ઘાલે સજની, તેમ તેમ નરસૈંયો ફૂલે રે.......૩

### પદ – ૧૪૫

હિંડોળે હીંચે રે સજની, સુંદર નંદકુમાર,
સંગે ઝુલે સખી રાધિકા, રૂપ તણો ભંડાર રે...............હિંડોળે...ટેક
રત્નજડિત બાજઠ પર સોહે, સોનાકેરી દાંડી રે,
ચાલો સાહેલી જોવાને જઈએ, ઘરના કારજ છાંડી રે.........હિડોળે...૧
ચારે પાસ ચતુર સખી રે, ઘુમણ ઘાલે નારી રે,
મંગલ ગાયે માનુની રે, મોહ્યાં મદન મોરારિ રે............હિંડોળે...૨

જમુના પૂર સોહામણા રે, બંસીબટની છાંયા રે,
વા નાંખે સૌ વ્રજની બાલા, કરમેં વીંઝણો ઝાલી રે...........હિંડોળે...૩
બાલા બ્હીએ કંઠ વલાએ, અમને આવે ભોર રે,
શ્રી હરિ હેત કરીને આપો, મુખતણા તંબોલ રે..............હિંડોળે...૪
હરિજન હર્ષે કીર્તન ગાયે, આનંદ ઉર ન સમાય રે,
અંગતણા ઉપરણાં આપ્યાં, રીઝયાં ત્રિભુવન રાય રે.........હિંડોળે...૫
અંતરીક્ષથી મુનિ નારદ આવ્યા, લીલા જોવાને આશ રે,
વૈષ્ણવજનની કૃપા કરીને, ગાયે ગદાધર દાસ રે.............હિંડોળે...૬

પદ – ૧૪૬

જુગજીવન જશોદાના કુંવર, હર્ષે હિંડોળ હીંચે રે,
સંગ સોહે ભિખુભાન નંદિની, સ્નેહતણો રસ સીચે રે.........ટેક
વ્રજ જુવંતી ચોપાસ ઊભી, દ્રષ્ટિ ભરીને નીરખે રે,
અતિ પ્રેમ કરી લેત ભામિની, માણેક મોતી વરસે રે..........૧
હિંડોળાની શોભા સુંદર, કહેતા પાર ન આવે રે,
શંકર પ્રભુ ગિરિવર ધારી, ઉપમા કવિ કોની લાવે રે.........૨

પદ – ૧૪૭

આજ હરિ હિંડોળે બેઠા, મોહન મંગલકારી રે,
વામભાગે વૃષભાન નંદિની, સંગ સકલ વ્રજનારી રે.........આજ...ટેક
કંચન સ્થંભ રત્ન મણિ રાજિત, ચોકી ચંદન સારી રે,
હીરા મોતી જડિત ઝુમખા, દાંડી ચાર સામરી રે..............આજ...૧
ગાદી તકિયા સુભગ શોભિતા, કમલનયન ગિરધારી રે,
સુંદરતા સાગર શ્યામળીઓ, કોટિ કામ છબી વારી રે.........આજ...૨
બાજા બાજે અતિરંગ રાજે, ગાવે ગોપ કુંવારી રે,
નવલ લાલ લાડલી ઉપર, પ્રીતમ પ્રેમ બલિહારી રે..........આજ...૩

# સજની

(રાગ–સામેરી)

પદ – ૧૪૮

સજની જઈએ રે જમુના, જહાં ખેલ કરે રે કનૈયો.............સજની...ટેક
હિંડોળો બાંધ્યો હીર દોરી, શામળીઓ ને શ્યામા ગોરી રે,
હિંડોળે દોઉ જન બૈઠે, હુલરાવે સખી સૌ હેઠાં રે..............સજની...૧
ઘુમરડી ઘાલે વ્રજનારી, તહાઁ દર્પે તે લાડ કુમારી રે,
બાંય ગ્રહી અંગોઅંગ ભીડે, માનુની મનમથી પીડે રે..........સજની...૨
એક રૂપ રસાલું ગાયે, બીચ વેણ મધુર સુર વાયે રે,
તહાઁ તાલ મૃદંગ ઝડી લાગે, બીચ રમણ રમે બડભાગી........સજની...૩
હરિની લીલા લ્હેર લટ લાગી, તહાં ઝૂલે પ્રેમ સોહાગી રે,
હરિની લીલા કહી નવ જાય, રસ રહ્યો અધર મૂખે ગાઈ રે.....સજની...૪
હરિને પુષ્પ પવિત્ર સોહાવે, ગોપી નંદનંદને ઝુલાવે રે,
તહાઁ નરસૈંયો નિત નિત નાચે શોભા જોઈ ભકતજન રાચે રે....સજની...૫

પદ – ૧૪૯

સજની જુઓ નાથ નિહાળી, વ્હાલો વાયે છે વેણ રસીલી,
ઘુમરડી તે અબલા ઘાલે, સુખ સાગર મોહન મ્હાલે............સજની...૧
શિરમુગટ મહામણિ સાર રે, કાને કુંડલ જયોત અપાર રે,
વનમાલા ઉર પર લ્હેકે રે, તહાઁ ચૂવા ચંદન બ્હેકે રે............સજની...૨
શ્યામલડી સોહે સંગે રે, અતિ ઉલટ વાધ્યો અંગે રે,
વ્હાલો હસી હસી હૃદીઆ ભીડે રે, કામની મનમત પીડે રે.....સજની...૩
શ્યામા સન્મુખ ઊભી રે, શણગાર સકલ તહાઁ શોભે રે,
શ્યામા સાન કરી કરી જૂએ. જુવંતી જનના મન મોહે રે.......સજની...૪
તાલી તાલ પખાવજ ગુગરડી, આગળ નાચે છે નારી રૂડી રે,
ઉમંગ્યો રસ કૌતુક ભારી, આનંદિત અબલા નારી રે..........સજની...૫
ઘુમરડી ઘાલે લાંબી રે, પાયે ખલકે તે કલ્લાં કાંબી રે,
એને નાદે નુપૂર વાજે રે, પડછંદે પૃથ્વી તે ગાજે રે............સજની...૬

વ્હાલાં મરકડલાં કરી બોલે રે, તેમ આવી હીંચે હિંડોળે રે,
વ્હાલાને વ્હાલેરી લાગે રે, માન મૂકી સખી પાયે લાગે રે........સજની...૭
નરસૈંયો રસમેં માતો રે, ગોપીવરના ગુણલાં ગાતો રે,
તે પામ્યો મહાફલ મોટું રે, હું તો ચરણકમલમાં લોટું રે..........સજની...૮

## રાગ–મેવાડો

### પદ – ૧૫૦

આજનો હિંડોળ રે અતિ રળિયામણો, તહાં ઝુલે નંદનો કુમાર,
સંગે ઝુલે રે હો રાધા સુંદરી, રાય વૃષભાનની કુમારી................ટેક
કનકના સ્તંભ રે હો હીરે જડયા, દાંડી સોહે સુંદર ચાર,
પંચ ને પીરેજા રે અતિશય ઝલહળે, ફરતી મોતીઓની ઝુલ............૧
ઝુલાવવાને આયી રે વ્રજની સુંદરી, તેને સોહે સોળ શણગાર,
રૂમ ઝુમ કરતાં રે સર્વે નીસરી, હંસગામીની નાર.....................૨
વાજીંત્ર વાજે રે બહુ વિધવિધના, વૈષ્ણવજન ગાયે સાર,
સુરિનર મુનિ રે સર્વે મોહી રહ્યા, બોલે જૈ જૈ શબ્દ રસાલ............૩
અંત્રીક્ષથી આવી રે ઈન્દ્ર ઊભા જુએ, જહાં ઝુલે દેવમોરાર,
શોરા શોરી રે ઝુલે સન્મુખ રહી, હરિજશ ગાવે કેશવદાસ............૪

## વધાઈ–જન્મ સમાની

### પદ – ૧૫૧

દેખ હો વસુદેવ હરિમુખ, દેખ હો વસુદેવ,
કોટિ કામ સ્વરૂપ સુંદર, કોઈ ન જાણે ભેવ..............હરિ...ટેક
જાકે ચાર ભુજા ચાર આયુધ નીરખી લે નિરધાર,
અજહું મન પ્રતીત નાહિ, નંદ ગૃહે લે જાય................હરિ...૧
જાકે પોલી પાલા જડે તાળાં, નાહિ ન માર્ગ ભેવ,
નિશા અંધારી વીજ ચમકે, સઘન વર્ષે મેહ................હરિ...૨

જા કે શ્વાન પડત પહોરવા, હુઆ મુકત દ્વાર;
બંઘન બેડી સબ છુટી, ભયો એહ વિચાર...............હરિ...૩
ઝાલર ઝાંઝ પખાવ બાજે, ઓર બાજે કિરતાલ,
દેવકી ગૃહે કૃષ્ણ પ્રગટે, કંસકો હૈ કાલ..................હરિ...૪
સિંહ આગે શેષ પીછે, વહત જમુના પૂર,
નાસિકા લો નીર આયે, પાર પેલે દૂર..................હરિ...૫
ગોદ તેં અહંકાર કીનો, નદી પાયો ભેવ,
પરસી જમુના માર્ગ દીનો, ઉતરે વસુદેવ................હરિ...૬
બાવાનંદ શું મનોહર કીજે, સુનો કહે વાસુદેવ,
કહેત કવિ સુત જાની અપનો, કીજો હરિજીકી સેવ.......હરિ...૭

## વધાઈ

### પદ – ૧૫૨

સોનલા કેરું રે સુંદર પારણું, મોતીડે પરોવ્યા દોર,
હીરલા કેરું રે જડયા હંસલા, માણેક જડયા મોર..............સોનાલા...ટેક
બ્રહ્મ નાથ રે હો પોઢયા પારણે, પોઢયા હરિ પારણા મોઝાર,
હરિ હુલરાવે રે માતા જશુમતિ, હર્ષે હાલેરૂં ગાય...............સોનાલા...૧
ઘન્ય ઘન્ય રે માતા જશુમતિ, ઘન્ય ઘન્ય નંદજી તાત,
ઘન્ય ઘન્ય રે વ્રજની સુંદરી, ઘન્ય ઘન્ય વ્રજનો વાસ...........સોનાલા...૨
કોણ કોણ પુણ્ય રે, પુત્ર હમો આચર્યા, વિપ્રને દીઘાં રે દાન,
પાવન કીઘો રે વંશ હમારો, બલ જાયે માઘવદાસ નિઘાન......સોનાલા...૩

### પદ – ૧૫૩

નીરખો નંદકુમાર નેન ભરી, નીરખો નંદકુમાર રે,
જશુમતિ કુખ ચંદ્રમાં પ્રગટે, આ વ્રજકો ઊજીયાલો...........નીરખો...ટેક
આજ બનકો કોઈ જન જાયો, સુનો સગોપી વાલ,
અપને અપને વેશ સબ મિલી, લાવો વિવિઘ શણગાર.........નીરખો...૧

માંખન હરદી દૂધ દહીં ઓચ્છવ, મંડિત કરી દો દ્વાર,
પૂરો હો ચોક વિવિધ મુકતાકો, ગાવત મંગલ ચાર...........નીરખો...૨
ચહુ ઔર ઘૂની કરત મહામુનિ, હોત નક્ષત્ર વિચાર,
ઉદિત પુન્યકો પુંજ શ્યામલો, સકલ સિદ્ધિ દાતાર...........નીરખો...૩
ગોકુલ વઘૂ નીરખી આનંદીત, સુંદરતા સબ સાર,
દાસ ચત્રભુજ પ્રભુ ચિરંજીવી, જશુમતિ પ્રાણ આઘાર.......નીરખો...૪

## ઢાઢીઓ

### (રાગ મારુ)

### પદ – ૧૫૪

ઢાઢીઓ રઘુનંદજીકો, નંદકે દ્વારે ગાયે હો,
ગહર મહર ગોપીન કે રાજા, હૈ કોઈ જાઈ સુનાવો હો............ટેક
સરયુ કે તીર અયોધ્યા પુરમેં, સમાચાર તહાં પાયો હો,
વરવે સકલ ગુનકે આગર, પુત્ર મહર ઘર જાયો હો..............૧
મંગલ વર વપુ ઘરે શ્યામ, જહાં તાહીં કે ઘર જાઉંગો,
જે જે જન્મકર્મ ગુન કર હે, શાખ વેદ મત ગાઉંગો...............૨
જે કછુ કિયો કરેંગે જે કછુ સોઈ સોઈ યહાં જાનો હો,
કલિયુગ ચરિત્ર અલ્પમતિ, અનુસાર સુજશ વખાણ્યો હો........૩
જલચર કમઠ વરાહ વપુ નૃસિંહ, વામન હો, વપુ ઘારી હો,
અમર કાજ રમાપતિ પ્રગટે, ક્ષત્રિય દલન મોરારિ હો...........૪
રાજરાજ અભિરાજ શિરોમણિ, રામચંદ્ર હિતકારી હો,
અમર કાજ રંકાપતિ પ્રગટે, લીલા રૂપ તુમ્હારી હો..............૫
સો હરિ હરણ ભાર ભૂ પ્રગટે, કંસાદિક વઘ કાજે હો,
રાજીવનેન દેત વ્રજજન સુખ, અંગ અનંગ વપુ છાજે હો..........૬
સકટ બકી માર તારે તરૂ, વિશ્વમુખમાં દેખાયે હો,
કર બંઘન જનુનિ વશ હોયેગો, બ્રહ્માદિક કો મોહંગો............૭
કોપિત સુરપતિ સપ્ત દિવસ લો, શૈલ વામ કર ઘારેંગે હો;
મહા પ્રલયમેં મેઘ ગર્જ્યો, મઘવાકો ગર્વ નિવારેંગે હો...........૮

કાલિ દમન કાલિંદી કે તટ, સહેજે સાકીત સુખ કરેંગે હો,
દાવાનલ વ્યાપક વ્રજ રખહી, નંદજી ગૃહસ્થ ઉગારેંગે હો............૯
વિપુણ કેલ કલ્યાણ વિપુકારી, બંસી વૃન્દાવન બજાયેંગે હો,
પુન્યપુંજ ફલ વ્રજવાસીનકો, મોહ મત્સર ગતિ ગાનેંગે હો..........૧૦
પુની રચી રાસ વિલાસ ગોપીનકા, જુવંતી જૂથ સબ મોહેંગે હો,
જલ કીડત આનંદ ભયો હૈ, કર કરની વશ હોયે હો...............૧૧
બકી આદિ શિશુપાલ અતુલબલ, અસુર રિપુ શ્યામ સહાંરેગે હો,
સુજશ રાજે સંત સબનકી, પદરાજ ઢાઢી ગાવેંગે હો...............૧૨
સુનિ સુકૃત જશ વિમલ ભયે નંદ, મોદ હી મચિત આયે હો,
પ્રેમ ભકત રઘુનાથ ચરણરજ, ઉચિત દેવાકર પાયો હો...........૧૩

## વિજયા દશમીનાં પદો

### પદ – ૧૫૫

કોન દિશાશે આયો, પવન સુત, કોન દિશાસે આયો,
ઉત્તરા ખંડ અયોધ્યા નગરી, ચિત્રકુટ સે આયો..............પવન...ટેક
કોનકે પુત્ર કોનેકે પાયક, કોન હી કુંવર પઠાયો,
અંજનિકો પુત્ર રામજી કે પાયક, લછમન કુંવર પઠાયો.......પવન...૧
કહાઁ તરે રામ કહાઁ લછમન, કહાઁ સે મુદ્રિકા લાયે,
બનહીમેં રામ બનહીમેં લછમન, બનહી સે મુદ્રિકા લાયે.........પવન...૨
કોન કે સતસે સાગર ઉતરે, કોન સંદેશો લાયે,
સીતા કે સતસે સાગર ઉતરે, રામજી સંદેશ લાયે.............પવન...૩
એહી સુની બચન સીતા બનચરકો, નેનૌમેં નીર ભરાયો;
અબ જી ન સોચ કરો મેરી માતા, રામજી સહિત દલ લાયો....પવન...૪
રાવણ મારી અભય લઈ જાઉ, રામજી આજ્ઞા નહિ પામી;
તુલસીદાસ મારુત સુત મહિમા, સોવત સિંહ જગાયો.........પવન...૫

પદ – ૧૫૬

કોપે ચઢે રઘુવીર, લંકા પર, કોપે ચઢે રઘુવીર,
દસે દિશા પૃથ્વી સબ કાંપી, દિકપાલ વ્યાકુલ અધીર..........કોપે...ટેક
અઢાર પદ્મની સેના કહીએ, અંગદ છે બલવીર,
જાંબુવાન નલ, નીલ, સુગ્રીવ, આગેવાન, ઉતરે સાહેર તીર.....કોપે...૧
ઉત્પત્તિ પ્રલય જાકી, પલક કહાવે, ચૌદ લોક શરીર,
તુલસીદાસ પ્રભુ કહે કપીઅન શું, ભકત વત્સલ રઘુવીર........કોપે...૨

## પંચ અધ્યાયનો રાસ

પદ – ૧૫૭

શ્રી ગુરુને ચરણે નમું, માંગુ અખિલ જ્ઞાન પ્રકાશ,
કૃષ્ણકથા જશ બોલશું, હરિ રમ્યા ક્રીડા રાસ..............૧
શ્રી ભાગવતની કથા પાવન, દશમ સ્કંધે જેહ,
પદ્ય અધ્યાય પરીક્ષિતને કહ્યા, શ્રી શુકજી બોલ્યા તેહ.....૨
તે કથા વિસ્તારવા, મારે હૈયે હર્ષ અપાર,
તે માટે ગુરુને ચરણે નમું, અખિલ જ્ઞાન પ્રકાશ...........૩
અખિલ જ્ઞાન ઉચ્ચારતાં, પતિત પાવન થાય,
કૃષ્ણ ભરથારને પામવા, ગોપી વધૂ ગિરિજા ને ધાય......૪

### ચાલ

હાં હાં રે ગોપી વધૂ ગિરજાને ધાય, પૂજા કરીને લાગ્યાં પાય;
મારે વરવાં છે બનમાલી, તમે કૃપા કરો કૃપાળુ................૧
દેવીએ દીધાં આશિષ, વર હોજો શ્રી જગદીશ;
આવ્યાં વર તે સુફલ કરવાં, હરિ ભકિત તણો ભાવ જોવા,
આવી ઊભાં તે જમુના તીર, અબલાનાં હર્યા ચીર.............૨

સાખી

ચીર ચોરી કદમે ચઢયા, વ્યવ્હળ થયાં વ્રજનાર;
હરિ આપો તો નીસરીએ, એમ કહે સકલ વ્રજનાર............૫

ચાલ

હાં હાં રે જલ મધ્યે રહી વ્રજનાર, કરજોડી કરે નમસ્કાર;
તમે આપોની ચીર પરિધાન, સ્વામી માગશું એટલું માન;
ત્યારે હસીને બોલ્યાં ભગવાન, તજો દેહતણું અભિમાન;
તમો લજજા તે લોક નિવારો, ઉઘાડે અંગે પધારો;
હરિએ જેમ તેડયાં તેમ જાએ, મન હર્ષ્યા તે જાદવરાય.......૨

સાખી

અબલા મન આનંદ ઘણો, વર પામી જુગજીવન;
એક રાત્રિ રમવા તણો, હરિએ આપ્યું સતવચન............૬

ચાલ

હાં હાં રે એક શરદ નિશા અતિ સોહે, દેખી મુનિ જનના મન મોહે;
ઊગ્યો પૂરણ કલાનો ચંદ્ર, વૃન્દાવન નાથ નિરંદ્ર ૧
ત્યાં શીતલ પવન સુગંધ, વાયે ત્રિગુણવા નિર્બંધ;
દેખી નિર્મલ જયોત આકાશ, રમવાને રાસ વિલાસ..........૩

સાખી

મધ્ય નિશા મોહન ગયા, વૃન્દાવન મોઝાર;
તે રજની ને સંભારતા, જે વર આપવો વ્રજનાર...........૭
મધુરો શંખ વગાડયો, મોહ્યાં ત્રણ ભોવન;
વ્રજનારી વિહવળ થઈ, તેનાં આક્રંદ થયાં મન............૮

ચાલ

હાં હાં રે વ્રજનારી વિહવળ થાયે, તેણે મંદિરમાં ન રહેવાય,
એક કુંદલ પહેર્યું ચરણે, એકે નૂપુર ઘાલ્યું કર્ણ;
એક હાર ભેરવ્યો હાથે, એકે કંકુણ ગૂંથ્યું માથે;
એકે પહેરી અવળી ચોરી, એકે કુંકમ કાજલ રોળી;
એકે લોચન આંજયું એક, એમ વિસરી અંગવિવેક
સર્વે છાંડયો ગૃહ વ્યવહાર, વિસર્યા પતિ પરિવાર;
સર્વે ચાલ્યા વન મોઝાર, જાણે કામ થયો અસ્વાર;
શ્યામાદલ સંગ વિશાળ, જઈ ગઢ વીંટયો ગોપાલ..........૪

સાખી

હરિ માયાનું બલ જુએ, ગોપી ન જાણે મર્મ;
પ્રેમદા પર સંગે રમે, જે ડરતી ગૃહના કર્મ................૯
જુવંતી જૂથ મળ્યું બહુ, તે દેખી વ્રજરાજ;
ગોકુલમાં સહુ કુશલ છે, તમે વન આવ્યાં કોણ કાજ......૧૦
મધ્ય નિશા ગયી માનુની, તમને ઘટે નહિ એહ;
પિયુ પોતાનો પરહરી, વન નીસર્યા તેહ................૧૧
અંધ દરિદ્રી રોગીઓ યદ્યપિ હોય ભરથાર;
પતિવ્રતા છાંડે નહિ, જો હોય કુલવંતી નાર..............૧૨

ભામની ભોવન વિશે રહો, ધર્મ તમારો એહ;
જઈ સ્વામીની સેવા કરો, સાધન સઘળાં તેહ........૧૩

ચાલ
(રાગ–કેદારો)

હાં હાં રે તમે કેમ આવ્યાં વ્રજનાર, મંદિર પરહરી,
પરહર્યાં નાનેરાં બાલ, હો વ્રજની સુંદરીઓ...ટેક
મધ્ય નિશા રૂડાં મંદિર તજીને, આવ્યાં છો વનમોઝાર;
એક એક પે દીસો છો રૂડાં, છો કુલવંતી નાર
એમ બોલ્યાં હરિ.....૧
વેદ પુરાણમાં સુન્યો હશે, સ્ત્રીઓને ભજવા કંથ રે
ધર્મ તમારો તમને કહીએ, જૂઓને વિચારી ચિત્ત
એમ બોલ્યાં હરિ.....૨
મનડું વિમાસી ગોપી, અબલા ઊભાં, તમે શું કહો
છો પ્રાણ જીવન;
અમે ભજીએ વનમાલીનો વ્હાલો, એમ વિનવે ગોપી
જન વ્રજની સુંદરી.....૩

સાખી

વચન વિષ્ણુના સાંભળી, વ્યાકુલ થઈ વ્રજનાર;
ગદગદ કંઢે હવિ થકી, તેને નયણે વહે જલધાર,.......૧૪
મોહસાગરમેં તે પડી, નારી થઈ નિરાશ;
જાણે દધિ સાગર ઉલટયો, જલ વ્યાપ્યું રે આકાશ.....૧૫
તે જલ મધ્યે ડૂબતાં થોભ દિયો હરિ નાવ;
પ્રીત વચને ગોપીના સુણી, જાણ્યો નિશ્ચલ ભાવ......૧૬
અવિલોક અંતગતિ સ્નેહ થશે નિર્વાણ;
પ્રેમદા પાછા નહિ ફરે, તત્ક્ષણ તજશે પ્રાણ..........૧૭

ચાલ

હાં રે ત્યારે હસીના બોલ્યા જદુરાય, અબલા મન હર્ષ ન માંય;
ત્યાં મંડપ રાસ રચાયે, તેની શોભા કહી નવ જાય;.
સુખ પામ્યા વિવિધ વિલાસ, પછી રમવાને માંડયો રાસ......૪

સાખી

અબલા એક એક મેં મધ્યે નાથ નિરંઘ્ર;૧
બેઉ ઘટમેં પ્રતિબિંબ ભાસ્યો; જેમ જલ મધ્યે ચંદ્ર.........૧૮

ચાલ

હાં રે બહુ રૂપ ઘર્યું તેણીવાર, તેની શોભાનો નહિ પાર;
તેની શોભા કહી નવ જાયે, જેમ સાગર લ્હેરે સમાય......૫

સાખી

(રાગ–કેદારો)

કેદારો જબ કીજીએ મુખે જપીએ રામ;
ઔર રાગ સબ દેવતા, મારે કેદારો ભગવાન............૧૯
શોભા શી બની કહું, કહેતા ન આંવે પાર;
રૂપ ઘર્યું રાઘામાઘવે, તેનો વિસ્તારું શણગાર............૨૦

ચાલ

હરિનું વન ઘનશ્યામ બિરાજે, જેનું વૈદુર્યમણિનું ભાસે;
હરિને પીતામ્બર તન શોહે, ત્યાં અમર મન મોહે;
હરિને ચરણે નૂપુર સાર, શ્યામ કર કંકણ રંગ લાલ;
હરિને અંગે બાંલુંડલી વિશાલ, શ્યામા મુકતા દામ પરવાળા;
હરિને ઉર લટકે વનમાલા, શ્યામા મુકતા દામ પરવાળાં;

હરિનું નિરખી વદન નિરંઘ્ર જાણે ઉગ્યો પુનમનો ચંદ્ર;
હરિને કાને કુંડલ લટકે, શ્યામા ઝાલ અનુપમ ઝલકે;
હરિના લોચન અમ્બુજા રાતાં શ્યામાં મૃગનયની મદમાતા;
હરિને મોર ચંદ્રિકા માથે શ્યામા શિશ ફૂલ સરગુંથે;
નખશિશ સિંધુ શોભા અપાર, કીધો સંક્ષેપ વિસ્તાર;
હરિના ચરણ કમલ બલિહારી, જાયે રામભકત બલિહારી..........૬

સાખી

એક એક ગોપી બીચ બીચ માધવ, રચ્યો રાસ વિહાર;
હાથ જોડી હરિ સંગે રમે, પહેર્યા સુલમણીના હાર...............૨૧

ચાલ

હાં રે પહેર્યા સુલમણિના હાર, એમ રચ્યો રાસ વિહાર;
અબલા મન હર્ષ અપાર, ત્યાં વર્ત્યો જૈ જૈકાર;
વાજીંત્ર વાગે બહુ રંગ, ઉપજે બહુ તાન તરંગ;
હરિ કંઠે ઘાલી બાંહે, જાણે વિજ થઈ ઘનમાંહે;
ત્યાં થૈ થૈ કર બોલે, ત્રિભોવનમાં નહિ કોઈ તોલે;
ત્યાં ઘુંઘરીનો ઘમકાર, પાયે નૂપુરનો ઝંકાર;
ત્યાં કંકણ ચુડી ખલકે, રાખલડી મસ્તકે ઝલકે;
હરિ સાથે ભમરી ખાયે, તેને ઉલટ અંગ ન માંય;
શ્યામા તન્મય થઈ તેણીવાર, નહિ દેહની સૂઘ લગાર;
ત્યાં ચોળીના કણ છૂટે, તેના હાર કુસુમના તૂટે;
તૂટયા મુકતાફલના હાર, જાણે સ્વાંત મેઘની ધાર;
છૂટયા વસ્ત્ર ભૂષણ પરિધાન, ભૂમિ થઈ તે કનક સમાન;
ત્યાં નારી થઈ લોલીન, જેમ સંગ તે મીન;
તેની પ્રેહની વેદના વામી, પરિબ્રહ્મ વિશે લય લાગી.....૭

સાખી

વેદ રૂપે હરિ અવતર્યો, ઋચા ગોપિકા જાણ;
રગે ઓશંકા આણતો, બાલક બુદ્ધિ અજાણ..................૨૨
ગાયત્રી જશોદા થયા, વેદ તણી જે માત;
અધ્યાય તે સર્વે ગોવાલીયા, હરિ અવતર્યા સાક્ષાત.....૨૩
અમર લોક ઈચ્છા કરે, ધન્ય વૃન્દાવન નાર;
આપણ શેં નવ અવતર્યા, હરિ સંગ કરત વિહાર.....૨૪

ચાલ

હરિ સંગ કરતાં વિવિધ વિલાસ, ત્યાં સર્જન થઈ ષટ્ માસ;
નારી જાણે છે ક્ષણુ એક, એમ વિસારી અંગ વિવેક;
હરિ બંસુરી મધુરી વાયે ત્યાં સુરભિ તૃણ ન ખાયે;
સ્થિર પામ્યું જમનાના નીર, ગૌ વચ્છ ન પીએ ક્ષીર;
ત્યાં ખગ મગ પક્ષી જેહ, સર્વે ચકિત થયા મન તેહ;
ત્યાં ચંદ્ર વિમાન ન ચાલે, ગતિ ભાન થઈ નવ હાલે;
ત્યાં કામ રહ્યો કર જોડી, દેખીને પામ્યો દિશા મૂઢ;
ત્રિભોવન જીત્યું તેણે જેહ, હાર આણ્યા હાર્યો તેહ;
એવું સુન્યું અદભુત જ્ઞાન, મુનિજનના છુટ્યા ધ્યાન;
તપે બેઠા આસન વાળી, મહાદેવની છુટી તાળી;
સનકાદિક સમાધિ છુટી, ત્યાં કાળ તણી ગતિ તૂટી;
અંતરીક્ષથી સુર નર દેવ, જોવાને આવ્યા તતખેવ;
સુરનારી કુસુમ વધાવે, તે જોવા હરિને આવે;
વૃન્દાવન વૈકુંઠ બિરાજે, તેની શોભા અધિક બિરાજે;
સુર પામ્યા હર્ષ અપાર, ત્યાં વર્ત્યો જૈ જૈકાર,
દેવતાએ માંડયો રાસ, સુરનારી વિવિધ વિલાસ;
ત્યાં અદભુત ઓચ્છવ થાય, જાણે મથ્યા વૈકુંઠ રાય;
વાજીંત્ર બાજે બહુ સાર, સુર ત્રીયા રણઝણકાર;
તે મા છેકે મળ્યો એકે ઠામ, તે પામ્યો પદ અભિરામ.....૮૮

સાખી

રાસમંડલ ગિરિધરે રચ્યો, સુખ દિયો ગોપનકો દાવ;
રાધારસિકને સંકેલી લઈ, તબ ભયે હરિ અંતર્ધ્યાન..............૨૫

ચાલ

હાં રે તબ ભયે હરિ અંતર્ધ્યાન, ગુણ સાગર રૂપનિધાન;
જુવંતી જુવંતી જન ડોલે, સામા સામી કરી મુખ બોલ;
પૂછે ગુલ લતા દ્રુમ વેલી, કહું દેખ્યો શ્યામ સાહેલી;
મેં તો અભિમાન ડિયો મોરી માય, જબ લાભ ભયે જદુરામ.....૯

સાખી

કુંજ કુંજ ઢુંઢતી ફરે, ખોજતી દીનદયાળ,
પ્રાણનાથ પામે નહિ, ત્યાં વ્યાકુલ ભયી વ્રજનાર.....૨૬

ચાલ

હાં રે ત્યાં વ્યાકુલ થઈ વ્રજનાર, ઢુંઢતી ફરે શ્યામ તમાલ ૧,
પૂછે ચંપક જાઈ ગોપાલ, કહું દેખ્યો નંદકો લાલ;
કોઈ કદમની વાત ન જાણે, શ્યામ તરુણી અંગ ન સુઝે.....૧૦

સાખી

પિયુ કે સંગ એકાંત ભયી, સો વિલસે રાધા નાર;
સ્કંધ ચઢાઈ પ્રભુ એૈસો કિયો, તબ તજીને ગયા મોરાર.....૨૭

ચાલ

હાં રે ત્યાં તજીને ગયા મોરારિ, હું તો આપ સંગથી હારી;
મેં તો અભિમાન કિયો મોરી માય, ત્યાંથી અલોપ થયા જદુરાય;
ત્યાં ઔર સખી મિલી આયી, દેખન પતિ જાદવરાય.................૧૧

સાખી

વૃન્દાવનમેં વિઠ્ઠલો, પામ્યો અંતર્ધ્યાન
ગોપી સર્વે ઘેલી થઈ, જુએ વેલ તરૂવર પાન.....૨૮

ચાલ

હાં રે ગોપી વેલ પાન સહુ જૂએ, શ્યામા શ્યામા કરી મુખ રૂવે;
વ્રજબાલા માર્ગ પેખે, નરનારીના પગલાં દેખે;
ઘન ઘન રાઘા રાણી, જેણે વહા કીઘા મોરારિ.......................૧૨

સાખી

ઘન ઘન રાઘાનારને, જેણે ત્રિકમ લીઘાં સાથ
હરિજી વિના કેમ ચાલશે, ના વિસારો નાથ.........૨૯

ચાલ

હાં રે આપણ હરિજી વિના કેમ રહિએ, બેની ચાલોની જોવા જઈએ;
જોયું વૃન્દાવન મોઝાર, નહિ દેખ્યાં નંદકુમાર.........................૧૩

સાખી

નહિ દેખ્યાં નંદકુમારને, વળી વિમાસે સર્વે સાથ;
ધ્યાન ઘરો કૃષ્ણચંદ્રનું, જેમ આવે વ્રજનો નાથ.....૩૦

ચાલ

હાં રે ત્યાં ધ્યાન ઘર્યું સર્વે સાથ, સખી કયાં છે વૈકુંઠનાથ;
ત્યાં જાપ જપે વ્રજબાલા, ઉન કરમેં ગ્રહી જપમાલા.............૧૪

સાખી

જપમાલા ઉન કરમેં ગ્રહી, ત્યાં ધ્યાન ધર્યુ સર્વે નાર;
સાથે હતી રાધિકા, તેણે મન આણ્યો અહંકાર..........૩

ચાલ

હાં રે રાધાજી ગર્વભરી એમ બોલે, નારી નહિ મુજ કોઈ તોલે;
હરિ એ વિસારી સર્વે નાદ મારે વશ થયા મોરાર;
રાધાજીએ મનમાં એવું આણ્યું, ત્રિકમજીએ તત્ક્ષણ જાણ્યું;
માધવજીએ મેલી રોતી, રાધા હીંડે વન વન જોતી............૧૫

સાખી

કૃષ્ણ ચરિત્ર ગોપીએ કિયો, વ્રેહ વાધ્યો વ્રજનાર;
એક ભયી જૈસી પુતના, એક ભયી ગોપાલનાથ.....૩૨

ચાલ

હાં રે એક ભયી ગોપાલનાથ, તેણેએ દુષ્ટ પુતનાને મારી;
એકે વેષ મુકુંદજી કીધો, તેણે તૃણાવત હણી લીધો;
એક વેષ દામોદરનો ધર્યો, તેણે જમલા અર્જુન માર્યો...........૧૬

સાખી

અબલા મન આનંદ ઘણો, પામી પદ નિર્વાણ;
જઈ હરિને ચરણે નમ્યા, તત્ક્ષણ આવ્યો પ્રાણ.....૩૩

ચાલ

હાં રે આવ્યા પ્રાણજીવન તેણીવાર, અબલા મન હર્ષ અપાર;
ત્યાં વર્ત્યો જૈ જૈકાર, ફરી રચ્યો રાસ વિહાર;
એમ રંગ ભરી રજની નિહાળી, હરિ સંગે જતાં નવ જાણી;
હરિ ક્રીડા રાસ વખાણે, કોઈ જતિ જોગી જાણે;
છેક રજની રહી ઘડી ચાર, ત્યારે વ્રજમાં પહોંચી નાર;
તે પામ્યા પદ અભિરામ, હરિ પહોંચ્યા ગોકુલ ગામ;
રામભકત કહે કર જોડ, સ્વામી ભવના બંધન છોડ;
હરિચરણે રાખો વાસ, નહિ તો જાણો તમારો દાસ;.....૧૭

## પંથીડાની સાખી

હીંડે વન વન શોધતી, શ્રી વંદાવન મોઝાર;
વાડી વેલે સર્વે જોયું, હવે જુએ સરોવર પાળ.........૧
ગર્વ જાણી ગોરી તણો, હરિ ભયે અંતર્ધ્યાન;
એધાણી જોતી પંથની, નયણે છુટયા ઝરણ...........૨

રાગ – પંથીડો

પદ ૧૫૮

પંથ નિહાળતી રે હો, જોતી પ્રીતમના પગલાં,
મધ્ય નિશાએ ઘેલી હો, ભરતી લથડતા ડગલાં..................ટેક
ચૌદિશી નિહાળતી રે હો, જાણે વનચરતી હરણી રે હો,
સુધ બુધ વિસરી હો, પ્રભુ મારા તે તારી કરણી રે..................૧
શ્યામા સૌ ટોળે મળી રે હો, હીંડે મારગડો જોતી રે,
નયણે નીર ઝરે રે હો, ચતુરા ચીરથી લ્હોતી રે.....................૨
શ્યામા સૌ ટોળે મળી રે હો, મનમાં કીધો વિચાર રે,
ચાલો સખી ત્યાં જઈએ હો, જયાં રમતાં નંદકુમાર રે..............૩

જોતા સૌ ત્યાં ગયા રે હો, જયાં છે જલ યમુના નીર,
અહીં હરિ બેસતા રે હો, જમતાં કર્મલડો ને ક્ષીર..................૪
વ્હાલો વગાડતો વાંસડી રે હો, ગોપી ગાતી સર્વે ગીત રે,
તે કેમ વિસરું રે હો, પ્રભુ મારા પૂર્વ જન્મની પ્રીત રે..............૫
જતને જાળવું રે હો, જોબન ભૂધર ભેટ કરીશ રે,
જો હરિ નહિ મળે રે હો, મારા પાપી પ્રાણ તજીશ રે................૬
શ્રી હરિ શ્યામળા રે, ધરતાં ધાબળિયાનો વેશ રે,
કેડલો પૂછતી રે હો, કહો મને કૃષ્ણને ઉપદેશ રે....................૭
આણે આણે મારગડે હો, આવ્યા લક્ષ ચોરાશી માંય રે,
મનષા દેહ ધરી રે હો, પ્રભુ મારા આવાગમનની વાર રે............૮
પૂછું પેલા દ્રુમને હો, કહો મને નાગર કેરી ભાળ રે,
વનિતા વલ વલે રે મળવા આતુર શ્રી ગોપાલ રે..................૯
તારુણી ટોળે મળી રે હો, કરવા લાગી કંઠ રૂદન રે,
વ્રહદેવના સ્વામી મળો રે હો ધ્યાને આલિંગન રે..................૧૦

પદ – ૧૫૯

વનવન શોધતી રે હો, જોતી પદમ તણા એંધાણ,
ડગમગ ડોલતી રે હો બોલતી મૂકી મનની સાન............ટેક
હૈયું બિગાડતી રે હો નારી હરિ વિના થઈ નિરાશ,
મૂર્છા પામતી રે હો નરહરિ નહિ દેખે નિશ્વાસ...............૧
અવની આળોટતી રે હો, જાણ્યું પ્રેમદા તજશે પ્રાણ રે,
સખી સમજાવતી રે હો, આપણ રમીએ રાસવિલાસ........ટેક
હરિએ જે કર્યું રે હો, લીલા આચરીએ તેણી વાર રે,
એક થઈ પુતના રે હો, એક થઈ કાન નાનેરૂં બાળ રે.........૨
તેને શોધી રે હો, ફરતી પ્રાણ પવન તેણીવાર રે,
વાય વંટોળિયો રે હો, લઈ ને ઊડતી આકાશ રે.............૩
એક મંહી હિંડોળતી રે હો, બાંધતી ઊખલા સાથે હાથ રે,
વૃક્ષ ઉખેડતી રે હો, ભરતીજમલા અર્જુન બાથ રે............૪

અદ્‌ભુત ચુરંતી રે હો, કરતી દાવાનલનું પાન રે,
પર્વત તોળતી રે હો, હરતી ઈન્દ્ર તણું અભિમાન રે..........૫
બંસુરી વગાડતી રે હો, કરતી અન્યોન્ય ગાન રે,
રાસ રમાડતી રે હો, નારી થઈ સ્વયં ભગવાન રે............૬
વ્રેહની વ્યાકુલતી રે હો, વનિતા હીંડે વનમોઝાર રે,
અનાથ એકલી રે હો, વનમાં મેલી ગયા વ્રજનાથ રે.........૭

## ગરબીના પદો

### પદ – ૧૬૦

મારી શેરીએ આવો શ્યામળિઆ,
વાટલીએ વેરાવું ફૂલ પ્રીતમ પાતલિઆ...................ટેક
મેં જુગમેં જોયું શ્યામળિઆ,
નહિ આવે તમારી તોલ પ્રીતમ પાતલિઆ..................૧
ઘન ઘન તે દેવકીના શ્યામળિઆ,
જાણે જનમ્યા તે અકલ સ્વરૂપ પ્રીતમ પાતલિઆ.............૨
તારું મુખડું સુંદર શામળિઆ,
જાણે શરદ પુનમનો ચંદ્ર પ્રીતમ પાતલિઆ.................૩
રઘુનાથના સ્વામી શ્યામળિઆ,
વ્હાલો દુ:ખડા કેરો જાણ પ્રીતમ પાતલિઆ................૪

### પદ – ૧૬૧

આજનો લ્હાવો લીજીએ રે કાલ કોણે દીઠી,
વાણીના મેહુલા ને નૃત્યની હેલી,
સુખનો લ્હાવો લીજીએ રે.......................કાલ...૧
પ્રભુજીના ગુણ જોને એવા રે મીઠડાં,
હર્ષે ઓવારણાં લીજીએ રે.......................કાલ...૨
ફૂલની રે ગાદી ને ફૂલના તકિઆ
ફૂલના બિછાના બિછાવીએ રે કાલ કોણે દીઠી.....કાલ...૩

રામની રે આરતી ને સંતની સેવા,
દાસ રણછોડ હૃદયે લીજીએ રે..............કાલ...૪

## અધ્યારૂજીના પદો

### પદ – ૧૬૨

સ્વામી મારા આદિ અનાદિ એક તું, નિરંજન નિરાકાર,
હરિ હર બ્રહ્મા તું હવો, સ્વામી તું છે અપાર, પાયે લાગી કરું વિનતિ.......ટેક
તારો પાર કોઈ નવ લહે, પરિબ્રહ્મ અવિઘાર,
તું સરખો કર તારો, માયા રહિત સંસાર..........................પાયે...૧
આપણે પોતે ગોષવ્યું, વહ્યો સકલ સંસાર,
જાગ દાન આધ્યાત્મને, નથી ગર્ભનો પાર..........................પાયે...૨
ભોવન રઝળ્યો એ આત્મા, તૂ ન જાણે સાર,
ઘણી વિહોણો તૂ મર્યો, ચોખાણ મોઝાર..........................પાયે...૩
બ્રહ્માદિક શિવ આત્મા, જે ઘરે રે શરીર,
કહ્યું મોટો કહ્યુ નાનેરો, એવો અકલ તૂં વીર.....................પાયે...૪
વિગતો કીઘો એ આત્મા, ગુણે હવો ખંડ,
ચોરાશી લક્ષ જીવ થયા, તેણે ભર્યા બ્રહ્માંડ.......................પાયે...૫
બ્રહ્માંડ મુકયું આબઘું, પડયો મોહ સંસાર,
હું મારું કરે આંઘળો, અંઘ એહ ગમાર..........................પાયે...૬
સ્વામી દયાલ તું ઓળખ્યો, સમર્થ શું વિચાર,
તું આગળ શું મારો, હું નથી એકો વાર.........................પાયે...૭
આપો આપ થયો અણછતો, માંહી મેલે તુંજ,
હવે ગમતું કર તારું, ઉદ્ધાર એ અબૂઝ..........................પાયે...૮
ક્ષુઘા તૃષાદિક આકળો, વાંછે સુખતણી આશ,
તણે વળી ઘટ પામશે, ઊંઘે મુખ દશ માસ......................પાયે...૯
ઘરે એ જીવ વરાંસો, હવો આપણ રાહ,
ભકિત વિહોણી તારી, જમે દીઘો ઘાવ.........................પાયે...૧૦
ક્ષણ ક્ષણ જન્મે ને ક્ષણુ મરે ચઢે કાલને હાંથ,
ઠામ ઠામ કરે મારું, તે નહિ આવે સાથ.........................પાયે...૧૧

સ્વામી કૃપા કરો અતિઘણી, ભાંજો અનેક વિચાર,
અચલ ભકિત દે તારી, જે છે મુકત ભંડાર......................પાયે...૧૨
તારા સ્વરૂપનો પાર નહિ, બહુ લીલા બ્રહ્માંડ,
ભકત જયાં જેવું મન ધરે, ત્યાં તેવો પિંડ ......................પાયે...૧૩
વૈકુંઠ બ્રહ્માદિક જુએ, પેખે વિષ્ણું અનંત,
રાજા અક્ષય પદ તણો, તેને સેવે સંત.........................પાયે...૧૪
આપો આપ જે દાખવે, તેને તેવો પસાય,
તારા સ્વરૂપને તું જ લહે, તું છે ગુરવો રાય.....................પાયે...૧૫
દુષ્ટ સાધુને દુભવે, ધાય તું જ વહારે,
તે જોગે તેવા રૂપ ધરી, દુઃખ ફેડે તેણીવાર......................પાયે...૧૬
મત્સ્ય કૌરમ વરાહ તું, નૃસિંહ એકવાર,
વામન ત્રિકમ પરશુરામ, રઘુકુલ અવતાર....................પાયે...૧૭
નરનારાયણ કૃષ્ણ તું, બુદ્ધ કલ્કી રૂપ,
તું મલે દેખે તારું, પડી પરબ્રહ્મ સ્વરૂપ.......................પાયે...૧૮
ગરૂડ વાહન સ્વામી તારું, કંઠે કૌસ્તુમ મણિ હાર,
શિવ લાંછન જલહલે, એવાં રૂપ કઈ વાર......................પાયે...૧૯
બ્રહ્માદિક ને પ્રત્યક્ષ હવા સુખે પોઢયા શેષ,
લક્ષ્મીચરણ સેવા કરે, એવા તારા વેષ.........................પાયે...૨૦
તારે આધારે જીવ છે, પદ્મ વીસમો જેહ,
પ્રકૃતિ છોડીને જે જપે, દેખે પરિબ્રહ્મ તેહ......................પાયે...૨૧
પ્રકૃતિ ઉપર જેને પ્રેમ છે, કરશે બહુ ધર્મ,
તેણે વળી ઘટ પામશે, ભોગવશે બહુ કર્મ......................પાયે...૨૨
અંત લગી જો એમ રહે, સત ભાવન નિવાસ...................પાયે...૨૩
પ્રકૃતિ પડી જયાં પાપણી, હજીએ ન મૂકે કાંઈ,
શબ્દ ધણીનો રોળવે, વણસે તે ઘર જાય......................પાયે...૨૪
પ્રકૃતિ કહે સુણ આત્મા, મારો કયો દોષ,
વણસે તેઓ અનેકવાર, હવે કયાં કરે રોષ....................પાયે...૨૫
પ્રકૃતિ પુરુષ એમ બોલતાં, તૂટયો પૂર્વસ્નેહ,
આત્મા પરિબ્રહ્મ જઈ મળ્યો, પાંચ ભાગ થઈ દેહ...............પાયે...૨૬

જમ છે બોલ્યું તારૂં, જુગ છે એ તો ધર્મ,
તું વિના જપ તપ દયા દાન, તે સઘળાં કર્મ....................પાયે...૨૭
વિષ્ણનું બોલ્યું વેદ છે, જેનો નહિ લાધે પાર,
જેને આધારે બ્રહ્માંડ રહ્યા, સાચો એ આધાર.................પાયે...૨૮
યુગ યુગ દર્શન જૂજવાં, વણસે જુગ અનંત
વેદ ન વણસે વણસંતા, બહુ જુગ કલ્પાંત.....................પાયે...૨૯
તમારી કૃપા થકી રહિત છે, લોપે રાજ આદેશ,
ધર્મે આ બધું માંડયું, માને બૂધ જનેશ.......................પાયે...૩૦
અણછતો આત્મા વિનવે, ઉદ્ધાર જો તાત,
તું સમર્થ હવે પામ્યો, આદર એજ વાત......................પાયે...૩૧

## વેદ પુરાણ

પદ – ૧૬૩

હરિ હરિ વેદ પુરાણ સ્મૃતિ ષડ દર્શન, નિચટ વિચારી સ્વામી જોયું એ.........૧
એક જ સાર સનાતન લાધ્યું એ, ચેતન હરિ પરિબ્રહ્મ તણું એ................૨
પાછલા જનમ તણા દુઃખ કાં વિસર્યો, ગર્ભને ઘર લઈ કાં થયો એ............૩
કર્મ તજી હરિ ધ્યાન મા છાંડીશ, અહરનીશ અનુસરો ક્ષેણું ઘડી એ............૪
ધંધે એ વાહ્યો કાલમાં નિર્ગમ્યો, કાજ છે તે સિધ્ધુ નથી એ...................૫
જન્મ મરણ સુખે દુઃખે એ વાહ્યો, કાજ સિધ્યા વિના ભમ્યો એ................૬
કાજ સિધ્યુ નથી કાંમ ઉપર નથી, કાજ સિધ્ય વિના ઘર નથી એ.............૭
દેહ ઘરે તે આત્મા બોલે એ, દેહ વિના પરમાત્મા એ........................૮
મૂર્તિ વિના પરમાત્મા ધાઈએ, અવર પ્રપંચ કીજે નહિ એ....................૯
તે પરમાત્માથી સહુ ઊપજે, અંતે તેણે વળી સહુ આથમે એ................૧૦
સાથી ભૂલ્યો વન એકલો રૂવે એ, સાથી દીઠા વિના ન વિરમે એ...........૧૧
જનુની વછુટયું જેમ બાલક રૂવે એ, જનુની પામ્યા વિના નિવૃત્ત નહિ એ....૧૨
જલવિના માછલી ટળવળે અતિ ઘણી, ઉદક પામ્યા વિના સુખ નહિ એ.....૧૩
એમ પરમાત્મા શું રહે આત્મા, એટલે કાજ સિધ્યું સહી એ.................૧૪
બ્રહ્મ જ બોલે ને બ્રહ્મ જ સાંભળે, બ્રહ્મ દેખે ને પરિબ્રહ્મ જપે એ...........૧૫
વાસુદેવ પરમાત્મા પરિબ્રમ, વિષ્ણુ નારાયણ એક તું એ.....................૧૬

જીવ અજાણ કાં ઘંઘે વાહ્યો, પોતે અકદું ઓછું નહિ એ....................૧૭
પરિબ્રહ્મ આ ઈશે જે જેમ રાખ્યા એ, તે તેમ રહો પરિબ્રહ્મ જપો એ.........૧૮
સમર્થ સબલ સનાતન સાર એ પાર નહિ જશ ગુણ તણો એ...............૧૯
પરિબ્રહ્મ નામની ઉપરાજન સાચી એ, તે વિના પ્રાણ છેદાય ઘણું એ.........૨૦
આપ કબુધે નવુએ ન કીજીએ પરિબ્રહ્મ બોલ ન લોપીએ એ................૨૧
બોલ લોપે હોય ઘણી વિહોણોએ, તે તણી હવે કોણ ગત હશે એ.............૨૨
ઘણી મુકે તેનું આયુષ્ય લોપે એ, અવર માર્ગ ગત તેને નથી એ.............૨૩
ઘણી સાચો તેનું આયુષ્ય લોપે એ, અવર કુડુ સહુ વણસતુ એ...............૨૪
અણછતાં ઉપજે છતાં જે વિલસે એ, તે તણો બોલ અહીં નરક છે એ.........૨૫
જે સદાય છે સર્જે ને ફેડે એ, તેને મુકીને કોણ સેવીએ એ....................૨૬
ઘંઘે વાહ્યો બાપ વિસાયો એ, તો તને નરકેથી કોણ કાઢશે એ...............૨૭
દર્શન સેવીશ ઘર્મ સંભાળીશ એ, અચલ સેવ્યા વિના વણસશે એ............૨૮
અનેક પ્રકારે તુ પ્રાણી આગે હવો, હજુ કહુ કોડ તને વળી એ...............૨૯
અમૃત પામ્યો પ્રમાદ કા ઢોળીશ, અવર રસ નથી કાંઈ હરિ સમો એ.........૩૦
કાચ કારણ મણિ હાથથી નિર્ગમ્યો, થોડલે સુખે બહુ સુખ કાં તજે એ.........૩૧
ગર્વ મા કરીશ તું પૃથ્વીપતિ રાજીઆ, રંક મા તુ કીજેશ દરિદ્રઓ એ.........૩૨
હરસદ કેરી પરબતણી પેરે, રૂઘિર સાટે એહી ઉદક છે એ...................૩૩
જાગ દાનાદીકે રાજ પ્રાપ્ત હોય, ઘર્મ ખુટે ને વળી દુઃખ સહે એ.............૩૪
પૃથ્વી પતિતણું સુખ ઘનપતિતણું સુખ સુક્ષ્મજીવતણું સુખ સમતુલ છે એ.....૩૫
આપ આપણ મન જે સુખ માને એ, નરક સંપૂર્ણ તેને ત્યાં છે એ............૩૬
પરિબ્રહ્મ પદસુખે જે જઈ બેઠા એ, ઈંદ્ર પદ લગી તે નવ આભડે એ.........૩૭
મનના મનોરથ છાંડીને હરિ ભજો, વિગત ફીટે ને સહુ એક જ હોય એ......૩૮
ભાષા ન જાણુ ને છંદને ના જાણું એ, એક જાણુ સ્વામી માંડણહાર એ........૩૯
તું વડે જાણુ ને તું વડે જીવવું એ, તું વડે છોડું સ્વામી ચારે ખાણ એ..........૪૦
આશ્રમે દર્શન વર્ણે જે ભાળવ્યા, તુજ વિના તે સહુ રળવળ્યા એ.............૪૧
તારે આઈ સે સબળ કર્મ છે, લાગતો અંઘ બ્હીએ નહીં એ...................૪૨
કર્મ ભોગવ્યા પછી દુઃખ સહે આત્મા, તું લાજે તારા ભણી એ...............૪૩
અણછતો ભકત વિનંતિ કરે સ્વામી એ, આત્મા ફેડી અળગો શું કરે એ......૪૪

# સોરંગીનું પદ

પદ—૧૬૪

જી રે સરસ્વત સ્વામીને વિનવું, અને માગું એક પસાયો દે,
જી રે ભોળી ભકિતએ ગાઈએ, કોટે બ્રહ્માંડનો રાય દે............સોરંગીયા...૧
જી રે સોરંગે શ્રીહરિ ધાઈએ, આરાધીએ ગોકુલ કહાન દે,
જી રે હરજી હરિ પરિબ્રહ્મ ગુરુવા તારા નામ દે.................સોરંગીયા...૨
જી રે સંસાર સાગર અતિ દોહ્યલો, ઊંડો ને અતિ અપાર દે,
જી રે રામનામ કર બોલડી, ઉતરીએ પેલે પાર દે...............સોરંગીયા...૩
જી રે કોટે બ્રહ્માંડ ભાંજે ઘડે, તે કંડીએ કેમ સમાય દે,
જી રે કોને ચઢાવું ફૂલ પાંદડી, જેને ચૌદ ભોવન મુખ માંહે દે.....સોરંગીયા...૪
જી રે આતમ વિદ્યા જાણીને, ગુણ તારૂણીમાં રાચ્યો દે,
જી રે કોટ બ્રહ્માંડ વ્યાપી રહ્યો, તે કેવલ બ્રહ્મ અવાચ દે..........સોરંગીયા...૫
જી રે ભકત વત્સલ ભણી ઓલંગ્યો, અને વળી મા કરશો કાં ન દે,
જી રે સેવ્યો ગર્ભ સંકુષ્ટ દુઃખ ટાળે, એ નિશ્ચે મન આણો દે.....સોરંગીયા...૬
જી રે અંબરીષ રાજા છલ પાડયો, અને સમર્યા દેવ મોરાર દે,
જી રે મુનિરાજા બેઉ બોલ પાળવા, અવતર્યા દશવાર દે..........સોરંગીયા...૭
જી રે સફરી રૂપ ધર્યું શ્યામલ વર્ણ, ઉદધી ગ્રહ્યો, લીલાં દે,
જી રે તત્ક્ષણ પંચાયન કર ગ્રહ્યો, વેદ વાળ્યાં હેલા દે...............સોરંગીયા...૮
જી રે કૌરમ રૂપ ધર્યું નારાયણ, અને મંદિર પુઠે ધર્યો દે,
જી રે સુર અસુર બેઉ સંગ કરીને, નાગ નેતરૂં કર્યું દે..............સોરંગીયા...૯
જી રે મોહિની રૂપ ધર્યું જનાર્દન, અમૃત કલશ કરે ધર્યો દે,
જી રે અસુર વંચી દેવને પાયુ, સુર કાજ સર્વે સર્યો દે...............સોરંગીયા...૧૦
જી રે વરાહ રૂપે દાઢમેં લીધી, વસુધા કીધી ઠામ દે,
જી રે દેવ તણો હરિએ ઉપદ્રવ ટાળ્યો, દહિતના ભાંજ્યા હાડ દે...સોરંગીયા...૧૧
જી રે નૃસિંહ રૂપે નહોર વધાર્યો, માર્યો દાનવરાય દે,
જી રે સ્તંભ ફોડી હરિ આવ્યા, ભકત કર્યો પસાયો દે..............સોરંગીયા...૧૨
જી રે વામન બલિ પાતાલ નિવાસો, ટાળ્યો ઈન્દ્રનો રાણ દે,
જી રે વિશ્વરૂપ ત્યાં કીધું સ્વામીજી, પુઠે ધર્યો પાદ દે.............સોરંગીયા...૧૩

જી રે પરશુરામે ક્ષત્રિપત મોંડયું, જોડયા વાડવ લોક દે,
જી રે ઋષિવરનો અપરાધ વછોડયો, ટાળ્યો પિતાનો શોક દે....સોરંગીયા...૧૪
જી રે દશરથ મુનિવર શ્રાપ નિવાર્યો, સર્યા સઘળાં કાજ દે,
જી રે યજ્ઞ કરી રાયે પુત્ર માંગ્યા, ત્યાં અવતર્યા શ્રી રામ દે.......સોરંગીયા...૧૫
જી રે રામચંદ્ર અવતાર જ લીધો, કીધાં વસુધા કાજ દે,
જી રે સીતા કારણ રાવણ માર્યો, આપ્યું વિભિષણ રાજ દે.......સોરંગીયા...૧૬
જી રે લક્ષ્મણ સીતા સહિત સનાતન, અયોધ્યા કેરૂં રાજ દે,
જી રે પુષ્પ વિમાન બેસી પરમેશ્વર સર્યા સઘળા કાજ દે.........સોરંગીયા...૧૭
જી રે રામ રૂપે વ્યાપી રહ્યો, જે જુઓ તે જાણો દે,
જી રે જોયે ગર્ભ સંકુષ્ટ દુઃખ ટાળે, સબ લીજે એની આણ દે....સોરંગીયા...૧૮
જી રે વેદ વડે તને જાણીએ, અને વેદ ન લહે તારી પાર દે,
જી રે સર્વજ્ઞ રૂપે વ્યાપી રહ્યો તે ભકતજન સાધાર દે............સોરંગીયા...૧૯
જી રે નંદ ગોપ ઘેર અવતર્યા, અને ગોકુલ કીધો ઠામ દે,
જી રે બાર વન ગિરિ ગૌચરવા, અવતર્યા ગોવિંદ રામ દે........સોરંગીયા...૨૦
જી રે કાને કુંડલ ઝળહળે, અને ઉર મુકતાફલ હાર દે,
જી રે મોર પીંછે મુગટ શિર ધર્યો, કાનુડો રૂપે અપાર દે.........સોરંગીયા...૨૧
જી રે કાનુડો ગોવાળિયો, વન ગૌચરવા જાય દે,
જી રે જમે ને જમાડે જસતો, બ્રહ્માદિકને વાહે દે....................સોરંગીયા...૨૨
જી રે જમુના જલ જલ્પલાવ્યો, ચઢયા કદમને ડાળ દે,
જી રે ફણા ઉપર હરિ નાચ્યા, નાગ નાથ્યો કાલિ દે..................સોરંગીયા...૨૩
જી રે પહેરણ પીત પટોલડી, ઓઢણ નવરંગ ચીર દે,
જી રે નાગ પલાણી હરિ આવ્યા, તે ગુરવો જાદવ વીર દે........સોરંગીયા...૨૪
જી રે ગોકુલ શિંગુ વાહ્યું વૃંદાવન વાહ્યો વંશ દે,
જી રે માતા પિતાના બંધન છોડયા, કોને માર્યો કંશ દે............સોરંગીયા...૨૫
જી રે અનંત ચાલ્યો અગિયાર વર્ષો, કરી રામની બેલ દે,
જી રે વિદ્યાપાઠ કરાવી પંડે, તે અવડાવી ગેલ દે.....................સોરંગીયા...૨૬
જી રે વિવાહ કારણ શિશુપાલ નિવાર્યો, પરણ્યાં રાણી આઠ દે,
જી રે અનેક વિવિધ પેર સ્ત્રી વર્યા, તે તે બેટા સાઠ લાખ દે.........સોરંગીયા...૨૭

જી રે શ્રોણિતપુર હરિ આવ્યા, યુદ્ધે જીત્યો હર સ્વામી દે,
જી રે બાણાસુરના બાહુ છેદયા, ઓખા અનિરૂદ્ધ પામી દે........સોરંગીયા...૨૮
જી રે નર નારાયણ રથ ચઢી આવ્યા, વિશ્વરૂપ તેણી વાર દે,
જી રે પાંડવતણો હરિએ ઊપદ્રવ ટાળ્યો, મારી ક્ષોણી અઢાર દે...સોરંગીયા...૨૯
જી રે બુદ્ધ રૂપે હરિ ધ્યાન વિચારે, જોગ માર્ગ લીધો દે,
જી રે કલ્કી રૂપે હરિ દુષ્ટ સંહારવા, અક્ષય આયુદ્ધ કર ધર્યો દે...સોરંગીયા...૩૦
જી રે દશે અવતારે ધાઈએ, અને ભાગવતે ચોવીશ દે,
જી રે ધાયો ગર્ભ સંકુષ્ટ દુઃખ ટળે, પરમ પુરુષ જુગદીશ દે......સોરંગીયા...૩૧
જી રે એવો અવનેશ્વર ધાઈએ, અકલ અસંભવ જેહ દે,
જી રે જોગેશ્વર મન દુર્લભ તુ, બ્રહ્માદિક છે જેહ દે..............સોરંગીયા...૩૨
જી રે ગોવિંદના ગુણ ગાઈએ, કાંઈ વિવિધ પેરે ધ્યાન દે,
જી રે કૃપાનાથ કૃપા કરે તો, જાગે આત્મ જ્ઞાન દે..............સોરંગીયા...૩૩
જી રે ચત્રભુજ પહેરણ પીતામ્બર, મસ્તક મુગટ શોહે દે,
જી રે લક્ષ્મી સહિત ક્રિડા કરે, ત્યાં વૈષ્ણવના મન મોહે દે.......સોરંગીયા...૩૪
જી રે અમુરત રાજા ધાઈએ, રૂપ અરૂપે જાણો દે,
જી રે વેદ માર્ગ અનુસરો, ભકિત ભાવે મન આણો દે..........સોરંગીયા...૩૫
જી રે તુલસી કેરે પાંદડે, પુતનાનો રિપુ પૂજો દે,
જી રે મોહ મત્સર પદરહરો, આત્મજ્ઞાન બુઝો દે...............સોરંગીયા...૩૬
જી રે મનવાંચ્છિત ફલ પામીએ, તે રાજા શ્રી અવિનાશ દે......સોરંગીયા...૩૭

## ધોળ

### (વિવાહનાં પદો)

### પદ – ૧૬૫

જી રે પગરણે વ્હેલા પધારજો,
સધારજો રે સધારજો સેવકના કામ..............પગરણ...ટેક
જી રે તમો વિના સર્વે શોભે નહિ,
ઘણું લોભે રે ઘણું લોભે મળવા મન.............પગરણ...૧

જી રે વ્હાલાની જોઉં છું વાટડી,
પાવન કરજો રે પાવન કરજો અમારા ધામ............પગરણ...૨
જી રે અબલાની આશા પૂરજો,
ઘણું કહીએ રે ઘણું શું કહીએ પ્રાણધાર................પગરણ...૩
જી રે રામ કૃષ્ણ પ્રભુજન રંકને,
વ્હાલા પૂરજો રે વ્હાલા પૂરજો જનમની આશ..........પગરણ...૪

પદ – ૧૬૬

ગંગા જમનાના નીર મંગાવો, વર વનમાલીને ઉઘલાવો,
કેસરીઆ વાઘા ને સોળે શણગારો, તો વરઘોડે વર શોભતો રે.........ટેક.
પાઘડીએ સોના સેર બંધાવો, ફૂમતડાં લટેક લટકાવો,
બંઘુવર ને ખૂંપ ઢોળાવો, તો વરઘોડે વર શોભતો રે..................૧
શ્રીફલ ફોફળ લીધાં છે હાથ, મોડ બાંધી જશોદા માત,
વામન દીવડો ગ્રહ્યો છે હાથ, વરઘોડે વર શોભતો રે..................૨
ગોકુલમાં સહુ જોવાને મળ્યા, રૂપ દેખી સહુના ચિતડા ચડિયા;
વલ્લભનું મન આનંદમાં મળ્યું, વરઘોડે વર શોભતો રે..............૩

પદ – ૧૬૭

રાઘાજી ઘણું હરખ્યાં મન, આજ અમારો અવતાર છે ઘન્ય,
પ્રગટયાં પૂર્વજન્મનું પુન્ય, તો પુરણ બ્રહ્મને પરણી એ..............ટેક
મારા મનમાં હતી એક વાત, તે તમે જાણી જદુનાથ;
જન્મો જનમ તમારી સાથ, તો પુરણ બ્રહ્મને પરણીએ...............૧
અંતરીક્ષથી બહુ વાજાં વાગે, જાણે ગગનમાં મેહુલીઓ ગાજે,
દેવતા આવ્યા વઘાવવાને કાજે, તો પુરણ બ્રહ્મને પરણીએ રે.........૨
સાજન સહુ મળી બેઠાં છે ટોળે, નંદ જશોદાએ લીધાં છે ખોળે,
વલ્લભ ઊભાં વાવ જ ઢોળે, તો પુરણ બ્રહ્મને પરણીએ............૩

પદ – ૧૬૮

ગોકુલમાં એક નંદજીનું ધામ, ત્યાંથી પ્રગટયા શ્રી સુંદીર શ્યામ,
કરવા સેવક જનના કામ, તો ધન્ય જશોદા માવડી રે....................ટેક
અંધારી આઠમ અજવાળી, તે દિન પ્રગટયા શ્રી વનમાલી,
મંગલ ગાએ સૌ વ્રજની નારી, તો ધન્ય જશોદા માવડી રે................૧
તરીયાં તોરણ બાંધ્યા છે દ્વાર, સાથિયા શોભાતણો નહિ પાર,
દધી છાંટે સૌ નરને નાર, તો ધન્ય જશોદા માવડી રે....................૨
વેદ કહે છે પુરણ બ્રહ્મ, જાણે નહિ કોઈ એનો મર્મ,
શાં શાં નંદે કીધાં તે કહીએ, એના ભાગ્યને પાર ન લઈએ,
હૃદયમાં રાખ્યા નંદને છૈયે, તો ધન્ય જશોદા માવડી રે..................૪
ભજની ભૂપ નિત બહુ જાગે, ભકિત કૃષ્ણ વિના સહુ ત્યાગે,
વ્રજભૂમિ અતિ સુંદર લાગે, તો ધન્ય જશોદા માવડી રે.................૫
જાચક આવી જનમ જશ ગાએ, નંદ વધાવીને ન્યાલ જ થાય,
એના આપ્યાં મુખથી ના કહેવાએ, તો ધન્ય જશોદા માવડી રે............૬
દુદંભિ દેવતણાં બહુ વાગે, પશુ પંખી પાવલીએ, લાગે,
ભકિત ભાવ સદા મુખ માગે, તો ધન્ય જશોદા માવડી રે................૭
દિન પુંઠે દિન હર્ષમાં જાય, વ્રજમાં બાલ લીલા નિત્ય થાય,
વલ્લભ વેદ પુરાણે ગવાય, તો ધન્ય જશોદા માવડી રે.................૮

પદ – ૧૬૯

સતગુરુજી રે લગન લઈ આવ્યા, શબ્દ સંસાર મારે મન ભાવ્યા,
પ્રેમની આરતી મોતીટે વધાવ્યા, તો ભાગ્ય ફર્યા પેલા ભવતણા..........ટેક
શબ્દરૂપી ચાંદલિયો ચોડયો, નિવૃત્તિ કન્યા શું વિવાહ જોડયો,
કામ ક્રોધનો ભય સહુ મોડયો, તો વિવાહ જોડયો જુગતે કરી રે............૧
ગગન મંડલમેં માંડવો રચાવ્યો, પચરંગી રંગે રંગાયો,
અમી રસ કુપી દોરીએ બંધાયો, તો સાચો કાચે તાર શું રે.................૨
મંડપની શોભા અતિ સારી, રત્ન જડિત જરૂખા ને જારી,
અનંત કલા સુરતિ જાયે વારી, તો ઝલહલ જયોતિ ત્યાં ઝળહળે રે..........૩

હૃદયમેં હરિવર તોરણે આવ્યા, સોળે કળા સંપૂર્ણ લાવ્યા,
પ્રેમની આરતી મોતીડે વધાવ્યા, તો નિરખ્યા રૂપ નયણાં ભરી રે...૪ સુષ્મણા
સાસુજી પોંકવા આવ્યા, પાંચ પચ્ચીશને વાળી લાવ્યા,
ઈંગલા પિંગલાને બેડલાં ચઢાવ્યાં, તો પોંકણ પોંકયા પ્રેમશું રે.............૫
નિવૃત્તિ કન્યાને પધારાવો સતગુરુ શબ્દનો હસ્ત મેળવાવો;
રણકાર વેદની ધૂમ મચાવો, તો અનહદ ગાજાં ગડગડે રે..................૬
ભજન કરી જેણે હરિવર વરીઆ, જન્મ મરણ નો ફેરો ટળીઆ,
કહે પ્રેમદાસ સાચા સતગુરુ મળ્યા, તો અખંડ ચૂડો અમર રહ્યો રે........૭

## પદ – ૧૭૦

ગુરુ ચરણે કરજોડી લાગું, સદા પ્રભુજીની ભકિત માંગુ,
હરિ ગુણ ગાઈ આનંદ શું જાગુ, તો સાંભળ સ્વામી કરું વિનંતિ રે...ટેક ભકિત
મારગ ભૂધર કાંઈ નવ લેતી, દુઃખ ને સુખ શરીરે સહેતી,
સદા પ્રભુજીના વિશ્વાસે રહેતી, તો સાંભળ સ્વામી કરું વિનંતિ રે...........૧
દુર્બલ જાણી પ્રભુ દયા કીજે, ચરણ કમલની સેવા દીજે
હરિગુણ ગાઈ મારું મન રીઝે, તો સંભાળ સ્વામી કરું વિનંતિ રે............૨
હું અપરાધી ને કોણ મારું ગજું, સંસાર સાગર કયી પેર તજું,
રામનું નામ કયી પેર ભજું તો સાંભળ સ્વામી કરું વિનંતિ................૩
રામજી વિના કારજ કયી પેર સરશે, મીઠડી માયા પ્રભુ મન મારું હરશે..૩
લક્ષ ચોરાશીનો ફેરો ટાળો, તો સાંભળ સ્વામી કરું વિનંતી રે............૪
કાયાવાડીનો કોણ રખેવાળ, સેવક જાણી પ્રભુ સન્મુખ ભાળો,
લક્ષ ચોરાશીનો ફેરો ટાળો, તો સંભાળ સ્વામી કરું વિનંતી રે............૫
જુગજીવન તમે દેવકીના જાયા, કોઈ ન જાણે પ્રભુ તમારી માયા,
નંદજીના સુત ગોકુલમાં કહેવાયા, તો સંભાળ સ્વામી કરું વિનંતિ હ........૬
ધન જીવ્યું રે ગોકુલની ગોપી, જાદવકુળની લજજા લોપી,
તનમન ધન હરિચરણે સોંપી, તો સાંભળ સ્વામી કરું વિનંતી રે...........૭
ગિરિ ગોવર્ધન નખ પર તોળ્યો, જઈ મથુરામેં કંસને રોળ્યો,
માતપિતાના બંધન છેડાવ્યાં, તો સાંભળ સ્વામી કરું વિનંતિ રે............૮

રામનું નામ પ્રહલાદજી ભણ્યા, નૃસિંહ રૂપે હિરણ્યાકંસ હણ્યા,
સઘળા ભૂપમેં છો તમે બળિયા, તો સાંભળ સ્વામી કરું વિનંતિ રે..........૯
રામાવતારે રાવણને માર્યો, બાંધી સાહ્યર સેના પર ઉતારી,
ભકત વિભિષણને રાજે બેસાર્યો, તો સાંભળ સ્વામી કરું વિનંતિ રે........૧૦
સુદામાને હરિએ નવનિધિ આપી, જન્મો જનમુનું દારિદ્રય કાપ્યું,
ધ્રુવને રાજય અવિચલ આપ્યું, તો સાંભળ સ્વામી કરું વિનંતિ............૧૧
રંકા વંકા ને કાલુ કેવલ કુબા, રઘુરાય અયોધ્યાના સુબા,
હનુમાન હરિચરણે સન્મુખ ઉભા, તો સાંભળ સ્વામી કરું વિનંતી રે.......૧૨
નરસિંહ મહેતાનું હરિએ પૂર્યું મોસાળું, મીરાંબાઈ કીર્તન ગાઈ રસાળું,
પાંડવનું પ્રભુએ કર્યું રખેવાળું, તો સાંભળ સ્વામી કરું વિનંતિ રે.........૧૩
નાભા પિયાં નામદેવ તમારા, દર્શન કીધાં હરિએ ફેર દ્વારે,
ભકિત કરી જેવી ખાંડાની ધાર, તો સાંભળ સ્વામી કરું વિનંતિ રે........૧૪
ભકત કારણે દશ અવતાર ધર્યા, વામન રૂપે બલિરાજાને યાચ્યા,
લઈ ભૂમિદાન પગ પીઠ પર ધર્યા, સાંભળ સ્વામી કરું વિનંતિ રે.........૧૫
અરજ અમારી સુણજો સ્વામી, હું પામર પ્રભુ તમને પામી,
દાસ વલ્લભ કહે શિશ નામી, તો સાંભળ સ્વામી કરું વિનંતિ રે.........૧૬

## પદ – ૧૭૧

પ્રભુજી વિના મારે પલક ના ચાલે, વેણની વાત વધારી મારે વ્હાલે,
ધન્ય વિધાતા એ વર માંગુ, તો બલવંત માંગુ બાંયડી રે................ટેક
સાંભળ મામા એ વર રૂડો, જેની દષ્ટિ એ સંસાર છે રૂડો;
નાનો છે તો પરાક્રમે પૂરો, તો રૂડો અવિચલ ચાંદલો રે..................૧
મોહની મારી નિર્મુખ જોતી, હું કરું રંગ રસિયો જોતી,
એ વર નજરે ન આવે બીજો કોઈ, તો હું મોહી ગોકુલ કહાનને રે..........૨
જોષીડા તેડાવીને જોષ જોવડાવો, ઘડિયાલાં લગન લેવડાવો,
વાત વિવેકી એને વધાવો, તો કહાવો જશોદા નંદને રે..................૩
ધોળીડાં તેડાવીને ધોળ ગવડાવો, નવરંગી ચોળી ચિતરાવો,
ચોંકેલાં ખૂપને ખંતથી લખાવો, તો ધરાવો મુજ હરિને કારણે રે.........૪

મારા પિતાજીને લક્ષ તમારું, જુઓ ભાઈ ભાગ્યં પૂરશે તમારું;
પહોંચતા પહોંચે કોડ અમારો, તો રણછોડ બોલ્યા કરગરી રે............૫

પદ – ૧૭૨

હું તો હરજી જોવાને નિસરી, મારા ગુરુજીએ કીધો ઉપદેશ વ્હાલાજીને
નિરખવા..........ટેક
મારે શીલ સંતોષ કલ્લાં કાંબી, મારે ઝાંઝર પ્રેમ વૈરાગ્ય...વ્હાલાજીને.......૧
મેં શ્યામ સોનાનું લીધું બેડલું, છોડી ચાલ્યાં ઘરનાં કામ....................૨
વ્હાલે બંસી બજાવે એના રંગમાં, મારા ઘરમાં ઘડી ન રહેવાય..............૩
વ્હાલો શેરીમાં સામો મળ્યો, હું તો લળી લળી લાગું પાય..................૪
વ્હાલે ચુંદડી ઓઢાડી સેંથો પૂર્યો; પૂરી દાસ ગોપાલની આશ...............૬

પદ – ૧૭૩

જીરે આ રે લીલા દીનાનાથની, એને મોહ્યાં સર્વે સંસાર–હરિરસ મીઠડો...ટેક
જીરે ગોકુલમાં હરિ અલતર્યા, ગોપીઓને લડાવ્યા લાડ....................૧
જીરે વેણ વગાડી લન તેડયાં, વૃન્દાવનમેં રચ્યો રાસ.......................૨
જીરે ગોકુલ રાખ્યું રેલતું, કંસરાયને કરવા કેર.............................૩
હરિને પીળાં પીતામ્બર પહેરણા, રાધાજીને નવરંગ ચીર...................૪
હરિને મસ્તકે મુગટ સોહામણો, હરિને કુંડલ ઝલકે કાન...................૫
જીરે, કંકુ કેસર રોળ્યાં, રંગે ગાયે નરસૈંયો દાસ...........................૬

પદ – ૧૭૪

તું તો રામ રટણ કર રંગમાં તારા અંગમાં ઉપજે આનંદ ગોવિંદ ભજો
ભાવશું...ટેક પરમાર્થ અર્થ વિચારીએ, તજ સ્વાર્થ માયાનો ફંદ...ગોવિંદ...૧
કાયા માયા તો કારમી, તેને વણસતાં ન લાગે વાર...............ગોવિંદ...૨
મૃગતૃષ્ણાના જળે આશભર્યો, એવો જાણ નાસવંત સંસાર.........ગોવિંદ...૩
ગુંજા વહિ તે મરકટે માનીઓ, તેણે શીત ટળે ન લગાર...........ગોવિંદ...૪

ઉસ ઉદક બીડી બરસની, તેણે ઉડયા તણો ઈતબાર.............ગોવિંદ...૫
સ્વપ્નામાં સમૃદ્ધિ પામીએ, જાગી જોતાં ન રહે જરાય............ગોવિંદ...૬
ઘુમાડાનો ઢગ શોહામણો, ઘુમર મુઠીમાં ન સમાય..............ગોવિંદ...૭
સાચી સંગત સતગુરુ સંતની, તેથી જીવપણું ટળી જાય..........ગોવિંદ...૮
કહે પ્રીતમ પ્રભુને સંભાળતાં, મહા પાપી પાવન થાય..........ગોવિંદ...૯

પદ – ૧૭૫

સતગુરુ સહાય કરો એકવાર રે, મારો તો મૂરખનો અવતાર રે,
પત્થર કરતાં કઠણ હૈયું પ્રભુ મારું રે, તેમાં તો નામ ન ભેદે
તમારું રે...સત્‌ગુરુ...ટેક
સતગુરુની વાત છે વાંકી રે, સતગુરુએ પત્થર કાઢયા ટાંકી રે;
ટાંકીને મારગે મુકતા કીધા રે, સતગુરુએ મંત્ર અવિચલ
દીધા રે...સત્‌ગુરુ....૧
જે કોઈ સંતને આસન આપે રે, તેને વ્હાલો પોતાનો કરીને સ્થાપે રે;
જે કોઈ સંતને ધાઈને ભેટે રે, તેને વ્હાલો જન્મ મરણ દુઃખ
મીટે રે...સત્‌ગુરુ....૨
જે કોઈ સંતને ચરણે નમશે રે, તે તો મારા ગુરુ ગોવિંદને ગમશે રે,
આત્મા તો જ્ઞાન વિના, ઘર સુનું રે, સગપણ શોધી કાઢો કાંઈ
જૂનું રે ..સત્‌ગુરુ...૩
જીવ તું તો જોતો નથી કાંઈ જાગી રે, મુઆ પછી મુકિત શાની માંગે રે,
એવી છે દાસ હરિની વાણી રે, તે તમો હૃદીઆમાં રાખોની
આણી રે.સત્‌ગુરુ....૪

## મંગલનાં પદો

પદ – ૧૭૬

અખંડ સાહેબજીકો નામ ઔર સબ ખંડ હૈ,
સાધુ ખંડિત મેર સુમેર, ખંડિત બ્રહ્માંડ હૈ...........અખંડ...ટેક
સ્થિર ન રહે ધીર ધ્યાન, જીવનકો ધુંધ હૈ,
સાધુ લક્ષ રે ચોરાશી જીવ, પડયા જમ ફંદ હૈ..................૧

ચંચલ મન સ્થિર રાખ, જબ ભલે રંગ હૈ,
ઉન સંતનકે સંગ, સદા આનંદ હૈ.....................૨
જીનસે સાહેબજીસે હેત, સોઈ નિર્બંધ હૈ,
ઉલટ નિકટ ભર પિયુ, તો અમૃત ગંગ હૈ.............૩
દયા ભાવ ચિત્ત રાખ, ભક્તિકો, અંગ હૈ,
કહે કબીર ચિત્ત ચેત, જગત પતંગ હૈ................૪

પદ – ૧૭૭

મનષા દેહી પાઈ, રામ ગુણ ગાઈએ,
સુરતિ અકન કુંવારી, હંસાકો બહાઈએ.............મનષા...ટેક
સતગુરુ વિપ્ર બોલાય લગ્ન લખાઈએ,
વેગે કરી લો વિવાહ, ઢીલ મત લાઈએ........................૧
પાંચ પચ્ચીસ શું નાર, મંગલ ગાઈએ,
લક્ષ ચોરાશીનો ફેરો, બહોર નહિ આઈએ.....................૨
સુરત નુરત દોઉ બેઠે, હથેવારો જોડીએ,
જમ શું જીવ ઉગાર, તનખાં તોડીએ.........................૩
હંસાએ કર્યો વિચાર, સુરતિ શું યોં કહી,
તુમ જુગ જુગ અકન કુંવારી, એતા દિન કયોં કહી............૪
સુરતિએ હંસાને કરી સલામ, પિયુ તુમ સત કહી,
મોહે સતગુરુ મળ્યા નહિ, એતા દિન કયોં રહી................૫
પરમ પુરુષકી સેજ, અખંડિત ખેલના,
પિયો રે પ્યાલા પ્રેમ, અધર રહી ઝીલના.....................૬
પુરુષ પુરાતન લાઈ, શબ્દ સુનાઈએ,
કહે કબીર ભજો રામ, પરમપદ પાઈએ....................૭

પદ – ૧૭૮

જીવ તું કહાંસે આયો, કહાઁ ચલ જાયોગા,
જીવત કર લે પહિચાન, મુએ પસ્તાયેગો...........જીવ તું...ટેક

સત્ય લોકસે આયો જીવ, ત્રિગુણમેં સમાય રહ્યો,
ભૂલ ગયો વો દેશ, માયા મેં લપટાય રહ્યો............જીવતું...૧
નહિ તેરો ગામ ને ઠામ, નહિ પુર પાટણ,
હૈ રે બટાવલું લોક, નહિ કોઈ આપણાં ..............જીવતું...૨
કહે કબીર વિચાર, હંસા મંગલ ગાવહી,
હંસ ગયે સતલોક, બહોર નહિ આવહી..............જીવતું...૩

પદ – ૧૭૯

હરિને ભજતા હજી કોઈની લાજ, જતાં નથી જાણી રે,
જેની સુરતા શામળિઆ સાથ, વદે વેદ વાણી રે.............હરિને...ટેક
વ્હાલે ઉગાર્યો પ્રહ્લાદ, હિરણ્યાકંસ માર્યો રે,
વિભિષણને આપ્યું રાજ, રાવણ સંહાર્યો રે.................હરિને...૧
વ્હાલે નરસિંહ મહેતાનો હાર, હાથોહાથ આપ્યો રે,
ધ્રુવને આપ્યું અવિચલ રાજ, પોતાનો કરી સ્થાપ્યો રે.......હરિને...૨
વ્હાલે મીરાં તે બાઈનાં ઝેર, હલાહલ પીધા રે,
પંચાળીના પૂર્યા ચીર, પાંડવ કામ કીધાં રે................હરિને...૩
વ્હાલે અંબરીષની ઓળખાણ, અવતાર દશ લીધાં રે,
વ્હાલે ગજની કીધી સહાય, પૈદલ પરહર્યા રે.............હરિને...૪
આવો હરિ ભજવાનો લ્હાવો, ભજન કોઈ કરશે રે,
કરજોડી કહે પ્રેમળદાસ, ભકતોના દુઃખ હરશે રે.........હરિને...૫

## બ્હેનોના ઘોળ

પદ – ૧૮૦

જીરે એકાદશી મધુસૂદની, ત્યાં દિવસે વિવાહ હોય મેદની,
ત્યાં સંત સર્વને હોય નોતરાં, એવા વિવાહનાં નીપજે સાંચરા..........ટેક
ચઢે ફૂલે કે હોય બહુ વારણાં, બ્રહ્માંડ બાધો તરીયાં તોરણ,
ત્યાં ઘર ઘર ઘોડી ઉછળે, ત્યાં સુરનારી ધવલ દે, અતિભલા............૧
પંચ શબ્દ ઘન વાગીયાં રે, મળ્યાં સુરનર ત્રિભુવન રાજીયા રે,
હરિની જાન આવી રળિયામણી રે, અતિ હર્ષે તે માગે વધામણી.........૨

ફૂલ તંબોલે સામણ હોયે, ત્યાં અપ્સરા નાચે ઓચ્છવ હોય રે,
વર પહોંચ્યો રે જાનૈયા વાસ રે, ગુરુવરજીનું ગોત્ર પ્રકાશ્યું રે..............૩
ત્યાં ઘડિયું લગ્ન ગુરુએ સાંધ્યું રે, વરને ખુંપ ભર્યો સર્વે પ્રસાદે રે,
હવે લાડીને મોકલો સુખડી રે, જેમ લગ્ન ઘડી હોય ઢુંકડી રે..............૪
વર સ્વાર હોઈને સંચર્યા રે, લક્ષ કોટી બ્રહ્માંડ શું પરવર્યા રે,
ત્યાં તોરણ હોય છે પોંકાણા રે, વર પરિબ્રહ્મ લીજે ઓવરણાં રે...........૫
સમો વર્તે સમો વર્તે રે, જોષી સાવધાન રે,
ત્યાં મધુપ હોયે બહુ અર્ધ્યમાન રે,
ત્યાં નારી અંતરપટ ધરે,
વરે લગ્ન સમયે કન્યા કરગ્રહી રે....................................૬

પદ – ૧૮૧

રૂકમણિ લખી કાગળ મોકલે રે દ્વારીકાના નાથ જાદવરાય.
કુંદનપુરમેં પધારજો રે.............જાદવરાય...ટેક
તે દિનને કારણે તજી છે, ભુખ ને તરસ.....................જાદવરાય...૧
શામળિયા તમો સાંભળો રે, બાલપણાની પ્રીત...જાદવરાય...૨
શિશુપાલ સૈન્ય લઈ આવ્યા રે, અબલાની કરજો સંભાળ.......જાદવરાય...૩
આંખલડી ઝૂમી રહી રે, ભકત વત્સલ ભગવાન..............જાદવરાય...૪
જશ તમારા સાંભળી રે, તૃપ્ત થયાં મારાં મન................જાદવરાય...૫
અવગુણ ઉર ધરશો નહિ રે, જોશો નહિ કંઈ જાત...............જાદવરાયે...૬
હું છું જન્મો જનમની રે, ચરણ કમલની દાસી................જાદવરાય...૭
રઘુનાથના સ્વામી શ્યામળા રે, અબલાની પૂરજો આશ.........જાદવરાય...૮

## જનકનો માંડવો

પદ – ૧૮૨

રાજા જનકને માંડવે, ભાવે મળ્યા છે ભૂપ,
સીતા બેઠાં છે જારીએ, નિરખ્યાં રામચંદ્ર રૂપ................રાજા...ટેક
કન્યા કહાવે રે તે તણી, જે રાય તોડે ત્રંબક,
એવા પણ લીધાં પિતાએ, તેને આપું કન્યાય................રાજા...૧

અયોધ્યા નગરીનો રાજીઓ, રઘુવર રૂપ રસાલ,
એણે ત્રંબક તોડયા, ઉતર્યા મહિપતિના માન....................રાજા...૨
ત્રંબક ત્રણ કકડાં કરી, સળકયો પાતાલી નાગ,
પરશુરામ ઝબકીને જાગ્યાં, પ્રગટયો ક્ષત્રિયનો વેષ..............રાજા...૩
દેવ ડંકા રે વાગ્યાં, વર્યા ઈશ્વરને દ્વાર,
વાજાં વાગે રે વિધવિધના, રઘુવર પરણવા જાય................રાજા...૪
રઘુવર તોરણે આવ્યા, સાસુજી પોંકવા આવ્યા,
અંતરપટ આડા ધર્યા, માનુની મંગલ ગાય......................રાજા...૫
જુસલ મુશલ ને રવૈયો, સંપુટ ને ત્રાક,
ઈંડી પીંડી રે ઉછર્યા, નિરખ્યા સૃષ્ટિના નાથ.....................રાજા...૬
રઘુવર માંયરામાં આવ્યાં, બેસણ સોનાની પાટ,
સામા પધરાવ્યા રે, જાનકી ઓઢણ નવરંગ ગાંઠ.................રાજા...૭
ઋષિએ હથેવારો મેળવ્યો રે, કંઠે આરોપી વરમાળ,
ઘુંઘટમેં નિરખ્યાં નાથ રે, નિરખ્યા રામચંદ્ર રૂપ.................રાજા...૮
ઋષિએ મંગલ વર્તાવ્યાં રે, સાસુપીરસે કંસાર,
જનક હરખમાં આવીઆ રે, આપ્યા ઘૃત ભંડાર રે...............રાજા...૯
વેદની ધૂની વિપ્ર ભાખે રે, પરણ્યા સીતા ને શ્રી રામ,
આનંદ ઉત્સવ અતિ ઘણો રે, સર્યા સેવકના કામ...............રાજા...૧૦
મોહી રહી નગરની નારીઓ, જોયાં જાયાં રામચંદ્ર રૂપ,
અયોધ્યા નગરીનો રાજીઓ દીઠા અકલ સ્વરૂપ.................રાજા...૧૧

## પદ – ૧૮૩

જીરે સખીઓ તે સૌ ટોળે મળી, ત્યાં ગાયે રે ભલાં મંગલ ચાર
આલા લીલા ભર્યા............ટેક
જીરે માંડવો છાંયો મોગરે, ફૂલડીએ રે ભલાં ફગર ભરાય
આલા લીલાં ભર્યા.............૧

જીરે કનક મસ્ત કેસર ભર્યાં, ત્યાં ઊડે રે ભલાં અબિલ ગુલાલ
આલા લીલાં ભર્યાં............૨
જીરે તાલ મૃદંગ વાગે, ત્યાં વાગે રે ભલાં ઢોલ નિશાન
આલા લીલાં ભર્યાં...........૩
જીરે અગર ચંદનના છાંટણા, મોતીડે રે ભલા ચોક પૂરાય
આલા લીલાં ભર્યાં..........૪
જીરે ગોકુલીયું શણગારીએ, શણગાર્યો રે ભલા પરિવાર
આલા લીલાં ભર્યાં..........૫
જીરે નરસિંહ મહેતા એમ ભણે, ઘન હજો રે ભલા ગોકુલમેં વાસ
આલા લીલાં ભર્યાં..........૬

## પદ – ૧૮૪

એના વિરલા કોઈ વાંચનહાર, કાગળ સતગુરુ લખે.........કાગળ...ટેક
જ્ઞાન વૈરાગ્યનો દેહ ઘર્યો રે, ચઢી જીવપણાની જીવ,
ભકિત આભૂષણ પહેર્યાં રે, વાકા સેવક દાસ કબીર........કાગળ...૧
શીલ રૂપી ખડિયો કર્યો રે, માંહી પ્રેમતણી રે શાહી,
કલમ બુદ્ધિ આ સંતની રે, ત્યાં અભેદ આંક લખાય........કાગળ...૨
સુરત નુરતની દોરી લીટી રે, માંહી વિવેક તણો વિચાર,
વિચારી અક્ષર જે લખ્યાં રે, એ તો કાગલ કોરો કહેવાય.....કાગળ...૩
જીવપણામેં જુગતે રહો રે, મલી મલી મંગલ ગાય,
એ અક્ષર નહિ ઉકલ્યા રે, થાકયા છે જાણ અજાણ..........કાગળ...૪
અંધે તે અક્ષર વાંચ્યાં રે, બ્હેરે સુણ્યા કાન,
મૂગેં તે ચર્ચા બહુ કરી રે, એના વેદ કરે રે વખાણ..........કાગળ...૫
કોટિ કોટિ પંડિત પઢી મુઆ રે પઢી પઢી વેદ પૂરાણ,
અનેક અક્ષર ઉકલ્યા રે, તે તો ઉતર્યા પાટણપુર............કાગળ...૬
અક્ષર કાનો માત્રા છે રે, માયા ઉપર તે શુન્ય,
તે ઉપર પરિબ્રહ્મ છે રે, એને નહિ મળે પાપ ને પુન્ય.......કાગળ...૭
અમરાપુરીની જગતમાં રે, એમાં એનો વાસ,
કરજોડી અખો કહે રે, એવા દુર્લભદાસ કબીર..............કાગળ...૮

# અંતિમ સમયનાં પદો

પદ – ૧૮૫

કહે ભાઈ રુડું તે શું કર્યું, પામ્યો મનુષ્ય દેહ,
હરિ રસ પ્રેમે પીધો નહિ, હરિ સંગ કર્યા ન સ્નેહ...........કહે ભાઈ...ટેક
રમતાં તે દહાડાં નિર્ગમ્યા જયાં લગી હતો તું બાળ,
ધ્રુવની પેરે સેવ્યો રે, દીનાનાથ દયાળ.....................કહે ભાઈ...૧
નાના થકી પરણાવ્યા રે, નાંખ્યો માયાની જાળ,
મહાજુગ મોહ્યો રે નાથદી, ત્યાંથી ભજો રે ગોપાળ..........કહે ભાઈ...૨
સાચાં જૂઠા તેં બહુ કર્યા રે, એમ કર્યું એકત્ર દ્રવ્ય,
છતાં હતું પણ વાપર્યું નહિ, નહિ થયું પુન્ય ને દાન..........કહે ભાઈ...૩
મરતાં દીઠાં રે અતિ ઘણા, અમર રહ્યું નહિ કોઈ,
સહુદેવ જયાં ઉડી ગયા, હૃદયે વિચારી જોઈ.................કહે ભાઈ...૪
એક દિન એવો આવશે, દીવડો વાએ ઓલવાય,
એવું જાણી ભજો ભગવાન, આત્મા સાઘન થાય............કહે ભાઈ...૫
જે જયાં હતું તે ત્યાં રહ્યું, સાથે આવ્યું ના કાંઈ,
ભાલણના સ્વામી સંદેશો કહી ગયાં રે ભાઈઓ પામો સાઘન...કહે ભાઈ...૬

# પઘરામણી

પદ – ૧૮૬

આવું રુડું ને રસાળું રે, આવ્યા અયોધ્યામાં રામજી,
આ પ્રજા લઈને ભરત પરહર્યા રે, હરિના વદન નિહાળું રે...........આવ્યા
આ મલ પરતે ગજરે શણગાર્યા રે, સાથે પખાળ્યા પલાણ રે,
દલ વાદળ દીસે ઘટાર રે, વાગે દેવના નિશાન રે........................૧
આવ્યા આવ્યા જુગજીવન ને જાનકી રે, રામ લક્ષ્મણ જોડે રે,
શોભિતા હનુમાન સાથિયા રે, હરિના પ્રસન્ન શરીર રે...................૨
અયોઘ્યા તો થયું રે સોહામણું રે હરિના કલ્યાણના કોડ રે,
ચૌદ વર્ષે આવી મળ્યા રે, સાથે રામ લક્ષ્મણ વીર રે.....................૩

ઘર ઘર ઓચ્છવ અતિ ઘણા રે, વાજે તાલ ને મૃદંગ રે,
ભેરના વાગે ભેરની રે, મૃદંગ ડફને ગાજે રે............................૪
હરિને છત્ર ચમર વાયે વીંઝણો રે, હરિને મોતીડે વધાવો રે..............૫
એક એક લે ઓવારણા રે, પોડે તોરણ બંધાવો રે,
હરિના ધજા પતાકા ફરહરે રે, ચોક મોતીડે પૂરાવો રે,
સ્હેજે સ્હેજે જુએ સુંદરી રે, હરિના દર્શનનો ભાવ રે.....................૬
હરિના હરિજન હરિજશ ગાતાં રે, વિપ્રને વેદ ભણાવો રે,
ગાયે માનુની મંગલ ચાર રે, દેવ દુદુંભિ બજાવે રે.......................૭
કૌશલ્યા કરે હરિની આરતી રે, હરિ મારે મંદિરે પધારો રે,
અગર ચંદનના ઓવારણાં ઘણાં રે, હૈયે હર્ષના માંય રે.................૮
ત્યાં સઘળા સેવકો આવી મળ્યાં રે પહોંચી મનડાંની આશ રે,
રાજે બેઠા રઘુનાથજી રે, ગુણ ગાયે ભાણાદાસ રે......................૯

રાગ – પ્રભાત

પદ – ૧૮૭

દશરથ રાય વાણી બોલ્યા, સુણો શ્રોતા જન,
રામને ગાદીએ બેસાડવા, ખુશી છે સહુ જન................૧
સભામાંહેથી બોલ્યા રામ રાજા રે થાય,
હર્ષ થયો અવધપુરમાં, રામ ગાદીએ બેસે...................૨
શુભ દિવસ શુભ ચોઘડિયું, ચાલો ગુરુ મહારાજ,
ગુરુએ પોથીમાં જોયું, શુભ કાલ ને દિન...................૩
સામગ્રી સહુ તૈયાર કરો, રામ અભિષેક થશે
વાત ચાલી સહુ દેશમાં, હરખ્યાં મોટેરાં રાય...............૪
સભા ભરી સહુ દેવની, મનમાં કરે રે વિચાર,
રામ જો વનમાં નહિ જશે, કારજ શી રીતે થશે.............૫
કલિને ત્યાં બોલાવ્યો, અવધપુર જોવા,
શિશ નમાવિ કલી ચાલ્યો, આવ્યો અવધપુર જયાં..........૬
સત્ય નગર સત્ય લોક છે, કલિની નહિ પહોંચી હામ,
ભાલણના પ્રભુ રઘુનાથના, બાગમાં કીધો મુકામ..........૭

## પદ – ૧૮૮

પ્રભાતે દાસી ઉઠયા, ફૂલ વીણાવાને કાજે,
ન્હાયી ઘોઈ દાસી ચાલ્યા, આવ્યા બાગની માંય...........પ્રભાતે...૧
ખોળો વાળી ફૂલ વીણ્યાં, કલિ થયો રે હોંશિયાર,
રૂદન કરતાં દાસી ચાલ્યાં, આવ્યા રંગભુવન.......................૨
છાતી સાથે રાણી ચાપ્યાં, કલિ થયો રે પ્રવેશ,
છુટા કેશે રાણી ચાલ્યાં આવ્યાં રાયની પાસે.......................૩
માંગુ માંગુ સ્વામી આપજો, આપો બે રૈ વચન,
માંગો માંગો સતી સુંદરી, દેહ કરું રે અર્પણ.......................૪
ભરત મારો રાજ કરશે, રામને આપો વનવાસ,
કોમલ અંગ છે રામનું, કેમ કાઢું રે વર્ન...........................૫
વચન વાગ્યાં હૃદય વિશે, પ્રાણ ઉંચેરા ચઢયા,
વાટ જોઈ ગુરુ આવ્યા, કેમ લાગી રે વાર.........................૬
ક્રોધ કરી ચાલ્યા, કેમ બંધ નિશાન,
રડતાં કૌશલ્યા બોલ્યા, રામને આપ્યાં રે વન.....................૭
મુખ ઉતારી ગુરુ ચાલ્યા, આવ્યા રામભોવન,
તાતનું વચન પાળવા, રામ પધારે વન............................૮
મુખે હસી રામ બોલ્યા, ઘણો આનંદ મન,
ભાલણના પ્રભુ રઘુનાથજી, વસ્ત્ર ઉતાર્યા અંગ...................૯

## પદ – ૧૮૯

વનકુળ અંગે ઘર્યાં, વન જવાને કાજે,
રૂદન કરે અવઘપુરમાં, છોડી ચાલ્યાં રે રાજ..............વનકુળ...ટેક
સતીને મહેલે આવ્યા, આજ્ઞા આપો રે મુજને,
બાર વર્ષ વનમાં જવું, પછી આવશું ઘેર............................૧

સંગ લેજો મારા નાથજી, નહીં તો કાઢું મારો પ્રાણ,
રૂદન કરતાં લક્ષ્મણ આવ્યા, આંખે અશ્રુની ધારા..................૨
સંગ લેજો મારા બંધવા, નહીં તો કાઢું રે પ્રાણ,
ત્રણે જણે વનકુળ પહેર્યા, વન જવાને કાજ.......................૩
ત્રણે જણ પંથે પડયાં, આવ્યાં ગ્રહક વન,
ગ્રહક ભકત છે રામના, આવી લાગ્યો રે ચરણે...................૪
વનકુળ કેમ અંગે ધર્યા, કહો સાચી રે વાત,
મુખે હસી રામ બોલ્યા, મારે જવું રે વન.........................૫
કર ઝાલી ગ્રહક ચાલ્યા, આવ્યા ગંગાને તીર,
ગ્રહકે તરોપો છોડયો બેઠાં ત્રણેય જણ...........................૬
ગ્રહકે તરોપો હાંકયો, ગયાં પેલે રે પાર,
ભાલણના પ્રભુ રઘુનાથજી, રહ્યાં પંચવટી માંય..................૭

## પદ – ૧૯૦

પંચવટીમાં જઈ રહ્યાં, ગંગાને તીર,
કંદમૂળ ફળ લાવ્યાં, લાવ્યાં લક્ષ્મણ વીર..........પંચવટીમાં...ટેક
તાતના વચને ત્યાં ગયાં, વસીયા વનવાસ,
કર્મ વડે આ દેહ છે, કેમ કાઢો શ્વાસ............................૧
એક ઘડીના દિવસ થયાં, દિવસ થયાં રે વર્ષ,
ચૌદ વર્ષ કેમ કાઢીએ, શેં ન આવ્યાં રે મરણ.....................૨
લક્ષ્મણ દોષ નવ દીજીએ, કર્મના ભોગી,
વનકુળ ઓઢણ પહેરણે, વળી શય્યા રે ભૂમિ......................૩
જોગીનો વેષ રાવણે ધર્યો, ભિક્ષા લેવાને કાજ,
છાબ ભરી છે વનફળથી, લાવ્યાં સીતા રે માત.................૪
કપટ કરીને સીતાને હર્યા, લંકાપતિ રાયે,
રામ લક્ષ્મણ બેઉ શોધતાં, સુગ્રીવ પાસે રે આવ્યા...............૫
સુગ્રીવ મનમાં હરખ્યાં, ધન આજનો દિન,
ભાલણના પ્રભુ રઘુનાથજી, મળ્યાં જુગજીવન....................૬

# અંતિમ સમયના પદો

## પદ – ૧૯૧

નોતરું મારે નારાયણનું, અંતકાળે હરિ આવો,
સારંગ ધરજો વેળાએ વરજો, વેળાએ વાર ન લાગે............નોતરું...ટેક
સારાં કર્મ તમે જે કર્યા, તેની ગાંઠલડી શિર બાંધી,
ગોપી ચંદન તિલક તુલસીને, નામ નારાયણ બાનુ......................૧
વિપરીત કર્મે કંઠ વિરોધ્યો ને, સગાં થજો રઘુનાથ,
ઘોડલે ચઢી ગોવિંદજી આવ્યા, સાર્યા સેવકના કામ......................૨
મોરલી વગાડતાં મોહનજી રે, આવ્યા રે ગોવિંદદાસ,
નોતરું મારે નારાયણનું, અંતકાળે હરિ આવો..........................૩

## પદ – ૧૯૨

સ્વર્ગ ભુવનથી ઉતર્યા રે હંસા, આવ્યા મૃત્યુ લોક માંય મારા હંસલા;
કાયાની વાડી છોડી ના જઈએ રે મારા હંસલા............................ટેક
આવતાં તે આવ્યા પ્રાણી બે જણા રે,
જાતાં તે જુજવો સંગાથ..............................મારા હંસલા......૧
એક થાણમેં રોપ રોપ્યો, ઉગ્યો કંટાળો ને કેવડો રે હંસા,
હું છે વાડીનો વેલ રે ..............................મારા હંસલા.......૨
ઘમણ ઘમે ને ખંભા તપે રે હંસા, તેની સાથે ભીડાવે બાથ.................૩
ઘમણા ઘમે ને ગોળા તપે રે, ચૌટે કરાવો પતિત..........................૪
તમે છો તરકસ ભાયડા રે હું છે ચોર મજીષ્ટ..........મારા હંસલા.......૫
તમે છો બાંયે રૂડાં ચૂડલાં રે હું છું લાલ કમાલ..........મારા હંસલા.......૬
કાયા કાયા રે પ્રાણી શું કરો રે, કાયા ના કરીશું કોડિયા રે..મારા હંસલા....૭
દીવેલ ખૂટયા ને દીવો નાંદીયો રે, ઓરડીએ ઘોર અંધાર.. મારા હંસલા....૮
ચાલુ ચાલુ પાણી શું કરે રે, ચાલવું છે નિરાધાર હંસા....................૯
ભણે નરસૈંયો એમ વિનવે રે, ચરણે રાખોની નાથ....... મારા હંસલા...૧૦

# શ્રી સત્યનામ કબીરસાહેબની આરતી

પદ – ૧૯૩

શ્રી રામ કબીર ભગવાન પ્રભુ રામ કબીર ભગવાન
આરતી કરીએ તમારી (૨) દેજો ભકિતજ્ઞાન........ૐ શ્રી રામકબીર ભગવાન
ચૌદસો છપ્પન સંવત જેઠ સુદી પૂનમ (૨)
કાશીમાં લહર તળાવે (૨) પ્રગટયા પૂરણ બ્રહ્મ......ૐ શ્રી રામકબીર ભગવાન
નીરૂ–નિમાઈને ત્યાંહી દોહી છોટી ગાય પ્રભુ (૨)
રામાનંદ ગુરુ કીઘા (૨) રામમંત્ર પાય.............ૐ શ્રી રામકબીર ભગવાન
મહાત કીઘો સિકંદર દિલ્હીનો બાદશાહ પ્રભુ (૨)
શેખ તકીને નાથ્યો (૨) હિન્દુ રક્ષણરાહ...........ૐ શ્રી રામકબીર ભગવાન
સમુદ્ર જોરથી ત્રાટકયો જગન્નાથપુરી માંહી પ્રભુ (૨)
સ્થપાવ્યા કૃષ્ણ પ્રભુને (૨) પૂર્વઘામ ચાહે..........ૐ શ્રી રામકબીર ભગવાન
માગસર સુદી અગિયારસ પંદરસો પચ્ચોતેર પ્રભુ (૨)
સત્યલોક પઘાર્યા, (૨) શાપ ટાળી મગહર........ૐ શ્રી રામકબીર ભગવાન
સત્ય, અહિંસા, એકતા એક પરમેશ્વર વાદ પ્રભુ (૨)
વિશ્વબંઘુત્વની ભાવના (૨) સ્થાપી બ્રહ્મનાદ.......ૐ શ્રી રામકબીર ભગવાન
આરતી રામકબીરની જે કોઈ ગાશે પ્રભુ (૨)
કહે દયારામ સ્વામી (૨) મોક્ષ ભાથુ થાશે.........ૐ શ્રી રામકબીર ભગવાન
રામકબીર ભગવાન, પ્રભુ રામકબીર ભગવાન
સત્યલોક નિવાસી સતમતના કરનાર............ૐ શ્રી રામકબીર ભગવાન

# નંદ ઘેર આનંદ થાય, ગોકુળમાં

પદ – ૧૯૪

નંદ ઘેર આનંદ થાય, ગોકુળમાં નંદ ઘેર આનંદ થાય,
અવિનાશીએ અવતાર લીઘો,
માતાનું મન હરખાય.......................ગોકુળમાં નંદ ઘેર
શ્રાવણ વદ મધ્યઆઠમની રાતે,

મંદ મંદ વાયુ લ્હેરાય....................ગોકુળમાં નંદ ઘેર
નંદના લાલને મોતીડે વધાવ્યા,
ઝળહળ આરતી થાય....................ગોકુળમાં નંદ ઘેર
ગાંડા ને ઘેલા ગોવાળિયાઓ,
નાચે કૂદે ને ગાય......................ગોકુળમાં નંદ ઘેર
શણગાર સજી ગોપીઓ આવે,
લઈ પૂજાનો થાળ......................ગોકુળમાં નંદ ઘેર
કંકુ કેસરના સાથિયા પુરાયા,
ઘેર ઘેર તોરણ બંધાય..................ગોકુળમાં નંદ ઘેર
ગાયો નાચે ગોવાળિયા નાચે,
ગોરસના છાંટણા થાય..................ગોકુળમાં નંદ ઘેર
હીરા માણેકના દાનો અપાયાં,
વિપ્રોને ગાયો અપાય..................ગોકુળમાં નંદ ઘેર
ઘોડે બેસીને જુવાનો ચાલ્યા,
ઘરડાંઓ પાલખીમાંય..................ગોકુળમાં નંદ ઘેર
ચાંદો સૂરજ ને નવલખ તારલાં,
દર્શન કરી હરખાય....................ગોકુળમાં નંદ ઘેર
સનકાદિક બ્રહ્મ નારદ, શંકર,
સ્વર્ગમાં પુલકિત થાય..................ગોકુળમાં નંદ ઘેર
શિવરામ કહે છે ધર્મ પ્રસારવા,
પ્રભુનો અવતાર થાય..................ગોકુળમાં નંદ ઘેર

## સુખ દુઃખ મનમાં ન આણીએ

પદ – ૧૯૫

સુખ દુઃખ મનમાં ન આણીએ, ઘટ સાથે રે ઘડિયાં,
ટળ્યા તે કોઈના નવ ટળે, રઘુનાથનાં જડિયાં....................સુખ
નળ રાજા સરખો નર નહિ, જેને દમયંતી રાણી,
અડધે વસ્ત્રે વનમાં ભમ્યાં, ન મળ્યાં અન્ન કે પાણી............સુખ

પાંચ પાંડવ સરખા બંધવા, જેને દ્રૌપદી રાણી,
બાર વરસ વન ભોગવ્યા, નયણે નિંદ્રા ન આણી...............સુખ
સીતા સરખી સતી નહીં, જેને રામજી સ્વામી,
રાવણ તેને હરી ગયો, સતી મહાદુઃખ પામી...................સુખ
રાવણ સરખો રાજિયો, જેની મંદોદરી રાણી,
દશ મસ્તક છેદાઈ ગયાં, બધી લંકા લૂંટાણી...................સુખ
હરિશ્ચન્દ્ર રાજા સતવાદિયો, જેની તારામતી રાણી.
તેને વિપત્તિ બહુ રે પડી, ભર્યાં નીચ ઘેર પાણી...............સુખ
એ વિચારી હરિને ભજો, તે સહાય જ કરશે,
જુઓ આગે સહાય ઘણી કરી, તેથી અર્થજ સરશે...............સુખ
સર્વ દેવોને જયારે ભીડ પડી, સમર્યા અંતર્યામી,
ભાવટ ભાંગી ભૂધરે, મહેતા નરસૈંયાના સ્વામી................સુખ

## આઠ કુવા ને નવ વાવડી રે

### પદ – ૧૯૬

આઠ કુવા ને નવ વાવડી રે
    પાણી ભરે પનિહારી, મારા વ્હાલા
        હવે નહિ જાઉં મહી વેચવા રે લોલ
સોના રૂપાનું મારું બેડલું રે,
    ઈંઢોણી રત્ન જડાવ, મારા વ્હાલા,
        હવે નહી જાઉં મહી વેચવા રે લોલ
વાંકી વળીને ઘડુલો ભરિયો રે
    બાઈ, મને માથે ચડાવ, મારા વ્હાલા
        હવે નહી જાઉં મહી વેચવા રે લોલ
તું રે સરીખા ગોવાળિયા રે,
    મારા તે બાપના ગુલામ, મારા વ્હાલા
        હવે નહિ જાઉં મહી વેચવા રે લોલ
તું રે સરીખી ગોવલણી રે,
    તે તો મારા ઘરની નાર, મારા વ્હાલા.

હવે નહી જાઉં મહી વેચવા રે લોલ
નરસિંહનો સ્વામી શામળો રે,
તે તો મારા હૈયાનો હાર, મારા વ્હાલા,
હવે નહી જાઉં મહી વેચવા રે લોલ
નરસિંહનો સ્વામી શામળો રે,
તે તો મારા હૈયાનો હાર, મારા વ્હાલા.

## શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ નિત્યક્રમ

### ૧. મંગળાચરણ

### પદ – ૧૯૭

અહો શ્રી સત્ પુરુષકે વચનામૃત જગહિતકરમ,
મુદ્રા અરૂ સત્‌સમાગમ સુતિ ચેતના જાગૃતકરમ,
ગિરતી વૃત્તિ સ્થિર રખે દર્શન માત્રસેં નિર્દોષ હૈ,
અપૂર્વ સ્વભાવકે પ્રેરક, સકલ સદ્‌ગુણ કોષ હૈ,
સ્વસ્વરૂપકી પ્રતીતિ અપ્રમત સંયમ ધારણમ્,
પૂરણપણે વીતરાગ નિર્વિકલ્પતાકે કારણમ્,
અંતે અયોગી સ્વભાવ જો તાકે પ્રગટ કરતાર હૈ,
અનંત અવ્યાબાધ સ્વરૂપમેં સ્થિતિ કરાવનહાર હૈ,
સહજાત્મ સહજાનંદ આનંદઘન નામ અપાર હૈ,
સત્ દેવ ધર્મ સ્વરૂપ દર્શક સુગુરુ પારાવાર હૈ,
ગુરુ ભકિતસેં લહો તીર્થપતિપદ શાસ્ત્રમેં વિસ્તાર હૈ,
ત્રિકાળ જયવંત વર્તો શ્રી ગુરુરાજને નમસ્કાર હૈ,
એમ પ્રણમી શ્રી ગુરુરાજ કે પદ આપ–પરહિતકારણમ્,
જયવંત શ્રી જિનરાજ–વાણી કરું તાસ.ઉચ્ચારણમ્,
ભવભીત ભવિત જે ભણે ભાવે સુણે સમજે સહહે,
શ્રી રત્નત્રયની ઐકયતા લહી સહી સો નિજ પદ લહે.

# ક્ષમાપના

પદ – ૧૯૮

હે ભગવાન હું બહુ ભૂલી ગયો, મેં તમારાં અમૂલ્ય વચનને લક્ષમાં લીધાં નહીં. તમારાં કહેલાં અનુપમ તત્ત્વનો મેં વિચાર કર્યો નહીં. તમારાં પ્રણીત કરેલાં ઉત્તમ શીલને સેવ્યું નહીં. તમારાં કહેલાં દયા, શાંતિ, ક્ષમા અને પવિત્રતા મેં ઓળખ્યાં નહીં. હે ભગવાન હું ભૂલ્યો, આથડયો, રઝળ્યો, અને અનંત સંસારની વિટમ્બનામાં પડયો છું. હું પાપી છું. હું બહું મદોન્મત અને કર્મરજથી કરીને મલિન છું. હે પરમાત્મા તમારાં કહેલાં તત્ત્વ વિના મારો મોક્ષ નથી. હું નિરંતર પ્રપંચમાં પડયો છું. અજ્ઞાનથી અંધ થયો છું, મારામાં વિવેક શકિત નથી. અને હું મૂઢ છું. હુ નિરાશ્રિત છું અનાથ છું. નિરાગી પરમાત્મા હું હવે તમારું તમારા ધર્મનું અને તમારા મુનિનું શરણ ગ્રહું છું. મારા અપરાધ ક્ષય થઈ હું તે સર્વ પાપથી મુકત થઉં એ મારી અભિલાષા છે. આગળ કરેલાં પાપોનો હું હવે પશ્ચાત્તાપ કરું છું. જેમ જેમ હું સૂક્ષ્મ વિચારથી ઊંડો ઊતરું છું તેમ તેમ તમારા તત્ત્વના ચમત્કારો મારા સ્વરૂપનો પ્રકાશ કરે છે. તેમ નિરાગી, નિર્વિકારી સચ્ચિદાનંદ સ્વરૂપ, સહજાનંદી, અનંતજ્ઞાની, અનંત દર્શી અને ત્રૈલોકપ્રકાશક છો હું માત્ર મારા હિતને અર્થે તમારી સાક્ષીએ સક્ષા ચાહું છું. એક પળ પણ તમારાં કહેલાં તત્ત્વની શંકા ન થાય, તમારા કહેલા રસ્તામાં અહોરાત્ર હું રહું, એ જ મારી આકાંક્ષા અને વૃત્તિ થાઓ હે સર્વજ્ઞ ભગવાન તમને હું વિશેષ શું કહું ? તમારાથી કંઈ અજાણ્યું નથી માત્ર પશ્ચાત્તાપથી હું કર્મજન્ય પાપની ક્ષમા ઈચ્છું છું.

*ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ*

વીતરાગનો કહેલો પરમ શાંત રસમય ધર્મ પૂર્ણ સત્ય છે, એવો નિશ્ચય રાખવો, જીવના અનધિકારીપણાને લીધે તથા સત્પુરુષના યોગ વિના સમજાતું નથી, તો પણ તેના જેવું જીવને સંસાર રોગ મટાડવાને બીજું કોઈ પૂર્ણ હિતકારી ઔષધ નથી, એવું વારંવાર ચિંતવન કરવું.

આ પરમ તત્ત્વ છે, તેનો મને સદાય નિશ્ચય રહો, એ
યથાર્થ સ્વરૂપ મારા હૃદયને વિષે પ્રકાશ કરો, અને જન્મ
મરણાદિ બંધનથી અત્યંત નિવૃત્તિ થાઓ નિવૃત્તિ થાઓ !!

હે જીવ આ કલેશરૂપ સંસાર થકી, વિરામ પામ, વિરામ
પામ, કાંઈક વિચાર, પ્રમાદ છોડી જાગૃત થા ! જાગૃત થા !!
નહીં તો રત્નચિંતામણિ જેવો આ મનુષ્યદેહ નિષ્ફળ જશે.
હે જીવ ! હવે તારે સત્પુરુષની આજ્ઞા નિશ્ચય ઉપાસવા યોગ્ય છે.
ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

હે કામ ! હે માન ! હે સંગઉદય !
હે વચનવર્ગણા ! હે મોહ ! હે મોહદયા !
હે શિથિલતા ! તમે શા માટે અંતરાય કરો છો ?
પરમ અનુગ્રહ કરીને હવે અનુકૂળ થાઓ ! અનુકૂળ થાઓ !

## વંદન તથા પ્રણિપાતસ્તુતિ

### પદ – ૧૯૯

અહો અહો શ્રી સદ્‌ગુરુ, કરુણાસિંધુ અપાર,
આ પામર પર પ્રભુ કર્યો, અહો ! અહો ! ઉપકાર,

શું પ્રભુ ચરણ કને ધરું, આત્માથી સૌ હીન,
તે તો પ્રભુએ આપીઓ, વર્તુ ચરણાધીન,
આ દેહાદિ આજથી, વર્તો પ્રભુ આધીન,
દાસ, દાસ હું દાસ છું, આપ પ્રભુનો દીન,
ષટ્ સ્થાનક સમજાવીને, ભિન્ન બતાવ્યો આપ,
મ્યાન થકી તરવારવત્, એ ઉપકાર અમાપ,
જે સ્વરૂપ સમજયા વિના, પામ્યો દુઃખ અનંત,
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્ગુરુ ભગવંત,
પરમ પુરુષ પ્રભુ સદ્ગુરુ, પરમજ્ઞાન સુખધામ;
જેણે આપ્યું ભાન નિજ, તેને સદા પ્રણામ,
દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત,
તે જ્ઞાનીના ચરણમાં, હો વંદન અગણિત,

— સાર —

પદ – ૨૦૦

હે પરમકૃપાળુ દેવ જન્મ જરા, મરણાદિ સર્વ દુઃખોનો અત્યંત ક્ષય કરનારો એવો વીતરાગ પુરુષનો મૂળધર્મ (માર્ગ) આપ શ્રીમદે અનંતકૃપા કરી મને આપ્યો, તે અનંત ઉપકારનો પ્રતિઉપકાર વાળવા હું સર્વથા અસમર્થ છું. વળી આપ શ્રીમત્ કંઈ પણ લેવાને સર્વથા નિઃસ્પૃહ છો, જેથી હું મન, વચન, કાયાની એકાગ્રતાથી આપના ચરણારવિંદમાં નમસ્કાર કરું છું. આપની પરમ ભકિત અને વીતરાગ પુરુષના મૂળધર્મની ઉપાસના મારા હૃદયને વિષે ભવપર્યંત અખંડ જાગૃત રહો એટલું માગુ છું તે સફળ થાઓ.

*ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ*

## રાગ – અકેલી

### પદ – ૨૦૧

હાંરે તમે સુણો દિનાનાથ દયાળ અકેલી કયોં રહું
લોક બેગાના મેં દુ:ખી રે વાલો ગયો રે અકેલી મેલી.
દિલ તલસે રે દારા કો, હાંરે માહે તનમાં તાલાવેલી........એકલી.....૧
કઠણ કસોટી ખલક કી રે વાલો કાયર સબ પરિવાર
હેતે સંદેશો મોકલ્યો હાંરે વાલા નહીં કાંઈ આવનહાર........એકલી.....૨
પાલવ બિછાવું પ્રેમ કો રે, તમો સુણો ત્રિભુવન પ્રતિપાળ
ગુણ અવગુણ માહે મત ઘરો હાંરે મોહે મૃત્યુ સે લીજો ઉગાર..એકલી....૩
અંતરગત આતુર ભયે રે વાલો વ્રેહની કરે પુકાર
જન નામદેવ સ્વામી વિનતિ હાંરે તમે સુણજો સરજનહાર....એકલી....૪

## રાગ – માલી ગોડો

ઉદા ધર્મ ભજન સાગર
પૃષ્ઠ-૨૪૪

### પદ – ૨૦૨

નહિ ચારુ નહિ ચારુ મોરી માત નવલખ નહિ ચારુ.
હાં રે સાથે મોકલો બડીભદ્રભાઈ નવલખ નહિ ચારુ.
ચારો ચરીને તત્પર થાઈ, સીંગ માંડીને સામી થાય
વારવા જાઉં ત્યારે મારવા ધાય, પેલી કાળી કમઠણ ગાય....નવલખ....૧
ઝરમર ઝરમર મેહુલો વરસે નદીએ ભરાયા હો નીર રે
જમનાજીનો અઘરો ઓવારો, ત્યાં તો તાણી ગયાની બીક...નવલખ....૨
વ્રન્દાવનના વન ઝાઝેરા, વનમાં મોટા મોટા હો ચક્ર રે
ફેણ માંડી નાગ હો ફુંફવે રે, હાંરે ત્યાં તો બહુ બીહાવે સાપ..નવલખ....૩
પુત્ર રે કેરા વચન સુણીને માતા કહે સુણી હો કાન રે
પેંસી પાતાળે વાલે કાળી નાગ નાથ્યો, હાંરે વાલા કોણ હતુ તારી સાથ
....નવલખ....૪

માતા રે કેરા વચન સુણીને રાઘવ ઉતરી હો રીસ રે,
ભીમનો રે ઠાકોર નવલખ ચારે, હાંરે વાલે ગેડી ઘરી જુગદીશ
....નવલખ....૫

# રાગ – બિહાગ

પદ – ૨૦૩

હરિ પે રે હાં હાં હાં હરિ પે ચક્ર ન ઘરાવું
જો જો હરિ પે ચક્ર ન ઘરાવું.
લાજે રે ગંગા જનુની મોરી
સંતનું સુત ન કહાવું..............................જો જો હરિ પે...૧
કંચન સ્તંભ મહારથી જીતુ કપિધ્વજ સહિત ઉડાઉ હું
પાંડવ સહિત સમેત સંહારુ સોણિત સરિતા વહાવું........જો જો હરિ પે...૨
જો ન કરું તો સપથ શ્યામ કો, ક્ષત્રિ કુળ ન કહાવું
તુલસીદાસ પ્રભુ અપને સખા કો, જીવત મુખ ન દેખાડું..જો જો હરિ પે...૩

# કરમની રેખા

પદ – ૨૦૪

હાંરે તમે જુઓ રે કરમની રેખા, લખ્યા નવ ચૂકે રે
હાં રે એ તો વિધાતા કેરા લેખ, લખ્યા નવ ચૂકે રે
રાજસુયજ્ઞ જેણે માંડીયો, તેડયા દેશોના ભૂપ રે
ગુપ્ત રહેવા ના હો કારણે રે, રાયે લીધું કીક રૂપ.....લખ્યા નવ ચૂકે રે....૧
પાંડવે વન જેણે દહન કર્યાં, કૃષ્ણ હતા જેની સાથ રે,
તે અર્જુન વ્યંઢળ થઈ બેઠો, કંકણ પહેરયા હાથ.......લખ્યા નવ ચૂકે રે....૨
નીકુળ મસાણી થઈને રહ્યા છે, સહદેવ ચારે ગાય રે
ઉદર કેરે હો કારણે રે, ભીમ રસોઈઓ થાય.........લખ્યા નવ ચૂકે રે....૩
પાંચાળી દાસી થઈને રહ્યા છે, સર્વ સતીઓમાં શ્રેષ્ઠ રે,
કરજોડીને ભાલણ કહે છે, એ તો વિઘાતા કેરા લેખ..લખ્યા નવ ચૂકે રે....૪

# કૃષ્ણ જન્મનું પદ

રાગ – ઘોળ

પદ – ૨૦૫

(૧)

પ્રગટે શ્રી કૃષ્ણ મોરાર ભગત હીત કારણે
મથુરા લીધો અવતાર ગોકુળ ઝુલે પારણે.........૧
તિથિ અષ્ટમીને બુધવાર શ્રાવન વદકી હરિ
રોહિણી નક્ષત્ર અર્ધરાત જન્મ લીયો શુભ ઘડી....૨
ધન્ય દેવકીજી વાસુદેવ તહાં હરી અવતરે
ધન્ય જશોદા બાવાનંદ મહેર કરી પગ ધરે.........૩
તહાં પુરમેં ભયો હે આનંદ સુરીનર જૈ જૈ કરે
દુદુંભિ બાજત નિસાન પુષ્પ વૃષ્ટિ કરે.............૪
બ્રીજવાસી કર કળસ ગોરસ સબ લાહવી
દધી કાદવ નંદને દ્વાર સૌ કીચ મચા વહી..........૫
વાજત તાલ મૃદંગ ચંગા વેણ વાંસળી
નાચત ગોપ ગોવાળ ગોવિંદ ગુણ ગાહવી..........૬
જશોમતી ચીર પહેરાય સો નવરંગ ગોવાલણી
સુંદર વદન વીલોકી ચકિત થઈ ભામીની..........૭
શંકર ધરત હી ધ્યાન સો ગોદ ખેલાવહી
બ્રહ્મા વાચંત વેદ સો પારણે ઝુલાવહી............૮
શ્રી બળિભદ્રજી કે વીર અસુર કુળ ખંડના
ભકત વત્સલ પ્રતિપાળ જાદવકુળ મંડના..........૯
શ્રી પતિ શેષ ગણેશ શારદા ગુણ ઓચરે
સૌ મુખ ચુંબન જશોદા મોહિત સોઆનંદ કરે......૧૦
શ્રી નંદલાલ ગોપાળ ચરણ ચીત લાવહી
હરિજન મંગલ રૂપ ગોવિંદ ગુણ ગાવહી...........૧૧

## પદ – ૨૦૬
## (૨)

આજ સખી અષ્ટમીને બુધવાર રે
        પ્રગટયા શ્રી પુરાષોત્તમ પ્રાણાધાર રે...........૧
પહેરો બેની શોભિતા શણગાર રે
        જાવું છે નંદતણે દરબાર રે......................૨
નંદજીના ભાગ્ય તણો નહીં પાર રે
        ધન્ય ધન્ય માતા જશોદા માળી રે..............૩
પુત્રના તો શ્રીમુખ નીરખો છો દહાડી રે
        એવા તો પુત્ર જનમીને સુખ દીધા રે............૪
વિપ્રને તો દાન ઘણાં એક કીધા રે
        ત્યાં તો કોઈ તરીયા તોરણ બંધાવો રે...........૫
વાલાજીને વિવેકે વધાવો રે
એવી છે દાસ હરિ ભટ્ટની વાણી રે
        તેને તમે હૃદયમાં રાખોને આણી રે.............૬

## પદ – ૨૦૭

અખંડ સાહેબજીકો નામ, ઓર સબ ખંડ હે,
ખંડિત મેરુ સુમેરુ, ખંડિત બ્રહ્માંડ હે......................૧
તીરથ વ્રત ધન ધામ, માય સબ દ્વંદ્વ હે;
લખ રે ચોરાસીકો જીવ, પડયો જમ ફંદ હે...............૨
જેને સાહેબસુ હેત, સોહી નિરબંધ હે;
જેને સંતનકો સંગ, સદા આનંદ હે......................૩
ચંચળ મન થીર રાખ્ય, વાહી ભલ રંગ હે;
ઉલટ નિકટ ભરી પીવે તો, અમૃત ગંગ હે...............૪
દયા ભાવ ઘટ રાખ્ય, ભકિતકો અંગ હે;
કહે કબીર ચીત ચેત્ય, જગત પતંગ હે...................૫

### પદ – ૨૦૮

સંત પધાર્યા સજની રે, તું થાને વહેલી;
અમૃતના ઘન વરસ્યા રે, આનંદની એહેલી.............૧
સંત ચરણની રજમાં રે; સજની જઈ લોટો;
અટસઠ તીરથ આવ્યાં રે, આ અવસર છે મોટો.........૨
કોઈ કામ નહીં આવે રે, કાચી છે કાયા;
ધંધો કરતાં ઢલસો રે, મૂકી દો માયા..................૩
શબ્દ ગુરુના સાચા રે, જઈ ઉરમાં લાગ્યા;
માયા મોહ નિંદ્રાથી રે, ઝબકીને જાગ્યા................૪
જાગ્યો જગત ન દીસે રે, તેનો સંશય ભાગ્યો,
તનના પડદા તૂટયા રે, અનુભવ થઈ લાગ્યા..........૫
અગમ અગોચર જોગી રે, કોઈ એક જાણે
સાહેબ કબીરના પદને રે, કોઈ વિરલા માણે...........૬

## પ્રીતમદાસની પરચરી

### પદ – ૨૦૯

અરે મૂઢ તું પામર પ્રાણી, ગુરુ સાહેબ કી કદર ના જાણી.........૧
જીને આ જગત બંદુસે કીનો, વાકો નામ ઘડી નહીં લીનો.........૨
પરમારથ ચીન્યો નહીં પાપી, જીને આ દેહ અમૂલખ આપી.........૩
જતન કરી જઠરામાં રાખ્યો, ઉપર અંતર પિછોડો નાખ્યો.........૪
નૈન નાસિકા શ્રવણ બનાયા, હાથ પાવ સુંદર છબી લાયા.........૫
રચના રચી બહોત તેરી કાયા, કરી કનકસી તેરી કાયા.........૬
નાથે રક્ષા કરી નવ માસા, કરડી' કરમ નરક નિવાસા.........૭
પીડા બહોત ભઈ જબ પ્રાણી, ગર્ભ ગ્યાન ઘટ ભીતર આણી.........૮
અરે નાથ ઉગારો મોહી, નિમેસ ભજન ભૂલુ નહીં તોહિ.........૯
કરું બંદગી કરુણા કીજે, અબકી બેર ઉગારી લીજે.........૧૦
ઘડી ઘડીકા ગુન્હા હમારા, સો તુમ બકસો સરજણહારા.........૧૧
કુડકપટ અબ કરું ના કાંઈ, શ્વાસો શ્વાસ સંભાળુ સાંઈ.........૧૨

પરનિંદા પરધન પરદારા, ઉનકો સંગ તજુ સંસારા..........૧૩
જો છૂટુ તો હરિગુણ ગાઉં, કરું ભજન ગર્ભવાસ ના આઉં.........૧૪
અરજ સુણી જબ અંતરજામી, સંકટ સબે નિવાર્યો સ્વામી..........૧૫
બાંદ્યગ્રહી જબ બાહેર આયો, બહોત બહોત પ્રાણી પસ્તાયો..........૧૬
ગ્યાન ધ્યાન હીરદેસે ખોયા, ગયા ગ્યાન જબ બાળક રોયા..........૧૭
અબ સંસારકી લાગી માયા, ખબર નહીં મેં કાંસે આયા..........૧૮
માત પિતા મલી લાડ લડાવે, સગા સ્નેહી દેખન આવે.........૧૯
જતન જતન કરી બહોત ઝુલાવે, બહુ વિધિ માયા ભરમાવે.........૨૦
નૈન નીરખે નિત્ય નવડાવે, હરિકથા બીન આન શીખાવે..........૨૧
ભયો બરસ જબહી દશ બારા, માન ગુમાન ભયો અહંકારા..........૨૨
જોબન કેફ ભયો મદભારી, તબ લાયો એક સુંદર નારી.........૨૩
વનિતા સંગે રંગે રહેવે, હરિકથા તો મુખ ના કહેવે.........૨૪
દેખ હરિજન હાંસી આવે, તુળસી તિલક નાક ના આવે.........૨૫
પેટ ભરે જેમ પશુ સમાના, વિષયભોગ ભોગવે નાના.........૨૬
અલ્પ સુખમાં કરે આનંદા, જૂઠા લોભ લગાયા ધંધા................૨૭
જૂઠી રચી જગતકી બાજી, રંગ પતંગ ભયો મન રાજી...............૨૮
ખૂબી ખેલ કરે અરુ ગાવે, સુપનામાં રઘુનાથ ના આવે...............૨૯
નારાયણકો નામ ના લેવે, પરમારથ કોડી નવ દેવે.................૩૦
ભયો વરસ આઠ સીતેર જબ લાગી, તાથે વિષય તૃષ્ણા ના ભાગી....૩૧
ગળે નાસિકા નૈન ન સૂજે, ધારણ ધરણી થરથર ધ્રૂજે...............૩૨
એસી અવસ્થા થઈ આ તનકી, તોય મમતા મીટે ન મનકી...........૩૩
શિરપર સાહેબ હે સુખદાઈ, કરમ કાળ દો રહે સિપાઈ..............૩૪
અવધ ભઈ જબ દોડે આવે કંઠે પ્રાણકુ અટકાવે....................૩૫
કયું ગાફેલ ગફલતમે ફરતા, હરિકા નામ હીરદે નહીં ધરતા.........૩૬
માયા મોહમાં મૂરખ મોહ્યો, રતન પદારથ જન્મ વગોવ્યો...........૩૭
ભરતખંડમાં દીપક એહી, વામાં ઉત્તમ હે નર દેહી................૩૮
સો તુમ સમજયા નહીં સવેરા, કેસા ગુન્હા નિવારુ તેરા.............૩૯
દીનકર નંદન બહુ દુઃખ દીના, બાંદ્ય પકડ જમપુરી લેના..........૪૦

ઘર્મરાયકે આગે લાયે, પૂછે પ્રાણી કાહા કમાયે..................૪૧
પુણ્ય પાપકા કીયા વિચારા, પુણ્ય નહીં કછુ અંગ ઉઘારા.........૪૨
વા પ્રાણીકુ વાર ન કીજે, પકડ ડંડ પ્રાણીકુ દીજે................૪૩
મેરે મુખ આગળ મત રાખો, કંભીપાક નરકમાં નાખો...........૪૪
રોમ રોમ વીછુ તન તોડે, કુંભી નરકસે કોઈ નવ છોડે...........૪૫
કરમ ભોગવી બાહેર કાડયો, પશુ પંખી અવતારમાં પાડયો......૪૬
દિનમાં જનમ ઘરે દશ બારા, ભકિત વિના નાહીં નિસ્તારા......૪૭
ભકિત કરે તો ભવ દુ:ખ ભાગે, દીનકા નંદન દાન ના માગે.....૪૮
ભકત વિના સુઘ કામ ના હોઈ, સંત કૃપા વિના તરે ના કોઈ.....૪૯
પતિતપાવન ગુરુ ગોવિંદા, ઉનકે સંગ સદા આનંદા.............૫૦
કહે પ્રીતમ ગુરુ પરઉપકારી, દીયો ગ્યાન મોહે લીયો ઉગારી......૫૧
શીખે સૂણે સમજ કરી ગાવે, સો પ્રાણી ભવસાગર ના આવે......૫૨

## દાણલીલા

### પદ – ૨૧૦

રાઘા–તમે અજાણ્યા અમે જાણીએ રે,
મારો પાલવડો નવ તાણીએ રે;
તમે સમજી રહો મન માંહ્ય રે,
શામળીયા વહાલા રહો વેગળા રે...તમે વહાલા રહો...૧
શ્રી કૃષ્ણ–નારી શું રે સમજાવે મુજને રે,
હું તો નહીં રે જવા દેઉં તુજને રે;
તારી મરડીને રાખીશ બાંહ્ય રે,
મહિયારી રાઘા દો દાણશું રે..........તમે રાઘા દો....૨
રાઘા–અલ્યા બાંહ્ય શું મરડે વિઠલા રે,
મેં તો તુજ સરખા ઘણા દીઠડા રે;
કપરુ છે કૈંસનું રાજ રે,
શામળીયા વહાલા રહો વેગળા રે...તમે વહાલા રહો...૩

શ્રી કૃષ્ણ–નારી કૈંસ થકી શું થાય છે રે,
એવા કંઈ આવે ને કંઈ જાય છે રે,
તારો ઉરનો ઉતારીશ હાર રે;
મહિયારી રાધા દો દાણ શું ર..........તમે રાધા દો....૪
રાધા–અલ્યા હાર હૈયાનો તૂટશે રે,
મારી મહીની મટુકી ફૂટશે રે,
ઘેર સાસુડી દેશે ગાળ રે,
શામળીયા વહાલા રહો વેગળારે..............તમે વહાલા રહો...પ
શ્રી કૃષ્ણ–નારી ગાળ ને આળ તે નહીં ચડે રે,
જેહેનું લહેણું હોય તે તો લડે રે;
એમ દાણ મેલ્યાં કેમ જાય રે,
મહિયારી રાધા દો દાણ શું રે..........તમે રાધા દો....૬
રાધા–અલ્યા દાણી કહાવે તું ક્યારનો રે,
મથુરામાંથી ગોકુલ આવીયો રે;
ચારી નંદ તણે ઘેર ગાય રે,
શામળીયા વહાલા રહો વેગળા રે....તમે વહાલા રહો...૭
શ્રી કૃષ્ણ–નારી ગાયો ચાર્યામાં શી લાજ છે રે,
એ તો પોત પોતાનું કાજ છે રે;
એનાં મ્હેણલીયાં નવ હોય રે,
મહિયારી રાધા દો દાણશું રે...........તમે રાધા દો....૮
રાધા–અલ્યા મેણાં માણસને લાગે ઘણાં રે,
સુણો વઢતાં હોય જયાં બે જણા રે,
તું ને નિર્લજને નહીં લાજ રે,
શામળીયા વહાલા રહો વેગળા રે....તમે વહાલા રહો...૯
શ્રી કૃષ્ણ–નારી લાજે ને કાજ નવ સરે રે,
અહીંયા બીક તે તું કોની ઘરે રે;
આવ મળીએ આપણ જણ બેય રે,
મહિયારી રાધા દો દાણ શું રે.........તમે રાધા દો....૧૦

રાધા—એવું નિર્લજ ના બોલો શામળા રે,
તારા કરના ઉતારીશ આમળા રે;
મૂકો મૂકોને હમારો હાથ રે,
શામળીયા વહાલા રહો વેગળા રે....તમે વહાલા રહો...૧૧
શ્રી કૃષ્ણ—નારી હાથ ન મેહેલું તાહરો રે,
અહીંયા અમલ ચાલે માહ્યરો રે;
માટે દાણના દોકડા મેલ રે,
મહિયારી રાધા દો દાણ શું રે.........તમે રાધા દો....૧૨
રાધા—અલ્યા નંદબાવાનો તું છોકરો રે,
તારી પાસે નથી પૈસો રોકડો રે,
તને આવડો ગુમાન કેમ હોય રે;
શામળીયા વહાલા રહો વેગળા રે....તમે વહાલા રહો...૧૩
શ્રી કૃષ્ણ—તું તો ભ્રખુભાણની છોકરી રે,
તારી પાસે નથી પાઈ રોકડી રે;
તને આવડો ગુમાન કેમ હોય રે,
મહિયારી રાધા આલો દાણ શું રે.......તમે રાધા દો....૧૪
રાધા—હું તો વિનંતી કરું છું કયારની રે,
સ્વામી રુઘનાથ હારી તમ થકી રે;
મારે મહીના દાણના હોય રે,
શામળીયા વ્હાલા રહો વેગળા રે....તમે વહાલા રહો...૧૫

## આદ

### પદ – ૨૧૧

હરિ પરબ્રહ્મ તમો તો શિયલ ઘણી એ ।
કરો દીન ઉપર દયા અતિ ઘણી એ ॥ ૧ ॥
તમો સમરથ નાથ વૈકુણઠરાય એ ।
તમો ફેડિયો દાનવ તણો ઠામ એ ॥ ૨ ॥
તમો દૈત્ય સંઘારીને દેવ સ્થાપ્યા એ ।
તમો ભકત પ્રહ્લાદના બંધ કાપ્યા એ ॥ ૩ ॥

હણ્યો નરકદાનવ હરિયે ચક્ર ઘાયે એ।
છૂટી રાજકુમારી સહુ તમો પસાય એ ॥ ૪ ॥
હરિ તમો પસાયે સહુ દેવનારી એ।
સુખ ભોગવે રાજ દાનવ નિવારી એ ॥ ૫ ॥
તમો ગ્રાહના કુષ્ટ માતંગ છોડયા એ।
ધ્રુવજી અપર માતનો પરિભાવ મોડયો એ ॥ ૬ ॥
મહા કુષ્ટ જલ બૂંડતાં હરિ ઓઘારો રે।
મુજ ઓઘરિ પરબ્રહ્મ તમો સીધારો રે ॥ ૭ ॥
હું તો ભકિતભાવે સ્તવું એક સ્વામી એ।
જગન્નાથના ચરણનું શરણ પામી એ ॥ ૮ ॥

વલણ

ઓઘરી દેવદયાલ ના એક । ભકત વત્સલ સૂ કરી ॥
બ્રહ્મા શંકર નહિ જહિએ । સૃષ્ટસું સચરાચરી ॥ ૧ ॥
વિશ્વ કરતા વિશ્વ હરતા । નાથ પરમાનંદ ॥
વાસુદેવ મુકુન્દ ગરુઆ । કૃષ્ણ હરિ ગોવિંદ ॥ ૨ ॥

## દશ અવતારની આરતી

પદ – ૨૧૨

જય જાદવ રાયા શ્રી માધવ રાયા
આરતી કરીએ કરુણાનંદન વામે નીજ માયા.............જય દેવ
પ્રથમ મચ્છ તણો અવતાર, માર્યો શંખાશુર પાપી
ચતુરાનદ દેવ, વેદ વિપ્રોને આપી.......................જય દેવ
બીજે સૂર અને અસૂર મળીયા સાગર મથવાને–કાજે
વાસા પર વાર્યો વિંધ્યાચળ, કુર્મ મહારાજે.................જય દેવ
ત્રીજે વરાહ રૂપ, દમતો પૃથ્વીને પાપી
દાઢ ગ્રહી લાવ્યા વારાસૂર, અવનિ સ્થિર કરી સ્થાપી......જય દેવ

ચોથે નરસિંહ રૂપ, ભકત પોતાનો જાણી
નખે કરી સંહાર્યા નરહર, લક્ષ્મીજીના સ્વામી.............જય દેવ
પાચમે અતિ બળિયો બળદેવ, સુરપતિઓ ચાંપે
વામન રૂપ ધર્યું મહરાજે, બળીને પાતાળે ચાંપે............જય દેવ
છઠ્ઠે પરશુરામ, ફરસી હાથોમાં ઝાલી
સહસ્ર અર્જુન મારી, પૃથ્વી નક્ષત્રી કીધી.................જય દેવ
સાતમે રઘુવંશી અવતાર આનંદ કૌશલ્યા પામી
પંચવટીમાં વસિયા રાઘવ, સીતાના સ્વામી...............જય દેવ
આઠમે કૃષ્ણ તણો અવતાર, કૃષ્ણે ગોકુળ ગૌચારી
રાખ્યા ગોપી ગોવાલા, ગોવર્ધન ધારી...................જય દેવ
નવમે બુદ્ધ તણો અવતાર, ભાર પૃથ્વી પર વધ્યો
ધ્યાન ધરી બેઠા ધરણી ધર, યોગ જુગ તે સાધ્યો.............જય દેવ
દસમે કલંકી અવતાર, પૃથ્વી ન કલંકી કરશો
મલેચ્છ ને મારી રાઘવજી, સેવકને સુખદેશો..............જય દેવ
દશ અવતારની આરતી, જે કોઈ ભાવધરી ગાશે
ભણે શિવાનંદ સ્વામી, વૈકુંઠે જાશે......................જય દેવ

## બજરંગની આરતી

### પદ – ૨૧૩

જય બજરંગ બાલા પ્રભુ, જય બજરંગ બાલા
વાયુ કેરા પુત્ર, અંજની કેરા પુત્ર
અંગે અંગ રાતા.......જય બજરંગ
તેલ ચઢે સિંદુર ફુલડાની માળા, અડદ ચઢે આનદે
હરિજન ગુણ ગાતા.......જય બજરંગ
તમો સેવક શ્રી રામના પ્રભુ લંકાપુર ચાલ્યા
સમુદ્ર બાંધી પાર સીતા શોધ લાવ્યા.......જય બજરંગ
બજરંગ બાલાની આરતી જે કોઈ ભાવધરી ગાશે
ભણે શિવાનંદ સ્વામી સુખ સંપત્તિ થાશે......જય બજરંગ.

# ૐ ગીતા – સાર ૐ

ક્યોં વ્યર્થ ચિન્તા કરતે હો ? કિસસે વ્યર્થ ડરતે હો ? કૌન તુમ્હે માર સકતા હૈ ? આત્મા ન પૈદા હોતી હૈ, ન મરતી હૈ.

જો હુઆ વહ અચ્છા હુઆ. જો હો રહા હૈ વહ અચ્છા હો રહા હૈ. જો હોગા, વહ ભી અચ્છા હી હોગા, તુમ ભૂત કા પશ્ચાતાપ ન કરો. વર્તમાન ચલ રહા હૈ. ભવિષ્ય કી ચિન્તા ન કરો.

તુમ્હારા ક્યા ગયા, જો તુમ રોતે હો, તુમ ક્યા લાયે થે, જો તુમને ખો દિયા ? તુમને ક્યા પૈદા કિયા થા, જો નાશ હો ગયા ? ન તુમ કુછ લેકર આયે. જો લિયા યહીં સે લિયા. જો દિયા, યહી પર દિયા, જો લિયા ઈસી (ભગવાન) સે લિયા. જો દિયા, ઈસી કો દિયા. ખાલી હાથ આયે, ખાલી હાથ ચલે. જો આ તુમ્હારા હૈ, કલ કિસી ઔર કા થા, પરસોં કિસી ઔર કા હોગા. તુમ ઈસે અપના સમજ કર મગ્ન હો રહે હો. બસ રહી પ્રસન્નતા તુમ્હારે દુ:ખોં કા કારણ હૈ.

પરિવર્તન સંસાર કા નિયમ હૈ. જિસે તુમ મૃત્યુ સમજતે હો વહી તો જીવન હૈ. એક ક્ષણમેં તુમ કરોડોં કે સ્વામી બન જાતે હો, દુસરે હી ક્ષણ મેં તુમ દરિદ્ર હો જાતે હો. મેરા–તેરા, છોટા–બડા, અપના–પરાયા, મન સે મિટા દો, વિચાર સે હટા દો, ફિર સબ તુમ્હારા હૈ, તુમ સબકે હો.

ન યહ શરીર તુમ્હારા હૈ ન ઈસ શરીર કે હો. યહ અગ્નિ, જલ, વાયુ, પૃથ્વી, આકાશ સે બના હૈ ઔર ઈસી મેં મિલ જાયેગા. પરંતુ આત્મા સ્થિર હૈ, ફિર તુમ ક્યા હો.

તુમ અપને આપકો ભગવાન કે પ્રતિ અર્પિત કરો. યહ સબસે ઉત્તમ સહારા હૈ. જો ઈસકે સહારે કો જાનતા હૈ, વહ ભય, ચિન્તા, શોક સે સર્વદા મુકત હૈ જો કુછ ભી તુમ કરતે હો, ઉસે ભગવાન કો અર્પણ કરતે ચલો. એસા કરને સે તુમ સદા જીવન મુક્ત કા આનંદ અનુભવ કરોગે.

■ રોનક પ્રિન્ટર્સ, બારડોલી. ફોન (૦૨૬૨૨) ૨૧૦૮૫ ■